# આગમની સરગમ




સંપાદક :
આ. શ્રી હેમચન્દ્રસાગરસૂરિજી

પ્રકાશક :
આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
અમદાવાદ.

cm/apro/ 26102007



## સંદેશ

ભારતવર્ષમાં અનેક ધર્મો, અનેક સંપ્રદાયો હોવા છતાં વિવિધતામાં એકતા જોવા મળે છે. આ દરેક ધર્મો અને સંપ્રદાયોનું અંતિમ લક્ષ્ય તો એક જ છે - અને તે છે ભારત અને વિશ્વભરની માનવજાતમાં રહેલી ધાર્મિક આસ્થા અને શ્રધ્ધાને દૃઢ કરવાનું, તેનું સંવર્ધન કરવાનું.

**નવાગામ ઢાળ (ભાવનગર)** ખાતેના જૈન આર્યતીર્થ શ્રી અયોધ્યાપુરમ્ દ્વારા **'આગમની સરગમ'** પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે તે હર્ષની વાત છે. આ પુસ્તક દ્વારા જૈન સમાજના લોકો ઉપરાંત જૈનેતરોને પણ આગમના ગ્રંથોની જાણકારી ઉપલબ્ધ થશે તેવી અપેક્ષા રાખું છું.

પુસ્તકના પ્રકાશનમાં સહભાગી થનાર સૌને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવું છું.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

પ્રતિ,
**શ્રી મુ. કા. શાહ,**
જૈન આર્યતીર્થ શ્રી અયોધ્યાપુરમ્,
નવાગામ ઢાળ, તા. વલ્લભીપુર,
(અમદાવાદ પાલીતાણા હાઈવે)
જિ. ભાવનગર.

**નરેન્દ્ર મોદી**
**મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય**

# આગમની સરગમ

(ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ એક હજાર વર્ષ સુધીમાં
આયોજિત છ-છ આગમ-વાચનાઓની તથા પૂજ્ય આગમોદ્ધારક
શ્રી આનંદસાગરસૂરી મ.ની વાચનાઓની સંક્ષિપ્ત માહિતી
તથા પિસ્તાળીસ આગમનો સંક્ષિપ્ત પરિચય)

**: પ્રેરક :**

પૂજ્ય પ્રવચન-પ્રભાવક આચાર્યદેવ
શ્રી જિનચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
શ્રી હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.
(બંધુ-બેલડી)

**: સંપાદક :**

પૂજ્ય આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી મ. તથા
પં. શ્રી ધનંજય જે. જૈન (પ્રેમકેતુ)

**પ્રકાશક :**

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન

## શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન

**પ્રાપ્તિસ્થાન**

★ **પરેશ જે. શાહ**
જય ઓમ અમ્બિકા સોસા., દેવચંદનગર
મલાડ (પૂ.), મુંબઈ ફોન : ૨૮૭૭૮૫૧૬

★ **રાકેશભાઈ આર. શાહ**
એ-૧૦૩, સુક્તિ ફ્લેટ્સ, સોનલ ચાર રસ્તા
ગુરુકુલ રોડ, અમદાવાદ ફોન : ૨૭૪૮૯૦૮૧

★ **જિજ્ઞેશભાઈ શાહ (માંડલવાલા)**
સુનીતા એપાર્ટ., એની બેસન્ટ હોલ પાસે
હિન્દુ મિલન મંદિર, સોની ફળિયા, સુરત

★ **સુમેરુ - નવકારતીર્થ**
પો. મિયાંગામ, તા. કરજણ, જિ. વડોદરા

★ **જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ્**
પો. નવાગામ, તા. વલભીપુર, જિ. ભાવનગર

**પ્રથમ આવૃત્તિ** : સં. ૨૦૬૪

**મૂલ્ય** : રૂ. ૧૦૦-૦૦

**મુદ્રક** : **પ્રિન્ટ વિઝન પ્રા. લિ.**
પ્રિન્ટ વિઝન હાઉસ
આંબાવાડી બજાર, અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : ૨૬૪૦૫૨૦૦, ૨૬૪૦૩૩૨૦

## સમર્પણ ; એક જાજરમાન જીવનયાત્રાને...

હિમાલયના કૈલાસ શિખરને સર કરવા આખેઆખી જિંદગી લાગી જાય. આ શિખરને સર કરે તે મહાપુરુષ. સતત અને સખત પરિશ્રમ અને ચિંતનના સહારે સહારે મહાપુરુષો ઊંચાઈએ ચડતાં આવતાં આક્રમણો/ઉપદ્રવો ખાળે છે.

જે ઊંચાઈને સર કરતાં, શિખર પર પગ મૂકતાં જિંદગીની જિંદગી વીતી જાય એ ઊર્ધ્વયાત્રાનું વર્ણન શું સહેલાઈથી થઈ જાય એમ! નહિ જ અને ભલે હોય કપરું? પણ કર્યા વગર રહેવાય પણ કેમ? જીવનયાત્રાની વર્ણનયાત્રા પણ એક કપરું ચડાણ.

મારા જેવા કાયર મનુજનું કામ નહિ, છતાં પણ કલમના લડખડાતા કદમે આ નાની શી વર્ણનયાત્રા માંડું છું.

જે ઊંચાઈ નજરે ચડી તેટલી હાશ થશે... હોંશ મળશે. ક્યારેક કલમ અને કાળજું અટકી પડે એક જ કારણસર, આમાં ક્યાંક કચાશ છે, ઓછાશ છે. ખેર! કચાશ રાખવી એ જ મારી દરિદ્રતા છે. આવી મહાયાત્રાના યાત્રીઓનો આપણે ત્યાં કોઈ તોટો નથી. આવી મહાયાત્રાઓની પરંપરાના પૂજ્ય પુરુષ એટલે જ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. આવા સઘળાય પૂજ્યો તરફનો આદરભાવ સંસ્કારનું અને જીવનનું અગત્યનું અંગ.

આજે શબ્દો પણ દોડી આવે સ્તુતિ માટે, આદર કાજે... પારકાને વખોડવા જાતને વખાણવા વેડફાયેલા શબ્દો એ તો શબ્દ ભ્રમ.

પારકાને વખાણવા જાતને વખોડવા વપરાયેલા શબ્દો એ તો શબ્દ બ્રહ્મ.

ભ્રમ તરફથી બ્રહ્મ તરફનું પ્રયાણ એ જ આપણો આદર.

આદરની આદરથી શરૂઆત.

ઈતિહાસમાં એક નવું પૃષ્ઠ ઉમેરાયું સહુને સદા સ્મરણીયરૂપે, સદા આદરણીયરૂપે, સદા પૂજનીયરૂપે.

એ સાગરજી હતા.

એ સાગરજી શાસનના થયા હતા.

'હું શાસનનો અને મારું શાસન'નો નાદ જીવનભર હૃદયના ખલમાં ઘૂંટાયો, જીવનની ગુહામાં ગૂંજ્યો.

શાસનને એક જ્ઞાનસંપન્ન-આચારસમૃદ્ધ મહાત્મા મળ્યા. મહાત્માનો પ્રભાવ-પ્રતિભા-પ્રશંસા ચોતરફ પૂરની જેમ ફરી. વળી, સાગરજી મ. એક માણસ ન હતા. એક સંસ્થા ન હતી, પણ સંસ્થાઓનો સમૂહ હતો એમાં કોઈ મીનમેખ નથી. એમની એક-એક ક્ષણ યુગોમાં વિસ્તરી હતી-વિલસી હતી. સાગરજી મ. ઉદાત્ત ભાવનાઓ અને ઉચ્ચ આચારોનો સમુચ્ચય છે. આગમમહા-પ્રદેશના સીમાડે ઊભો એક સશસ્ત્ર સૈનિક છે.

તત્ત્વ-સાહિત્યના અદ્વિતીય સર્જક છે.

જૈનશાસનની ઈમારતનો મોભ છે, મોભો છો.

આદર્શોનું કેન્દ્રસ્થાન છે. સમર્થ શાસ્ત્રકાર છે.

શુદ્ધ વ્યાખ્યાનકાર છે.

સાગરજી મ. માત્ર વર્તમાનકાળના નથી.

એમના જીવનમાં ભૂતકાળની ભવ્યતા પ્રતિબિંબાય છે. એમના જીવનથી ભાવિકાળની મહત્તા અંદાજાય છે.

એમણે તીર્થંકરની વાણીને, આત્મમાત્રના એ હિતમંત્રોને ઉચ્ચારવાનો, જપવાનો.

આગમપંથે ચાલી આપણે વિકાસ ક્રમ નક્કી કરવાનો, ચોમેર શાસનનો વિજય વાવટો ફરકાવવાનો.

એક સાધુ તરીકેનો, આચાર્ય તરીકેનો હક્ક સિદ્ધ કર્યો. કેટલાય વિલક્ષણ-વિશિષ્ટ-વૈજ્ઞાનિક આગમ-પદાર્થો વિદ્વાન વર્ગમાં ફેલાવ્યા એ કોઈનાથી અજાણ નથી. જૈનશાસનના પરમ-પ્રવચનમંત્રોને પેઢી-દર પેઢી માટે મૂર્તિમંત કર્યા.

**"જિનબિંબ જિનાગમભવિયણ કું આધારા."** આ પંક્તિ અને જિન-પ્રવચનના સમન્વય ગાતાં આગમ-મંદિરો આજેય સાગરજી મ.ની કૃપાનાં સાક્ષી છે.

શ્રમણ સંસ્થાના સંયમ દેહમાં સંયમ અને સિદ્ધાન્તનાં જોમ પૂર્યાં. શ્રાવક સમુદાયને સમજદારી-વફાદારી-જવાબદારીથી વીર્યવંત કર્યો.

સમાજશાસન અને સિદ્ધાન્તનું એક પણ પાસું એમનાથી અસ્પૃશ્ય નથી રહ્યું.

વિનય-વિવેક અને વિક્રમ, અહિંસા-સંયમ અને તપ, આજ્ઞા-આદર અને આચાર, સત્ય-સમાધાન અને સમાધિ, શ્રદ્ધા-સ્નેહ અને સમર્પણ સિદ્ધાન્ત સમાચારિ અને સંસ્કૃતિ માત્ર ભાવના થઈને નથી રહ્યાં, પણ જીવનમાં પૂરા ઊતર્યા આમ જોતાં સાગરજી મ. એક અલૌકિક આધ્યાત્મિક વિભૂતિ હતી એવી અનુભૂતિ થયા વિના રહે નહિ.

આ વિભૂતિ ૫૦ વર્ષ પહેલાં સમાધિના મહામાર્ગે પોતાના જીવનની સંપૂર્ણ સફળતાનો સાક્ષાત્કાર કરાવી ગઈ.

શાસનને જ નહિ, આર્ય-સંસ્કૃતિને પણ એક મહાસિદ્ધિ મળી. શાસનના સાગરજી સુરતના સાગરજી-આગમના સાગરજીના નામે. જે આખા દેશમાં વિચરી.

એમના જનમથી કપડવંજ જાજરમાન બન્યું.

એમના વિચરણથી કેટલાય પ્રદેશો પૂજ્ય થયા.

એમના પદાર્પણથી પાલિતાણાની પાવનતા-પ્રસિદ્ધિમાં વેગ મળ્યો. એમના મહામૃત્યુથી સુરત એક સમાધિ તીર્થ બન્યું. આપ ચરણે હૃદયના ભાવથી નાની શી સ્તુતિ અંજલિરૂપે મૂકી અમ સહુને કૃતાર્થ થયાનો ભાસ થયો.

એક જ પ્રાર્થના આપશ્રીએ લખી ને લખી આ મસ્તક ઢાળી.

- હું આપના જેવો ન થાઉં તો કાંઈ નહિ, આપનો તો થાઉં
- સાગરજી ન થાઉં તો કાંઈ નહિ, સાગરજીનો તો થાઉં
- આગમનો પારગામી ન થાઉં તો કાંઈ નહિ, આગમનો પરિચયગામી તો થાઉં.

આપની વર્ણનયાત્રામાં ઘણાં ડગ માંડી શકાય, પણ વધુ લખવાનું મારું ગજુ નહિ-ભેજુ'ય નહિ.

વંદના આપની સમસ્ત યાત્રાના ચરણને.

આ નાનો સો ગ્રંથ આપની યાત્રાને સમર્પણ.

જે આપના કૃપા પ્રસાદને જ આભારી છે.

**"ઇતિ અપૂર્ણમ્"**

## આગમઅરીસો જોવાતાં રે! લોલ

હાથમાં બેદાગ અસ્સલ આરસી હોવા છતાં.

પોતાનું મુખ આરસના લીસ્સા પત્થરમાં જોવાની ચેષ્ટા કરે એને કેવો કહેવો?

મુખનું પ્રતિબિંબ જેટલું આરસી અપનાવી શકે તેટલું તો આરસ હરગિજ ન અપનાવી શકે. આટલી સ્પષ્ટ વાત હોવા છતાં કેટલાક આરસીના બદલે આરસ પસંદ કરતાં હોય છે. એમાં લાભની કોઈ શક્યતા નહિ, નુકસાનનો પાર નહિ!

આરસીમાં પ્રતિબિંબ જોવાથી દાગ, અસ્વચ્છતા, મેલ દૂર કરી ચહેરાને બેદાગ-સુસ્વચ્છ અને નિર્મળ બનાવી શકાય છે, જ્યારે આ શક્તિ આરસ પાસે નહિ હોવાથી એ સાચું પ્રતિબિંબ બતાવી શકતો નથી. ઊલટાનું બીજું-ત્રીજું બતાવી ઇન્સાનને ભ્રમણામાં નાખી દે છે અને ભ્રાન્ત વ્યક્તિ ક્યારે પણ સત્ય માર્ગને પામી શકતો નથી, ઉલઝાયા જ કરે, મુરઝાયા જ કરે.

દુનિયાના તખ્તા પર આગમની આરસી પણ છે અને આરસના ટુકડા જેવા બીજા ગ્રંથો પણ છે...! એ ગ્રંથોને જોતાં એમ લાગી આવે કે જીવની શિવગતિ હાથવગી છે. થોડા જ પ્રયત્ને પહોંચી જવાશે, પણ હકીકતમાં એ ભ્રમ માત્ર હોય છે એમાં વાસ્તવિકતાનાં દર્શન દુર્લભ હોય છે. વાસ્તવિકતાનાં દર્શન કરવા જ્યારે આગમની આરસી તરફ દૃષ્ટિ નાખીએ ત્યારે શુભવીર વિજયજીની પંક્તિ કાને અથડાયા વિના રહેતી નથી કે

"આગમઅરીસો જોવતાં રે! લોલ<br>
દૂર દીઠું છે શિવપુર ઠાણ... જો..."

અને ત્યારે આત્માના જોમમાં વેગ વળગે છે...કે ઓહ! શિવપુર એમ કંઈ "સસ્તું

ભાડું ને સિદ્ધપુરની યાત્રા" નથી. હજી ઘણી ડડમઝલ કાપવાની છે. ઊઠો... બેસી રહેવાનો આ સમય નથી. આવે ટાણે મહાનિશીથની પંક્તિ સાદ દે છે.

उज्जमह मा विसीयह तरतम जोगो इमो दुल्लहो !

આગમની આ આરસી પર ક્યારેક સંજોગના વિપરીત સમીરથી અજ્ઞાનની ધૂળ ચઢી જાય છે ત્યારે એને સંવારનારો કોઈ બંકો બેઠો થતો જ હોય છે.

છેલ્લી ત્રણ સદીમાં એવો બંકો નજરે ચઢતો હોય તો એકમાત્ર છે, આગમોદ્ધારક પૂજ્ય આનંદસાગરસૂરીશ્વરજી મ.!

ઘણું જાજવલ્યમાન પ્રકાશ્યમાન અને પ્રેરક એઓશ્રીનું જીવન-કવન છે, આથીસ્તો તેઓશ્રીના કાળધર્મને પચાસ વર્ષ પૂર્ણ થતાં મુંબઈ, સુરત, અમદાવાદ, પાલિતાણામાં પૂજ્યશ્રીના જીવન-કાર્યને અનુલક્ષી વિવિધ આયોજનો થવા પામ્યાં.

ઘણાં બધાં આયોજનો થયાં અને જનાકર્ષક ઘણી બધી પ્રવૃત્તિઓ થવા પામી, જેમાં પૂ. આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.નો ગગનચિરી જયનાદ અનવરત ગુંજતો રહ્યો, પરંતુ આ નિમિત્તને લઈ પાલિતાણામાં ચમકેલાં આયોજનો કંઈક નવી જ ભાત પાડી ગયાં. વર્તમાનકાળમાં સર્વાધિક પૂ. સાધુ-સાધ્વીજીની સંખ્યા ધરાવનાર વિરાટ સાગર સમુદાયના ગચ્છાધિપતિ શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.ના સાંનિધ્યમાં પૂ. સાગરજી મ.ના જન્મદિવસ નિમિત્તે ત્રિદિવસીય આયોજન સુનિશ્ચિત થયું.

તદ્નુસાર અષાઢ વદ-૧૩ના રોજ ૪૫ આગમની અતિ ભવ્ય રથયાત્રા નીકળી, એમાં ૪૫ આગમોને બગીઓમાં પધરાવી આગમમંદિરના વિશાળ પટાંગણમાં પધરાવવામાં આવ્યા. આ રથયાત્રામાં પાલિતાણામાં બિરાજમાન તમામ પૂજ્યશ્રી (સત્તર સૂરિદેવાદિ) પધાર્યા. અષાઢ વદી ૧૪ના દિવસે ૪૫ આગમોની અષ્ટપ્રકારી પૂજાનું આયોજન ખૂબ જ રસાળ રહ્યું અને અષાઢ વદી અમાસના રોજ ગુણાનુવાદ સભામાં પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી સૂર્યોદયસાગરસૂરિ મ.ના સુમધુર કંઠે મંગલાચરણ બાદ પધારેલા પૂજ્ય અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરી મ. આદિ તમામ પૂજ્યશ્રીઓએ પૂજ્ય સાગરજી મ.ના જીવન વિષે સુણ્યા-અણસુણ્યા અનેક પ્રસંગો અને ગુણો પર પ્રવચન આદર્યાં. સભામાં જનતાનો ધસારો એટલો બધો કે વિશાળ પટાંગણ સાંકડુ પડ્યું. ત્રણ કલાક ચાલેલી સભાનો સમય ઓછો પડવાથી બપોરે ફરી સભા રાખવી પડી એનો પણ સમય ઓછો પડતાં બીજે દિવસે સવારે પણ ગુણાનુવાદ સભા આયોજવી પડી.

આમ, આ ત્રિદિવસીય આયોજન તો પૂર્ણતાને વર્યું, પરંતુ ખરેખરું આયોજન તો ભાદરવા વદ-૧થી શરૂ થયું હતું.

પૂજ્ય સાગરજી મ. આગમોના વાસ્તવમાં ઉદ્ધારક હોવાથી આગમની જાણકારી મળે તેવું કંઈક થવું જોઈએ. આ વિચાર આવતાં એક સુંદર યોજના ઘડાઈ કે પંદર દિવસમાં ૪૫ આગમનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવે અને એ પણ પાલિતાણામાં બિરાજમાન તમામ પૂજ્યશ્રીઓના વરદ મુખે! આ માટે પન્નારુપા ધર્મશાળામાં ઐતિહાસિક અને ભવ્યતા ભરપૂર ચોમાસું કરાવનાર ઝવેરી પ્રવીણચંદ્ર રતનચંદ્ર રાજા પરિવારના હિમાંશુભાઈએ પાલિતાણામાં બિરાજમાન તમામ પૂજ્યશ્રીઓને નિયત કરેલા દિવસે નિયત કરેલા આગમની સંક્ષિપ્ત પરિચય વાચનાદાન કરવા વિનંતી કરી અને આ ચોમાસાની સૌથી મોટી ઉપલબ્ધિ હતી, સર્વસમુદાયો વચ્ચેની એકાત્મતા. એથી લગભગ તમામ પૂજ્યશ્રીઓએ સહર્ષ સંમતિ-પ્રદાન કર્યું.

પરિચયવાચનાનું સ્થળ શ્રી પન્નારુપા ધર્મશાળા હતી, આથી એના વિશાળ પ્રવચન હોલને પૂજ્ય વડીલબંધુ આ. શ્રી જિનચન્દ્રસાગરસૂરિજી તથા મુનિ શ્રી પૂર્ણચન્દ્રસાગરજીના માર્ગદર્શન અનુસાર શણગારવામાં આવ્યો હતો. મુખ્ય પાટ પર કમલાકાર સિંહાસન વચ્ચે પંચધાતુમય પંચમગણધર શ્રી સુધર્મા સ્વામીની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી હતી. બરાબર એની નીચે જેઓશ્રીની સ્મૃતિનિમિત્ત આ આયોજન થયું હતું એવા પૂજ્ય પરમ આગમોદ્ધારક સૂરીશ્વરજી મ.નું તૈલચિત્ર સ્થાપિત કરાયું હતું. એની ડાબી-જમણી બાજુ શણગારેલી સીડીઓ ઉપર પવિત્ર ૪૫ આગમ પધરાવવામાં આવ્યા અને એ મંડપના ઉપરના ભાગે ૪૫ આગમોનો પરિચય આપનારા ૩ ફૂટ X ૨॥ ફૂટનાં ૪૫ ચિત્રો રજૂ કરવામાં આવેલાં. ડાબી બાજુ સિદ્ધગિરિરાજ શ્રી આદિનાથ પ્રભુની પ્રતિકૃતિ તથા જમણી બાજુ આગમવિશારદ પંન્યાસપ્રવર પૂજ્ય ગુરુદેવ શ્રી અભયસાગરજી મ.ની પ્રતિકૃતિ લગાવવામાં આવી હતી.

આ આગમ-પરિચય-વાચના બહુમાન અને આદરભાવપૂર્વક થાય એ માટે એવી રીતે અજમાવી હતી કે આજે જે આગમનો પરિચય આપવામાં આવે એ વહોરાવવાની ઉછામણી આગલા દિવસે બોલાવવામાં આવતી. ઉછામણી બોલનાર ભાગ્યશાળી આગલા દિવસે સાંજે એ આગમને વાજતે-ગાજતે પોતાને ત્યાં લઈ જતાં, સાથે

આવનાર ભાગ્યશાળીઓને પ્રભાવના કરતાં. વળી, રાત્રિજગો કરતાં, ત્યાં પણ પ્રભાવના કરતાં. ક્યાંક તો આગમને પધરાવવાની જગ્યાને એટલી સરસ શણગારવામાં આવતી. ખાસ એ માટે દર્શન કરવા આરાધકોનો સમુદાય ઊભરાતો. બીજે દિવસે સવારે વળી વાજતે-ગાજતે મંડપમાં આવતા અને સોના-રુપાની મુદ્રા ચઢાવી સોના-રુપાના ફૂલથી વધાવી પૂજ્ય ગુરુદેવશ્રીને આગમ વહોરાવતાં, પછી ઈરયાવહી કરી તે આગમની આરાધના માટે કાઉસગ્ગ કરવામાં આવતો, બાદ 'પવયણ શ્રુત સિદ્ધાંતથી' દુહો ત્રણ વાર બોલી ત્રણ ખમાસમણા દેવાતાં. તે પછી ગુરુવંદન થતું. બાદ જે આગમનો પરિચય થવાનો હોય તે આગમના મૂળ સૂત્રનો થોડો અંશ પૂ. આચાર્યદેવ શ્રી નવરત્નસાગરસૂરિ મ. ફરમાવતા. એ પછી એ આગમની ભૂમિકા અને પરિચય આપનાર પૂજ્યશ્રીનો પરિચય કરાવવાનું સૌભાગ્ય મને સાંપડેલું ને તે પછી પરિચય વાચના શરૂ થતી... વચમાં જ્યારે પણ સમય મળતો ત્યારે ચોમાસું કરવા આવેલી બાલિકાઓ 'જિનાગમ શરણંમમ' ની ધૂન મચાવતી. આખો જનસમુદાય એ ધૂનમાં સાથે ભળી જતો ત્યારે વાતાવરણ ઘણું જ આહ્લાદક લાગતું હતું.

ભાદરવા વદ-૧થી આ વાચનાનો શુભારંભ એવી અદ્‌ભુત છટાથી થયો કે અનેક પૂજ્ય સૂરીદેવો અને પચાસથી વધુ પૂજ્ય શ્રમણ ભગવંતો તથા ૫૦૦થી વધુ પૂજ્ય શ્રમણી ભગવતીજીઓ પધારતાં અહીંના વાત્સલ્યમય વાતાવરણમાં તપાગચ્છ-અચલગચ્છ-ત્રણ થોય-ચાર થોય-એક તિથિ કે બે તિથિના કોઈ પણ જાતના ભેદ વિસરાઈ ગયા હતા! શ્રાવક-શ્રાવિકાની સંખ્યા પણ એટલી બધી વધી ગઈ કે પન્નારુપા ધર્મશાળાનો વિશાળ હોલ સંકીર્ણ પડ્યો. રાજા પરિવારે એની સાથે બીજો મંડપ બંધાવી શ્રવણ સુવિધાને અખંડ રાખી હતી.

પવિત્ર એવા આગમ-શ્રવણનું પવિત્ર કાર્ય એવી જ પવિત્ર મર્યાદાનુસાર થવું જોઈએ એવી પ્રેરણા થતાં દરેક વાચનાનું શ્રવણ ભાઈઓ અને બહેનોએ માથું ઢાંકીને જ કર્યું હતું. રાજા પરિવાર તરફથી આ માટે સ્પેશિયલ ટોપીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ખુદ હિમાંશુભાઈ રાજાએ આખી વાચના પાઘડી, ખેસ-ધોતિયામાં પૂર્વકાલીન મહર્ધિક શ્રેષ્ઠીની અદામાં શ્રવણ કરીને આકર્ષક આલંબન પૂરું પાડ્યું હતું.

એક એક દિવસ વીતતો ગયો અને શ્રોતાઓની ભીડ વધતી ચાલી. માત્ર શ્રવણ જ નહિ, ચારે બાજુ વાચનામાં આવતા પદાર્થો નોટ-ડાઉન પણ થતા ચાલ્યા. એક-એક આગમ ઉપર શ્રોતાઓ આફરીન પોકારતા ગયા કે

ઓહ! આપણને મળેલા આગમો આવા અદ્ભુત છે. આટલા બધા વિષયોની આમાં છણાવટ છે? વાહ! પ્રભુવીરની સર્વજ્ઞતા કેટલી બધી યથાર્થ ભાસે છે. વિશ્વનો એવો એક વિષય નહિ હોય, જેમાં જિનશાસને માત્ર ડોકિયું જ નહિ, પણ અવગાહણ ન કર્યું હોય! ખરેખર ધન્ય આ ક્ષણો. ધન્ય અમારા અહોભાગ્ય! ધન્ય આ આયોજનનું નિમિત્ત બનનારા સ્વર્ગીય

**સૂરિદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. અને ધન્ય આ આયોજન કરનારા પૂજ્યશ્રીઓ**

આ આયોજન અમને પણ ખૂબ જ ભાવી ગયું અને પછી ફાવી પણ ગયું! અમે તો આ આયોજન માટે સંકલ્પ જ બાંધી લીધો કે જ્યાં પણ ચોમાસું કરવાનો અવસર મળે એમાં આ રીતે આગમ-પરિચય-વાચના જરૂર કરવી જ! અને એ પછીનું ચોમાસું અમારું પૂનામાં ગોડીજીના ક્ષેત્રમાં થયું. પર્યુષણ પછી આગમ-પરિચય-વાચનાની ગોઠવણ કરી. પાલિતાણામાં તો શ્રોતાવર્ગ મળી રહે, કેમ કે પાલિતાણા છે, પરંતુ પૂનાની વ્યસ્ત જિંદગીમાં લોકોને આ વિષે રસ રહેશે કે નહિ? એ શંકા હતી, છતાં ચાલો; આપણને તો સ્વાધ્યાયની તક મળશે એમ વિચારી પ્રવૃત્તિ આરંભી, પરંતુ જનતા તરફથી જે રિસ્પોન્સ મળ્યો. પાલિતાણામાં જે મર્યાદાઓની પ્રેરણા કરેલી એવી જ પ્રેરણા અહીં પણ કરવામાં આવી. ખરેખર ખૂબ જ સુંદર અને મનભાવન પરિણામ નીપજ્યું, એથી અમારો ઉત્સાહ ઉચ્છ્રંખલ બન્યો છે? ઉત્સાહિત બનેલા અમે એ પછીના મુંબઈ માટુંગાના ચોમાસામાં પણ આ જ પ્રવૃત્તિનું પુનરાવર્તન કર્યું. એ જ રીતે રાજકોટ જાગનાથ પ્લોટમાં પણ અનુસરણ કર્યું. રાજકોટમાં સ્થાનકવાસી વર્ગ વિપુલ માત્રામાં હતો, તેઓ પણ ખૂબ રસપૂર્વક શ્રવણ માટે ઉત્સાહિત થયા હતા, એમાં એક પરિવાર તો છ કિલોમીટર દૂરથી ખુલ્લા પગે ચાલતો શ્રવણ કરવા આવતો. એક પરિવાર આગમવાચના ચાલે ત્યાં સુધી બ્રહ્મચર્યવ્રત, એકાશનવ્રત અને સંથારે શયન કરતો. આવા સમાચારથી અમારા ઉત્સાહને ટેકો મળ્યો. સુરતમાં અઠવાલાઈન્સ સંઘમાં અને છેલ્લે પાલિતાણા આગમમંદિરના ચોમાસામાં તો આગમ-આદરનો દરિયો જ દોહરાયો.

આનાથી વિશેષ ખુશી એ વાતની થઈ કે વિ. સં. ૨૦૫૬માં આગમ-આદરનો આ રીતે અમે જે આરંભ કર્યો એનો સિલસિલો પૂજ્ય ગુરુદેવ શ્રી અશોકસાગરસૂરી મ., પૂ. આ. દે. શ્રી હર્ષસાગરસૂરીજી મ., પૂ. પંન્યાસ શ્રી જિતરત્નસાગરજી મ., સુવિનેય

ગણી શ્રી નયચંદ્રસાગરજી, ગણી શ્રી પૂર્ણચંદ્રસાગરજી, ગણી શ્રી અક્ષયચંદ્રસાગરજી, મુનિ શ્રી આનંદચંદ્રસાગરજી આદિએ પણ એક યા બીજી રીતે ચલાવ્યો, જેથી આજ સુધી જે શ્રાવક-શ્રાવિકાઓને આગમની સંખ્યા કેટલી? આગમનાં નામ કયાં કયાં? આગમના વિભાગ કેટલા? આગમ-વાચના કેટલી થઈ? આગમ કોને કહેવાય? નિર્યુક્તિ એટલે શું? ચૂર્ણિ એટલે શું ? ભાષ્ય એટલે શું? અને વૃત્તિ/ટીકા એટલે શું? ની જાણકારી ન હતી એ જાણકારી પ્રાપ્ત થવા લાગી. ક્યાંક પિસ્તાળીશ આગમનાં નામ યાદ કરવાની સ્પર્ધા ગોઠવાઈ, આગમની અષ્ટપ્રકારી પૂજા તથા અન્ય પણ આગમ સંબંધી પ્રવૃત્તિઓ પ્રકાશમાં આવી એ બહુ જ ખુશીની વાત છે. આનાથી આગમિક લેખન-પ્રવૃત્તિ અને મુદ્રણ-પ્રવૃત્તિને પણ વેગીલો જોશ મળ્યો. એ ઓછા આનંદની વાત નથી.

આગમ-પરિચય-વાચનાને જીવનભર વાગોળવા માટે પ્રથમ તબક્કાના અંતે જ માંગ ઊભી થઈ. એના પરિણામે 'જિનાગમ શરણંમમ' નામના પુસ્તકનું પ્રકાશન થયેલું, પરંતુ એની અછત વર્તાઈ એટલે આ વખતે આગમ-મંદિરના શ્રોતાઓ તરફથી ફરી માગણી ઊભી થઈ. વાત મૂક્તાં જ એ માટે ઉદારવંતા પુણ્યવાનોની અહમભૂમિકા ઊભી થઈ, એનું જ પરિણામ આ પુસ્તક છે.

ગત પુસ્તકમાં તે તે આગમનો પરિચય આપનાર પૂજ્યશ્રીઓના ઉદ્‌ગારોને જ અવકાશ આપવામાં આવ્યો હતો. એના સ્થાને આ વખતે ફેરફાર કરવામાં આવ્યો. આ જ આગમ-મંદિરની પચીસમી સાલગિરિને ઉદેશી અમારા સમુદાયના પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી કંચનસાગરસૂરીજી મહારાજે એક સ્મારક ગ્રંથ સંપાદિત કર્યો એની અંદર શ્રી જૈનાગમોની રૂપરેખા નામના વિભાગમાં પિસ્તાળીશેય આગમોનો પરિચય સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. એમાં પૂજ્ય આ. દે. શ્રી કંચનસાગરસૂરી મ., વર્તમાન ગચ્છાધિપતિ શ્રી સૂર્યોદયસાગરસૂરી મ. પૂ. આ. દે. શ્રી પ્રમોદસાગરસૂરી મ., પૂ. પર્યાયસ્થવિર, પૂ. મુનિરાજ, શ્રી અમરેન્દ્રસાગરજી મહારાજે પિસ્તાળીશેય આગમનો સંક્ષેપમાં પણ સુંદર પરિચય આપ્યો છે. એને જ અહીં સ્થાન આપવામાં આવ્યું છે, કેમ કે આ ચારેય મહાપુરુષો અધિકૃત વ્યક્તિ તરીકે સુપ્રસિદ્ધ છે અને પરિચય પણ સુંદર છે. ક્યાંક જૂના ગુજરાતી શબ્દ કે વાક્યના સ્થાને સામાન્ય સુધારો કર્યો છે, બાકી એમનું એમ જ લઈ લીધું છે.

આ ચારેય મહાપુરુષોનો આ તકે મહદુપકાર માનું છું.

આ ઉપરાંત પ્રભુ મહાવીર સ્વામીના શાસનમાં સમયે સમયે થઈ ગયેલી મહાન છ વાચનાઓની વિગત જે પરમ તારક પંન્યાસપ્રવર પૂજ્ય ગુરુદેવ શ્રી અભયસાગરજી મહારાજે 'આગમ-વાચના' નામની બુકમાં વિસ્તારથી વર્ણવી છે એ વિગત તથા પરમવંદનીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે સ્વજીવનમાં આપેલી સુવિશાળ સાત વાચનાઓ ક્યાં અને કેવી આપી એનું વર્ણન પણ અહીં સમાવ્યું છે અને એ પછી અમારા પરમતારક પંન્યાસપ્રવર પૂજ્ય ગુરુદેવ શ્રી અભયસાગરજી મહારાજે પણ પોતાને વારસામાં મળેલી વાચનાની પરંપરા જાળવી હતી એનું પણ મને ઉપલબ્ધ થયેલું વર્ણન અહીં વિકસિત કરવામાં આવ્યું છે.

આગમ-પરિચય-વાચનાને પ્રસ્તુત કરનાર આ પુસ્તકના પ્રકાશનમાં સુવિનેય મુનિ શ્રી વિરાગચંદ્રસાગરજી, મુનિ શ્રી મેઘચંદ્રસાગરજી, મુનિ શ્રી આનંદચંદ્રસાગરજી તથા આત્મીયસખા શ્રી ધનંજયભાઈ પંડિતે સાત આગમવાચનાના લખાણને બહુ સરળ અને સુગમ રીતે તૈયાર કરી આપ્યું છે તેઓનો પણ સહયોગ સંસ્મૃત્ય બની રહે છે.

પ્રિન્ટ વિઝનના માલિક શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ આ પુસ્તકને ખંત અને ઔદાર્યથી તૈયાર કર્યું છે. તેઓનો આત્મીયભાવ પણ સ્મરણીય બને છે.

**ગુરુવરચરણલીન**
**હેમચન્દ્રસાગર**

# અનુક્રમ....


- એક જાજરમાન જીવનયાત્રાને
- આગમઅરીસો જોવાતાં રે! લોલ...
- આગમનાં અજવાળાં ૧
- વાચનાની પરબેથી ૧૮
- આગમ-પરિચય ૨૮
- ઉવંગસાર-ઉપાંગસારનો ટૂંકો પરિચય ૪૦
- શ્રીદશપયન્ના (પ્રકીર્ણદશક)નો ટૂંકો પરિચય ૪૯
- ચાર મૂળસૂત્રનો સાર ૬૮
- શ્રીનન્દીસૂત્રનો સંક્ષિપ્ત પરિચય ૭૩
- શ્રી અનુયોગદ્વારસૂત્રનો સંક્ષિપ્ત પરિચય ૭૫
- શ્રી આગમના નામનિર્દેશ અને તેના વિભાગો ૭૭
- પ્રકાશનના શંબલદાતા ૮૨

## પ્રકાશક : શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન

## શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાનની પ્રકાશનશ્રેણી

- વિરાગના દર્પણમાં
- વીર અચલકુમાર
- ગાવું તારાં ગીત
- પૂજા કરીએ સાચી સાચી ક્યું કર...ની (સાતમી આવૃત્તિ)
- પૂજ્ય ગુરુદેવશ્રી
- નવપદ ધ્યાન સદા સુખદાઈ
- સમજવા જેવું સામાયિક
- ૧૮૦૦૦ શીલાંગ રથ
- ભાગ્યદશા અબ જાગી
- પ્રાણ જાય અરુ વચન ન જાય
- ગરવો ગિરિરાજ તલેટીમાં બેસી વાંચો
- ઝબકે ઝબૂક વીજળી
- જય ભટેવા પારસનાથ
- વિચાર પંછી
- આનંદનાં અજવાળાં
- સાગરની સરગમ
- સાગરજીનું શિલ્પ
- સાગરનું સૌંદર્ય
- આનંદનાં પુષ્પો...
- આનંદની કેડીએ...
- પૂજન કૈસે કરું ? (હિન્દી)
- ઊજલા સૂરજ ધૂંધલા પ્રકાશ (હિન્દી)
- પૂજ્ય ગુરુદેવશ્રી (હિન્દી)
- ભાવનાના સથવારે શિખરજીની પગથારે
- જપયોગ
- તીર્થ માંડવગઢ
- ભક્તિ દીપિકા
- પૂજા
- તત્ત્વાર્થ સૂત્રના કર્તા કોણ ?
- ભેદ મિટે ભય જાય
- અષ્ટાહ્નિકા વ્યાખ્યાન (સંસ્કૃત)
- સુવાક્યોનાં સુંદર ૨૦ પદોનો સેટ
- નવકાર ધ્યાન માટેના સુંદર નાના પટો
- ઉપધાનનું સુંદર સ્વરૂપ (બીજી આવૃત્તિ)
- સાગર કિનારેથી... શાસનના દ્વારે
- બૃહદ્ યોગ વિધિ...
- આ છે મહામંત્ર નવકાર
- નવકાર શરણં મમ્
- આરઝૂ
- નવકાર ! તારે ભરોસે...
- જિનાગમ શરણં મમ્
- મારો નવકાર સાચો નવકાર
- નવકાર પરિવારનો આધાર
- જપલો પ્યારે શ્રી નવકાર
- આગમની સરગમ

# આગમનાં અજવાળાં

**લેખક :- પૂ. પં. પ્રવર શ્રી અભયસાગરજી ગણિવર્ય.**

## આવો છેઃ મહિમા શ્રુતજ્ઞાનનો :

શું આપ જીવનમાં સાચું સુખ પામવા લાલાયિત છો?

શું આપ જિંદગીને સાચી શાંતિથી મઢી દેવા માંગો છો?

હા... તો તે માટે તો કર્મોની જાલિમ કેદમાંથી શાશ્વત છુટકારો મેળવવો જ રહ્યો.

શે મળે કર્મોના બંધનમાંથી શાશ્વત મુક્તિ?

તે માટે પહેલાં તો કર્મબંધનાં કારણોની યથાર્થ જાણકારી પામવી પડે. આપ જો મોક્ષમાર્ગના પથિક હો તો આપે કર્મબંધનાં કારણો (આશ્રયસ્થાનો) ને સમજવાં જ રહ્યાં.

પ્રભુ વીતરાગનું શાસન મોક્ષમાર્ગની આરાધના માટે છે અને તે માટે સદ્ગુરુનાં ચરણોમાં બેસવું પડે.

ત્યાં બેસીને શ્રુતજ્ઞાન-ગંગામાં ડૂબકી મારવી પડે.

આવા શ્રુતજ્ઞાનના અર્થથી દાતાર છેઃ પરમ તારક શ્રી તીર્થંકરદેવો અને સૂત્રથી તેના ગૂંથનારા છેઃ ગુણનિધાન ગણધર ભગવંતો.

હા.. વિષય (=સબ્જેક્ટ), પ્રમાણ (કોન્ટિટી) અને સ્વરૂપ (=ફોર્મ) આ ત્રણની અપેક્ષાએ કેવળ જ્ઞાનના અનંતમા ભાગે છેઃ શ્રુતજ્ઞાન.

છતાં... સ્વ અને પરનું કલ્યાણ કરનાર તરીકે તો શ્રુતજ્ઞાન સર્વોત્તમ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ અને કેવળ જ્ઞાન.. આ પાંચેય જ્ઞાનમાં 'શ્રુતજ્ઞાન,' 'સર્વશ્રેષ્ઠ' અને 'સર્વોત્તમ' વિશેષણોથી વિભૂષિત છે.

માટે જ તો કહ્યું છે ને કે...

"ચઉ મૂંગા શ્રુત એક છે... સ્વ-પર પ્રકાશક ભાણ."

(અર્થઃ ચાર જ્ઞાન-મતિ, અવધિ, મનઃ પર્યવ અને કેવળ એ ચાર 'મૂક' છે અને 'શ્રુતજ્ઞાન' માત્ર એક જ સ્વ અને પર-પ્રકાશક ભાનુ જેવું હિતકારક છે.)

## પરમોપકારીઃ શ્રી શ્રુતજ્ઞાન

શ્રી ચતુર્વિધ સંઘની વ્યવસ્થા શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના આધારે જ થાય છે.

જ્ઞાનાચારની મર્યાદાઓનું પરિપાલન કરાવનાર છેઃ શ્રુતજ્ઞાન.

આત્માના અનંત ગુણોના આવારક મોહનીય કર્મના આવરણને ભેદવા સુસમર્થ છેઃ શ્રુતજ્ઞાન.

વિષમ કરાળ કળિકાળમાં પણ જ્ઞાનીપુરુષની પુણ્યનિશ્રાને પામીને અનેક આરાધકો-પુણ્યાત્માઓ જીવનનું સાફલ્ય સંપ્રાપ્ત કરી રહ્યા છે તેનું મુખ્ય કારણ છેઃ શ્રુતજ્ઞાન.

આવું પરમોપકારી અને પતિત-પાવન છેઃ શ્રુતજ્ઞાન. આપણને વારસામાં સહજપણે મળી ગયું છેઃ આ શ્રુતજ્ઞાન.

પણ આપણે એ જાણવું પરમ આવશ્યક છે કે ભૂતકાળમાં આ શ્રુતજ્ઞાનની રક્ષા-સુરક્ષા કરવા માટે પુનિત નામ છે. અને પ્રાતઃ સ્મરણીય મહાપુરુષોએ કેવા ઉદાત્ત અને આદર્શ આત્મભોગ અર્પિત કર્યા છે?

તે તે સમયે અને તે તે કાળે આગમોની જાળવણી અને સાચવણી કોણે કોણે કરી? કેવી કેવી રીતે કરી? તે માટે મહાપુરુષોએ કેવા કેવા ભગીરથ પુરુષાર્થ કર્યા? આ બધાની સંક્ષિપ્ત જાણકારી આપવા માટે અહીં નમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે.

પરમ તારક શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં, પ્રભુના નિર્વાણ બાદ એક હજાર વર્ષના ગાળામાં બાર-બાર વર્ષના ભયંકર ચાર-ચાર દુકાળ પડ્યા તેના કારણે અને કાળ-બળના કારણે આગમોની સુરક્ષા કરવાનો અવસર ઊભો થવા પામ્યો ત્યારે મહાપુરુષોએ છ-છ વખત આગમ-વાચનાઓ આપી હતી; આ અંગેની વિગતો આપવાનો પણ આ લઘુપુસ્તિકામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## આગમોના પ્રણેતાઃ પરમાત્મા

અનાદિ કાળથી આ આપણો આત્મા સંસારમાં ભટકે છે...તેનું કારણ છે, કર્મોની પરાધીનતા. આ વાતના અજ્ઞાનના કારણે જ આપણો આત્મા અસત્ પદાર્થોમાં મમતા, બુદ્ધિ કરી રહ્યો છે.

આપણે ચાહીએ છીએ... સુખ, શાંતિ અને કલ્યાણ પરંતુ પર-પદાર્થોમાં મમતા-બુદ્ધિના પાપે નિરંતર પામીએ છીએ...દુઃખ, અશાંતિ અને અકલ્યાણ. આપણે પોતે જ અશાંતિ અને દુઃખના દાવાનળો પ્રગટાવ્યા છે અને તેના દારુણ વિપાકોને સહન કરી રહ્યા છીએ.

આ વિષચક્રમાંથી મુક્તિનો માર્ગ બતાવે છેઃ પરમાત્મા, કારણ કે પરમાત્મા તીર્થંકરદેવો જ વાસ્તવિક "આપ્તપુરુષ" છે તેથી તેઓ જ હિતમાર્ગના સાચા અને સંપૂર્ણ જાણકાર છે, માટે તેઓનું માર્ગદર્શન જ હિતકારક બની શકવા માટે સમર્થ છે.

પરમ આપ્ત તીર્થંકરદેવો જન્મોજન્મની સાધનાના પ્રતાપે તીર્થંકર નામકર્મ બાંધે છે અને નિકાચિત કરે છે. તીર્થંકર તરીકેના ભવમાં વિશ્વકલ્યાણકર સુમધુર દેશનાઓનો અવિરત ધોધ વહાવે છે અને ભવ્ય જીવને આત્મસ્વરૂપનું યથાર્થ ભાન કરાવે છે.

પરંતુ નિષ્કારણબંધુ આવા પરમ પુરુષો સદા કાળ માટે વિદ્યમાન જ રહે તે તો સંભવિત જ નથી અને જ્યારે વિદ્યમાન હોય છે ત્યારે પણ સર્વ ક્ષેત્રના સર્વ પુણ્યાત્માઓ તેમના ઉપદેશનો સમાનરૂપે લાભ લઈ શકતા નથી.

## આગમ-રચનાનું મહત્ત્વઃ

આવા અનેક દીર્ઘદષ્ટિપૂર્વકના હેતુઓ વિચારીને શ્રીગણધર ભગવંતો તીર્થંકર પરમાત્માની વાણીને સૂત્રરૂપે ગૂંથે છે મહત્ત્વની વાત એ છે કે શ્રીગણધર ભગવંતો ગણધર-નામકર્મની લબ્ધિના ધારક હોય છે અને વિશિષ્ટ શક્તિ સંપન્ન હોય છે, તેથી જ પ્રભુવાણીને સૂત્રરૂપે ગૂંથીને જગત સમક્ષ મૂકવા સુસમર્થ હોય છે.

આથી ગણધરદેવોએ એકાંતહિતકર અને પોતાના-આત્મસ્વરૂપને ઓળખાવનારી જિનવાણીને સૂત્રરૂપે ગૂંથી અને પોતાના શિષ્ય પ્રશિષ્યોની પરંપરામાં તે શ્રુતજ્ઞાનનું ગ્રહણ, ધારણ અને ઉપદેશ આદિ સુગમ કરાવ્યું. આ શિષ્ય-પરંપરામાં થયેલા અન્ય અનેક મહાપુરુષોએ આગમોના વારસાને સાચવવા માટે વિવિધ રૂપે જોરદાર પ્રયત્નો કર્યા છે.

## પ્રભુની મૂળ વાણીનો રસાસ્વાદ

આ મહાપુરુષો નિષ્કારણ કરુણાના મહાસાગર હતા. તેઓના હૃદયમાં પરોપકારની પરમોચ્ચ ભાવનાની ગંગા વહેતી હતી, આથી તેઓએ વિચાર્યું કે, 'વિષમ દુષમ કાળના પ્રભાવથી જીવોની મેધા, શ્રદ્ધા, ધારણશક્તિ નિરંતર ઘટતી જવાની છે. આ હ્રાસને વિચારતાં ઓછા-વધતા અંશમાં પણ પ્રભુની વાણીના મૂળ ઝરામાંથી 'કંઈક' પણ વારસામાં જળવાઈ રહે તેમ કરવું જ રહ્યું.' આ વિચારોના કારણે તે મહાપુરુષોએ સમયે-સમયે એવા ઉત્તમ સદુપાયો યોજ્યા કે જેનાથી આજે ૨૫૦૦ વર્ષ બાદ પણ ખુદ શ્રી તીર્થંકર દેવોની મૂળ વાણીનો રસાસ્વાદ માણી શકવા આપણે સદ્ભાગી બની શક્યા છીએ.

હા... તે વાણી પૂર્વે સમુદ્રસમ-પ્રમાણ હતી અને... આજે બિન્દુ પ્રમાણ જ ઉપલબ્ધ છે, પણ છે તો તે મૂળ પ્રભુની ઉચ્ચારેલી અને સંગ્રહિત કરાયેલી જ વાણી.

## આ પુસ્તિકાનું પ્રયોજન

આ વાત વાચકોના ખ્યાલમાં આવે અને પ્રભુશાસનનો પરમોપકાર સમજાય... હૃદય પ્રભુ પ્રત્યેના સદ્ભાવથી ભાવ- વિભોર બને, એ જ સદાશયથી આગમવિશારદ પન્યાસપ્રવર પૂજ્ય ગુરુદેવ શ્રી અભયસાગરજી મ. દ્વારા આ લઘુ પુસ્તિકાનું નિર્માણ કરાયું છે. કયા પ્રસંગે... કેવા સંજોગોમાં... કયા કયા આચાર્યદેવોએ, કઈ રીતે આત્મભોગ આપીને પ્રભુ-શાસનના પ્રાણાધાર તુલ્ય આગમોના મૂળ વારસાને સાચવી રાખ્યો છે? અને વિશિષ્ટ પ્રયત્નો દ્વારા જગ-હિત સાધવાના સતકાર્યમાં કેટલો વેગ આપ્યો છે? આ બધું વ્યવસ્થિત રીતે જણાવવાનો આ પુસ્તિકામાં પ્રયત્ન કરેલ છે.

મારી એ હૃદય-ભાવના છે કે પુણ્યવાન વાચકો આ પુસ્તિકાને વાંચી-વિચારીને પૂર્વાચાર્યોએ પોતાના અનુપમ પ્રયત્નો દ્વારા આગમોની અવિચ્છિન્ન-ધારાને વહેતી રાખીને પ્રભુશાસનની જે સુંદર સેવા બજાવી છે તેને સમજીને પોતે પણ પોતાની શક્તિનો આગમ-સેવા કરવા કાજે સદુપયોગ કરે.

## ગણધરો દ્વારા આગમ-રચના

આપણે સહુ પ્રભુશ્રી મહાવીરદેવના શાસનાનુયાયીઓ છીએ. તે અપેક્ષાએ વીર નિર્વાણ સંવત પૂર્વે ૨૯ અને વિક્રમ સં. પૂર્વે ૪૯૯ લગભગમાં વૈશાખ સુદ ૧૧ના પુણ્યદિને પરમાત્મા શ્રી મહાવીરદેવે "ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા, આ ત્રિપદીનું દાન કર્યું. તેને પામીને પ્રથમ ગણધર શ્રીઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીજી વગેરે અગિયાર ગણધર ભગવંતોએ આગમોની રચના કરી. જે દ્વાદશાંગીરૂપે સુપ્રસિદ્ધ બની. શ્રીવીર પ્રભુએ શ્રીગણધર ભગવંતો ઉપર વાસક્ષેપ-દાન કરીને તે દ્વાદશાંગી ઉપર પોતાની સંમતિની મહોર-છાપ મારી અર્થાત ગણધરોને ગણ-અનુજ્ઞા (શાસન-અનુજ્ઞા) આપી.

ત્યાર બાદ ગણધર ભગવંતોના શિષ્ય-પ્રશિષ્યો-મુનિવરો વિનય-મર્યાદાપૂર્વક શ્રીગુરુ-મુખેથી શ્રવણ કરીને દ્વાદશાંગીનો અભ્યાસ-મુખપાઠ કરતા હતા. તે સમયે લખીને કે લખેલાં પુસ્તકો દ્વારા ભણવાનો પ્રતિબંધ હતો. માત્ર ધારણા-શક્તિ દ્વારા આગમો (દ્વાદશાંગી)નો અભ્યાસ ચાલતો હતો. કેવી હશે તે કાળના શ્રમણસંઘની તીવ્ર મેધા-શક્તિ...!

## પહેલી આગમ-વાચના:

ત્યાર બાદ ભગવાન શ્રી મહાવીર પ્રભુની પટ્ટ-પરંપરામાં પાંચમા શ્રુતકેવળી તરીકે સુપ્રસિદ્ધ થયાઃ શ્રી ભદ્રબાહુસ્વામીજી. તેઓના સમયમાં વિષમ કાળના પ્રભાવે બાર વર્ષનો ભયંકર દુકાળ પડ્યો.

આ સમયે સાધુઓને ગોચરી (ભિક્ષા) પણ દુર્લભ બની, તેથી સાધુઓ અનુકૂળતા પ્રમાણે જુદાં જુદાં સ્થળોમાં ચાલ્યા ગયા. મોટી સંખ્યામાં શ્રમણવર્ગ સમુદ્રકિનારાના પ્રદેશોમાં તથા ભારતના પૂર્વ અનને ઈશાન ખૂણા તરફ વિચરવા લાગ્યો, કારણ કે ત્યાં વિશાળ નદીઓના કારણે દુકાળની અસર નહિવત્ હતી. આ પ્રદેશોમાં રાજ્યક્રાંતિની અસર પણ અલ્પ જ હતી.

વીર નિર્વાણ સં. ૧૫૫ આસપાસમાં નંદવંશના સામ્રાજ્યનો પલટો થયો. તેના કારણે દેશમાં આંધી-અરાજકતા વ્યાપી ગઈ. જૈન શ્રમણોના વિહારના કેન્દ્રસ્વરૂપ મગધ દેશની રાજધાની પટણા અને પંજાબ વચ્ચેના પ્રદેશોમાં ભયંકર પરિસ્થિતિ હતી.

આમ... જૈન શ્રમણો વેર-વિખેર બની જતાં આગમોનું પઠન-પાઠન પણ અત્યંત અવ્યવસ્થિત બની ગયું. ઘણા જ્ઞાની ભગવંતો તો સ્વર્ગે પધારી ગયા. શેષ જ્ઞાનીઓનું જ્ઞાન પણ શીર્ણ થઈ જવાની સ્થિતિમાં હતું.

આમ, આ બાર વર્ષીય દુકાળના કારણે મુખપાઠ-પદ્ધતિએ ચાલ્યા આવતા જિનાગમોની સ્મૃતિ-શક્તિને મોટો ધક્કો પહોંચ્યો.

આ પરિસ્થિતિમાંથી શ્રીસંઘને ઉગારી લેવા અને આગમોની સુવ્યવસ્થિત ધારાને આગળ વધારવા... પાટલીપુત્ર (પટણા-બિહાર)માં વીર નિ.સં. ૧૬૦ આસપાસમાં પૂજ્યપાદ શ્રી સ્થૂલભદ્રસ્વામીજીની અધ્યક્ષતામાં શ્રીશ્રમણસંઘ ભેગો થયો. અને જેને જે કાંઈ યાદ હતું તે બધું સાંભળી-સંભળાવીને પૂજ્ય ગીતાર્થ ગુરુભગવંતોની સલાહમુજબ દ્વાદશાંગીની સંકલના વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો.

આમ... પરમાત્મા શ્રી મહાવીરદેવના શાસન-સંચાલક શ્રીગણધરદેવોએ જે દ્વાદશાંગીની રચના કરી તે આગમોને દુકાળના દુષ્પ્રભાવથી નષ્ટ-પ્રણષ્ટ થતા બચાવી લેવા માટે પટણા (પાટલીપુત્ર-બિહાર)માં શ્રીસ્થૂલભદ્ર સ્વામીજીની અધ્યક્ષતામાં પ્રથમ આગમ વાચના થઈ. તે સમય-કાળ હતો. વીર નિર્વાણ સં. ૧૬૦ની આસપાસઃ

આ પ્રથમ વાચનાનું નામ 'શ્રી દ્વાદશાંગ-શ્રુતસંકલન વાચના' હોવાનું સંભવિત જણાય છે, કેમ કે આ વાચના દરમિયાન અગિયાર અંગો તો વ્યવસ્થિત કરાયા, પરંતુ બારમું અંગ દૃષ્ટિવાદ ત્રુટક પ્રાપ્ત થતું હતું. તેને વ્યવસ્થિત રીતે સંકલિત કરવા માટે શ્રીશ્રમણ સંઘે પૂજ્યપાદ મહાપ્રાણ ધ્યાનમગ્ન આચાર્ય ભગવંત શ્રીભદ્રબાહુ સ્વામીજીનો સંપર્ક કર્યો.

ત્યારે પૂજ્ય ભદ્રબાહુ સ્વામીજી મહાપ્રાણ નામના ધ્યાનમાં મગ્ન હતા, આથી શ્રી સંઘને

પોતાના ચાલતા ધ્યાનના માહાત્મ્યના કારણે આવવાની અસમર્થતા દાખવી ત્યારે શ્રી સંઘે ફરી વિનંતી કરી એટલે સંઘની આજ્ઞા શિરોધાર્ય કરી ભણનાર સાધુઓને પોતાની પાસે બોલાવ્યા. તદ્નુસાર ૫૦૦ સાધુ ભણનાર અને ૧૦૦૦ સાધુ એમની વેયાવચ્ચમાં એમ ૧૫૦૦ સાધુ પૂ. ભદ્રબાહુ સ્વામી પાસે નેપાળમાં પહોંચ્યા, વાચનાઓનો રવૈયો અસ્ખલિત રીતે ચાલવા લાગ્યો, પરંતુ ધીરે ધીરે શ્રીભદ્રબાહુ સ્વામીજી દ્વારા વહેતી વાચના-ધારાના પ્રવાહને અન્ય શ્રમણો પૂર્ણરૂપે ઝીલી ન શક્યા. એક પછી એક મુનિઓ ખરતા ગયા, ખરતા ગયા. એકમાત્ર સ્થૂલભદ્ર સ્વામીજી બચ્યા તેઓ ગુરુ-મુખે વહેતી જિનાગમ-ધારાને ઝીલતા ગયા, ઝીલતા ગયા અને તેઓ ૧૦ પૂર્વ સુધી સૂત્ર-અર્થથી બરાબર ભણ્યા.

પરંતુ પછી એક દુર્ઘટના ઘટી. વિષમ કાળનો જ એમાં પ્રભાવ માનવો રહ્યો ને! યક્ષા, યક્ષદિન્ના વગેરે સ્થૂલભદ્રજીની સાત સાધ્વી-બહેનો ભાઈ-મુનિનાં દર્શન કરવા આવી. ગુરુ-આજ્ઞા લઈને તે મુનિના ખંડમાં પ્રવેશી, જ્ઞાન-બળથી બહેનોને આવેલી જાણીને સ્થૂલભદ્રજી પહેલાંથી જ સિંહરૂપને ધારણ કરીને બેસી ગયા. સાધ્વી-બહેનો ભાઈ-મુનિના સ્થાને સિંહને જોઈને ગભરાઈ ગઈ, પાછી ફરી અને ગુરુદેવશ્રી ભદ્રબાહુ સ્વામીજીને સિંહની ઘટના જણાવી. ગુરુદેવે જ્ઞાનશક્તિથી સ્થૂલભદ્રજીએ જ સિંહ-રૂપ ધારણ કર્યાનું જાણી લીધું. બહેન સાધ્વીઓને સાંત્વના આપીને પુનઃ ભાઈ-મુનિના દર્શન કાજે મોકલી. વળી, એ જ સ્થાનમાં ભાઈ-મુનિને જોઈને આનંદિત બનેલી બહેન-સાધ્વીઓ વંદનાદિ કરીને વિદાય થઈ, પણ પછી જ્યારે સ્થૂલભદ્રજી ગુરુદેવશ્રી ભદ્રબાહુ સ્વામીજી પાસે વાચના લેવા ગયા ત્યારે ગુરુદેવે વાચના આપવાની ના પાડી. કહ્યું કે: 'પોતાનું જ્ઞાન-વિદ્યા આ રીતે બહેનોને બતાવવાની તમને વૃત્તિ થઈ તે બતાવે છે કે તમને જ્ઞાન પચ્યું નથી. તમને જ્ઞાનનું અજીર્ણ થયું છે. અહંકારીને જ્ઞાન ન અપાય.'

પછી તો, સ્થૂલભદ્રજીને સ્વ-ભૂલનું ભાન થતાં ભાવપૂર્વક ગુરુચરણોમાં વંદન કરીને ક્ષમાયાચના કરી, પણ સ્થૂલભદ્રજીને વાચના ન આપવા માટે ગુરુદેવ મક્કમ રહ્યા.

છેવટે શ્રીસંઘે વિનંતી કરી કે, "ગુરુદેવ! આ રીતે તો આપણું શ્રુત... આપણું આગમ-જ્ઞાન નષ્ટ થઈ જશે. આપ તેમને ક્ષમા કરો." તેને સ્વીકારીને છેલ્લા ચાર પૂર્વ માત્ર સૂત્રથી આપ્યા, પણ અર્થથી તો ન જ આપ્યા. આમ, શ્રીસ્થૂલભદ્રજી સ્વામી સૂત્ર અને અર્થથીઃ દસ પૂર્વધર અને અંતિમ ચાર પૂર્વના માત્ર સૂત્રથી ધારક તરીકે પ્રસિદ્ધ થયા.

## બીજી આગમ-વાચના:

બીજી આગમ-વાચના પ્રભુ-શાસનના પરમ ભક્ત સમ્રાટ સમ્પ્રતિ મહારાજાએ કરાવી.

સમ્રાટ સમ્પ્રતિ, જિનકલ્પીના અભ્યાસક પૂ. આ. શ્રી આર્ય મહાગિરિજીના ગુરુ-ભ્રાતા પૂ. આ. શ્રી આર્ય સુહસ્તિસૂરિજી મહારાજ દ્વારા પ્રતિબોધિત હતા. તેમના હૃદયમાં પ્રભુશાસનની સેવા કરવાના અદમ્ય મનોરથ રમતા હતા.

સમ્પ્રતિ રાજાના હૃદયની એ કામના હતી કે પરમોપકારી જિનાગમોની ધારા અવિચ્છિન્ન ચાલ્યા કરે. વળી, મુનિવરો અ-સંગજીવનના આરાધક હોવાથી સતત સમૂહમાં સાથે રહી ન જ શકે તથા રાજ્યોમાં અવાર-નવાર આવતા વિપ્લવોના કારણે મુખપાઠ રીતે જિનાગમોને

સાચવવામાં અનેક અંતરાયો પણ ઊભા થતા રહેતા. વળી, જિનવાણીને મુખપાઠ રાખનારા મુનિવરોની સંખ્યા પણ ઓછી થતી જતી હતી. આ બધી બાબતોને નજરમાં રાખીને અને પાટલીપુત્રમાં થયેલી આગમ-વાચના ને ખ્યાલમાં રાખીને સમ્પ્રતિએ આગમ-વાચના કરાવવાનો મનોરથ સેવ્યો.

સમ્પ્રતિ રાજાએ પૂ.આ.શ્રી સુહસ્તિસૂરિજી મહારાજને વિનંતિ કરી. પૂજ્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો. અને પૂ.આ.શ્રી સુહસ્તિસૂરિ મ.ની અધ્યક્ષતામાં શ્રમણસંઘ એકત્રિત થયો અને બીજી આગમ-વાચના સમ્પન્ન થઈ.

આ વાચનાનો ચોક્કસ સમય ઉપલબ્ધ થતો નથી, પરંતુ આ. શ્રીસુહસ્તિસૂરિજી મ.નો જન્મ વીર નિર્વાણ સં. ૧૯૧માં થયો છે. દીક્ષા વી. સં. ૨૧૫માં, યુગ પ્રધાનપદ ૨૪૫માં, અને સ્વર્ગવાસ વી. સં. ૨૯૧માં છે અને તેમના યુગપ્રધાનપદનો કાળ વીર સં. ૨૪૫થી-૨૯૧નો હોય એમ લાગે છે. એ દરમિયાન ઉપર્યુક્ત આગમ-વાચના થયાનું સંભવિત છે.

શ્રીનંદીસૂત્રમાં જેમના પુણ્ય નામનો ઉલ્લેખ પૂ.આ.શ્રી દેવવાચક ગણિવરે કરેલ છે... તે પૂજ્ય હિમવંત ક્ષમા-શ્રમણના જીવન-પરિચયને દર્શાવનારા શ્રીહિમવંત-સ્થવિરાવલિ ગ્રંથમાં આ વાચનાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આ વાચના અંગેનું સમર્થન वीर निर्वाण संवत और जैन काल-गणना ગ્રંથ, જૈન પરંપરાનો ઇતિહાસ (લેખક : ત્રિપુટી મહારાજ) તથા સમ્રાટ ખારવેલના જીવન-ચરિત્રમાં પ્રાપ્ત થાય છે.

આ વાચનાનું નામ "આગમ-સંરક્ષણ વાચના" હોય એમ લાગે છે, કેમ કે રાજ્યોમાં થયેલી ઊથલ-પાથલો દરમિયાન આગમોના પઠન-પાઠનમાં ઘણી અવ્યવસ્થાઓ ઊભી થઈ હતી. તેનું નિવારણ કરવા માટે સમ્રાટ સમ્પ્રતિએ આ વાચના કરાવ્યાનો ઉલ્લેખ તત્સંદર્ભિત વર્ણન ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.

## ત્રીજી આગમ-વાચના:

સમ્રાટ સમ્પ્રતિ જિનધર્મના દૃઢ અનુરાગી હતા. પરમાત્માના પરમ ભક્ત હતા. પ્રભુ વીરની વાણી (જિનાગમો)ની મહત્તા પ્રસાર-પ્રચાર પામે તેવા શુભાશયથી તેમણે આગમ-વાચના કરાવી. ઉપરાંત, દૂર-સુદૂરના પ્રદેશોમાં વિચરતા શ્રમણોનો આગમ-અભ્યાસ નિયમિતપણે ચાલુ રહે તેવાં અનેક આયોજનો પણ તેમણે કર્યાં હતા, પરંતુ તેમના સામ્રાજ્ય પછીનાં થોડાં વર્ષોમાં રાજ્ય-ક્રાંતિ (રાજ્ય-ફેરફાર) થઈ. તેમાં એવો જબ્બર ધક્કો લાગ્યો કે જિનાગમની રક્ષા અતિ દુર્લભ બની.

મૌર્ય રાજવંશીઓનો સેનાપતિ પુષ્પમિત્ર રાજ્યદ્રોહી બન્યો અને પટણાની રાજગાદી પર ચઢી ગયો. રાજા બની ગયો. સમ્રાટ સમ્પ્રતિએ અથાગ પ્રયત્નો કરીને જિનધર્મની જે પ્રભાવના કરી હતી... તેને તે સાંખી ન શક્યો. તેણે જૈન શ્રમણોના શિરચ્છેદ કરાવીને કાળો કેર વર્તાવી દીધો. જૈન સાધુઓને પોતાના પ્રાણ બચાવવા મુશ્કેલ બની ગયા, તેથી જૈન શ્રમણો ગમે તેમ કરીને એકદમ કલિંગ દેશ તરફ ચાલ્યા ગયા, કારણ કે કલિંગ મગધની સત્તા બહારનો દેશ હતો. કલિંગના રાજા હતાઃ મહામેઘવાહન મહારાજા ખારવેલ. તેઓ પરમ જૈન શ્રાવક હતા.

આ સમયે પોતાની પ્રાણ-રક્ષાની દોડાદોડમાં અનેક જિનાલયોની સુરક્ષા ખોરવાઈ અને આગમોના પઠન-પાઠનની વ્યવસ્થાને પણ ભારે ધક્કો પહોંચ્યો.

આ બધાના મૂળ કારણરૂપ પુષ્પમિત્ર હતો. કલિંગાધિપતિ મહારાજા ભિક્ખુરાય ખારવેલને એમ સમજાઈ ગયું કે, 'એક સામાન્ય સેનાપતિ મગધ જેવા પવિત્ર દેશમાં ધર્માંધતાભર્યા ઝનૂનના જોરે આવો ઉત્પાત મચાવે તે અત્યંત અનુચિત જ ગણાય. આવા ઉત્પાતના કારણે નિષ્કારણ સાધુઓના લોહીની નદીઓ વહે તે તો કેટલું ખોટું?'

આ કારણે ખારવેલે પટણા ઉપર ચઢાઈ કરી અને પુષ્પમિત્રને પરાજિત કરીને પંજાબ બાજુ ભગાડી મૂક્યો. આમ, પટણામાં અશાંતિ-ઉપદ્રવનું નિવારણ કર્યું, પરંતુ હવે પટણામાં જૈન સાધુઓને રહેવા યોગ્ય વાતાવરણ નહિ હોવાથી મહારાજા ખારવેલે તમામ મુનિભગવંતોને પોતાના દેશ ભણી પધારવા આગ્રહભરી વિનંતી કરી, એથી સાધુઓનો બહુ મોટો કાફલો કલિંગ દેશ તરફ આગળ વધવા લાગ્યો. વચ્ચે જંગલમાં મોટી નદી આવી. એ પાર કરવી અશક્ય જણાઈ, પરંતુ નદી પાર કરવી જરૂરી હતી, ત્યારે ખારવેલ મહારાજાએ નદીમાં આ કિનારાથી પેલા કિનારા સુધી ગજરાજોની કતાર લગાવી પુલ બનાવી એના ઉપરથી મુનિઓને નદી પાર કરાવી જૈનમુનિઓને પોતાના દેશમાં પધરાવ્યા, પરંતુ આ અસ્તવ્યસ્ત વાતાવરણના કારણે સાધુઓનું અધ્યયન-અધ્યાપનકાર્ય ખોરંભે ચઢ્યું, તેથી વિનાશ પામતા જતા આગમો બચાવી લેવા માટે મહામેઘવાહન ખારવેલે વિનંતી કરી અને પૂ. આ. શ્રી સુસ્થિતસૂરિ મ. અને પૂ. આ. શ્રીસુપ્રતિબદ્ધસૂરિ મ.ની અધ્યક્ષતામાં ત્રીજી આગમ-વાચના કરાવી. આ આગમ-વાચનાનું સ્થળ હતું : શત્રુંજયાવતાર તીર્થસ્વરૂપ કુમરગિરિ. આ સ્થળે બૃહદ્ શ્રમણ-સંઘનું સંમેલન થયું અને ત્રીજી આગમ-વાચના સંપન્ન થઈ.

આ વાચનામાં અગિયાર અંગો અને દશ પૂર્વોના પાઠ વ્યવસ્થિત કરવામાં આવ્યા.

પૂ. આ. શ્રી બલિસ્સહસૂરિ મહારાજે આ વાચનાના અવસરે વિદ્યાપ્રવાદ નામના પૂર્વમાંથી અંગવિદ્યા વગેરે શાસ્ત્રોનો ઉદ્ધાર કર્યો હતો.

આ વાચના અંગેનો ઉલ્લેખ અતિ પ્રાચીન 'હિમવંત સ્થવિરાવલી' નામના ઐતિહાસિક ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. તે ગ્રંથમાં વિશેષરૂપે એમ પણ જણાવ્યું છે કે,

"આ શ્રમણ-સંમેલનમાં જિનકલ્પીની તુલના કરનારા પૂ. પાદ આ. શ્રી મહાગિરિજી મ.ના શિષ્ય-પ્રશિષ્યો પૂ. આ. શ્રી બલિસ્સહસૂરિ, પૂ. દેવાચાર્યજી મ., પૂ. આ. શ્રી ધર્મસેનસૂરિ મ. વગેરે ૨૦૦ શ્રમણો, પૂ. આ. શ્રી સુસ્થિતસૂરિ વગેરે સ્થ રકલ્પી ૩૦૦ શ્રમણો, આર્યા પોઇણી વગેરે ૩૦૦ શ્રમણીઓ, સીંવદ, ચૂર્ણક, સેલગ વગેરે ૭૦૦ શ્રાવકો અને પૂર્ણમિત્રા વગેરે ૭૦૦ શ્રાવિકાઓ એકત્રિત થયાં હતાં."

આ વાચનાનો સમય, મહામેઘવાહન કલિંગાધિપતિ સમ્રાટ ખારવેલના રાજ્ય-સમય વીર નિ. સં. ૩૦૦થી ૩૩૦ સુધીના મધ્યનો હોય તેમ સંભવિત છે.

## ચોથી આગમ-વાચના

વિ. સં. ૫૮૦થી ઉત્તર ભારતમાં ભયંકર દુકાળ ફેલાઈ ગયો.

અંતિમ દશપૂર્વધર, બાળપણથી જ પરમ વૈરાગી અને અનુપમ-સંવેગને ધારણ કરનારા

શ્રીવજ્રસ્વામીજીએ પોતાના પટ્ટધર શ્રીવજ્રસેનસૂરિજી મહારાજને પોતાના અનશન-સમયે સૂચના આપી હતી કે "મારા સ્વર્ગગમન બાદ ભયંકર દુકાળ પડવાનો છે, પરંતુ જે દિવસે એક લાખ સૌનેયા વડે ખરીદાયેલ એક હાંડી (=તપેલી) જેટલો ભાત રંધાતો જોવા મળે, તેના બીજા જ દિવસે સુકાળ થશે તેમ જાણશો."

આ દુકાળ અતિ ભીષણ હતો. આ દુકાળ દરમિયાન સાધુઓના અનેક ગણો, કુળો અને વાચકવંશો નામશેષ થઈ ગયા, તેથી બુદ્ધિશાળી અને પ્રતિભાશાળી મુનિવરો કે જેઓ આગમોનો વારસો સાચવનારા હતા તેઓની સંખ્યા અતિ અલ્પ બની ગઈ.

વાચનાચાર્ય પૂ. આ. શ્રી નંદિલસૂરિજી મ.! યુગપ્રધાન આ. શ્રી આર્યરક્ષિતસૂરિ મ. અને ગણાચાર્ય આ. શ્રીવજ્રસેનસૂરિજી મ. તે સમયે શ્રીસંઘમાં સુપ્રસિદ્ધ હતા.

અતિ ભીષણ દુકાળ! સમર્થ જ્ઞાની મહાપુરુષોની ચિરવિદાય! કેમ કરીને યોજવા શ્રીજિનશાસનની સુરક્ષાના અમોઘ ઉપાય?? આ મનોમંથનમાં નિમગ્ન સૂરિદેવ શ્રીઆર્યરક્ષિતસૂરિજી મહારાજા જેવા યુગપ્રધાન મહાત્મા વિચારે ચઢ્યાં.

"अहो! कर्मणां विषमा गतिः । વીર-વાણીને સુરક્ષિત કરવાના ઉપાયોને આયોજિત કરવામાં અમે નિષ્ફળ નીવડ્યા છીએ... પૂર્વે ત્રણ-ત્રણ આગમ-વાચનાઓ સંપન્ન થઈ છે. તેના દ્વારા જિનાગમોની સંકલના વ્યવસ્થિત અને સુચારુ કરવાની યોજના શ્રીશ્રમણ સંઘે કરી હતી, છતાં જિનાગમો સંપૂર્ણ સુરક્ષિત તો નથી જ. તેમાં મુખ્ય કારણો તરીકે-ભયંકર દુષ્કાળ અને લોકોનું ઘટતું જતું પ્રજ્ઞા-બળ અને સંહનન-બળ છે."

આ પરિસ્થિતિમાં ધારણા-શક્તિની અનુકૂળતા મુજબ આગમોનું સંકલન કરવું ખૂબ જરૂરી છે. જો આમ નહિ કરવામાં આવે તો શેષ સાધુઓ આગમ-વારસાને વ્યવસ્થિત જાળવી નહિ શકે, એક-એક સૂત્રમાં રહેલા ચાર-અનુયોગના અર્થને ગંભીરતાથી જાળવવા અતિ મુશ્કેલ છે, પણ તે જાળવવા પણ ખૂબ જરૂરી છે.

"જિનાગમોના પ્રત્યેક સૂત્રમાં ચાર-ચાર અનુયોગ સમાયેલા છે (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણ-કરણાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ અને આ રીતે આગમોના ગંભીર ગૂઢ-અર્થને સમજીને તેની ધારણા કરી શકે. તેવા શક્તિસમ્પન્ન સાધુઓની વર્તમાનકાળે ભારે અછત થવા પામી છે."

આ બધી વિચારણાઓ આચાર્યશ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજે સમકાલીન અન્ય પ્રભાવક આચાર્યો સાથે કરી અને તેમની સંમતિ પ્રાપ્ત કરી લીધી. ત્યાર બાદ તેઓશ્રીએ પ્રત્યેક સૂત્રના મુખ્ય મુખ્ય અર્થોને પ્રકરણોને આશ્રયીને વિભાગોમાં ગોઠવ્યા. અન્ય અર્થોને ગૌણ કર્યા અને સમગ્ર જિનાગમોનું સ્વતંત્ર રીતે નીચે જણાવ્યા પ્રમાણે ચાર વિભાગમાં વર્ગીકરણ કર્યું. આ વિભાગીકરણ એવું સુંદર થવા પામ્યું કે જેના કારણે ભવિષ્યકાલીન અલ્પ પ્રજ્ઞાવાળા છતાં મેધાવી મુનિવરોને મુખપાઠ કરવામાં સરળતા થઈ અને દુર્ગમ-અનુસંધાન સુગમ બનવા પામ્યું.

(૧) દ્રવ્યાનુયોગ- જેમાં બારમું અંગ "દૃષ્ટિવાદ" આવે.

(૨) ચરણ-કરણાનુયોગ- જેમાં "અગિયાર અંગો", "છેદ સૂત્રો", "મહાકલ્પ ઉપાંગો" અને "મૂળસૂત્રો" આવે.

(૩) ગણિતાનુયોગ- જેમાં "સૂર્યપ્રજ્ઞપ્તિ" અને "ચંદ્રપ્રજ્ઞપ્તિ" "જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ" વગેરે આવે.

(૪) ધર્મકથાનુયોગ- જેમાં "ઋષિભાષિત" અને "ઉતરાધ્યયન સૂત્ર" વગેરે આવે.

આ રીતે આચાર્યશ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજે ચાર અનુયોગની વ્યવસ્થા કરી અને આગમોને ચિરંજીવ બનાવ્યા.

આ બાબતને વર્ણવનારી એક ગાથા "શ્રીઆવશ્યક-નિર્યુક્તિમાં" પ્રાપ્ત થાય છે, જેનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ

"દેવેન્દ્રો દ્વારા વંદિત મહાનુભાવ આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજે કાળબળનો વિચાર કરીને જિનાગમના અનુયોગને ચાર વિભાગમાં વહેંચી દીધો."

આ રીતે વીર સં. ૫૯૨ લગભગમાં દશપુર નગરમાં (= આજના માલવાના મંદસૌર નગરમાં) આ. શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજ-હસ્તક ચોથી આગમ-વાચના સંપન્ન થઈ.

## પાંચમી આગમ-વાચનાઃ

ત્યાર બાદ વીર સં. ૮૩૦થી ૮૪૦ના સમયગાળાની વાત છે. પૂ. આ. શ્રી સ્કંદિલાચાર્યજીએ ઉત્તરાપથના મુનિવરોને મથુરામાં એકત્રિત કર્યા અને આ. સ્કંદિલસૂરિજીના સમકાલીન નાગેન્દ્રવંશના પરમ પ્રભાવક શ્રીહિમવંત ક્ષમા-શ્રમણના શિષ્ય આ. શ્રી નાગાર્જુનસૂરિજીએ દક્ષિણપથના મુનિવરોને વલભીપુરમાં એકત્રિત કર્યા. આ પ્રમાણે મુનિઓનું મિલન કરાવવાનો હેતુ આગમ-વાચના દ્વારા આગમોની સંકલના કરાવવાનો હતો.

તે સમયે સૌરાષ્ટ્રમાં જૈનધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચે ભારે સંઘર્ષ ચાલી રહ્યો હતો. મધ્ય ભારતમાં હૂણો અને ગુપ્તો વચ્ચે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું હતું. તેમાં વળી બાર વર્ષનો દારુણ દુકાળ શરૂ થઈ ચૂક્યો હતો.

આ બધા કારણસર જૈન શ્રમણોની અને વિશેષરૂપે શ્રુતધર શ્રમણ ભગવંતોની ભારે ખોટ ઊભી થઈ ગઈ. આગમો સાવ લુપ્ત થઈ જાય તેવી ભારે કટોકટીભરી સ્થિતિ સર્જાઈ ગઈ.

આ પરિસ્થિતિના નિવારણ કાજે જિનશાસનના પ્રાણાધાર આગમોની સુરક્ષા કરવા માટે આ. શ્રી સ્કંદિલસૂરિજી મહારાજે મથુરામાં અને આ. શ્રી નાગાર્જુનસૂરિજી મહારાજે વલભીપુરમાં ગીતાર્થ મુનિવરોને ભેગા કર્યા અને આગમ-સાહિત્યની સંકલના કરી.

આ બે વાચનાઓ બે-બે અલગ અલગ ધુરંધર ધર્માચાર્યોની પુણ્યનિશ્રામાં થવા પામી. જે બંને સ્થાનો અતિ દૂર હતાં. પૂર્વે થયેલ વાચનાઓ કરતાં આમાં વિલક્ષણતા એ હતી કે પૂર્વીય વાચના-સમયે સંપૂર્ણ શ્રમણસંઘનું બૃહદ્ સંમેલન થયું હતું, જ્યારે આમાં આવું બૃહદ્ શ્રમણ-સંમેલન થવા ન પામ્યું.

આનો સૂચિતાર્થ એ નીકળે છે કે, "તે સમયે ભારતવર્ષમાં ભારે અંધાધૂંધી મચવા પામી હશે, જેના કારણે આવા મહત્ત્વપૂર્ણ અને જિનશાસનના પ્રાણાધાર-સમા આગમોને સંકલિત કરવાનો સુઅવસર હતો, છતાં તત્કાલીન સંપૂર્ણ શ્રમણ-સંઘ ભેગો થઈ ના શક્યો અને જુદા જુદા સ્થળે આગમ-વાચનાઓ કરવી પડી."

શ્રીનંદીસૂત્ર-ચૂર્ણિ-વૃત્તિ આદિના આધારે આ કાર્યમાં પરસ્પર સંમતિ લેવાઈ હોવાનું જણાય છે. આનો અર્થ એ થયો કે ગીતાર્થોની સલાહ-સૂચના અનુસાર યોગ્ય સંમતિ સમ્પ્રાપ્ત કર્યા બાદ અશક્ય-પરિહાર સમજીને આ જુદી જુદી વાચનાઓ થઈ હોય તેમ જણાય છે.

"દેશમાં પુનઃ શાંતિનું વાતાવરણ સર્જાય, પછી આપણે બધા ભેગા થઈશું અને માથુરી તથા વાલભી વાચનાઓના પાઠભેદોનું સમન્વયપૂર્વક નિરાકરણ કરીશું." આ પ્રકારની પારસ્પરિક મસલત થઈ હશે જ, જે તે સમયની દેશની ભયંકર પરિસ્થિતિનો ખ્યાલ આપે છે.

યોગશાસ્ત્રની વૃત્તિમાં આ રીતે ઉલ્લેખ મળે છે તથા કેટલાક આચાર્યોનો એવો મત પણ છે કે આ પાંચમી આગમ-વાચનાના અવસરે આગમોના પાઠોનું સંકલન તો કરાયું જ હતું, પરંતુ બંને સ્થળે આગમોનું પુસ્તકારાહેણ પણ કંઈક અંશે કરવામાં આવ્યું હતું. તેનું કારણ એ હતું કે અલ્પ બુદ્ધિવાળા જીવો હવે આગમોને મુખપાઠ રાખી શકે તેવો સંભવ નથી. વળી, તેમ કરવામાં પાઠોની હેરફેર કે વિનાશ થવાનો પણ સંભવ છે. આ પ્રકારની ગીતાર્થ આચાર્યોની વિચારણા અનુસાર આગમ-લેખન થવા પામ્યું હતું.

પૂ. આ. શ્રી સ્કંદિલસૂરિજી મહારાજનો અને પૂ. આ. શ્રી નાગાર્જુનસૂરિજીનો જીવન-પરિચય પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મહારાજે (ત્રિપુટી મહારાજે) લખેલા "જૈન પરમ્પરાનો ઈતિહાસ" ભા. ૧માં "આ. શ્રી સ્કંદિલસૂરિજીનો પરિચય" એ નામના પ્રકરણમાં નીચે મુજબ વર્ણિત છે.

## આ. શ્રી સ્કંદિલસૂરિજી :

આ આચાર્ય મથુરાના રહેવાસી ધર્મે જૈન બ્રાહ્મણ મેઘરથ અને રૂપરેખા બ્રાહ્મણીના પુત્ર સોમરથ નામના હતા.

તેઓએ આર્ય વજ્રસ્વામી અને આર્યરથની પરંપરાના કાશ્યપ ગોત્રવાળા સ્થવિર આર્યસિંહના ઉપદેશથી વૈરાગ્ય પામીને આર્યધર્મ પાસે તેમણે દીક્ષા લીધેલી અને બ્રહ્મદીપિકા શાખાના આ. સિંહસૂરિ વાચનાચાર્ય પાસેથી આગમ તથા પૂર્વનું જ્ઞાન મેળવીને વાચકપદ પ્રાપ્ત કર્યું હતું.

યુગપ્રધાન યંત્રના આધારે તેમનો વાચનાચાર્ય-કાળ વીર સં. ૮૨૬નો છે.

આ વાચનાના સંચાલક આ. સ્કંદિલસૂરિ સંબંધી એક ગાથા શ્રીનંદીસૂત્રની પટ્ટાવલિમાં મળે છે.

जेसि इमो अणुओगो, अज्जावि अड्ढभरहम्मिा ।
बहुगण रणिडगय जसे, ते वंदे खंदिलायरिए ॥

## આ. શ્રી નાગાર્જુનસૂરિજીનો પરિચય:

આ. શ્રી નાગાર્જુનસૂરિજીનો જન્મ વીર નિ. સં. ૭૯૩માં દીક્ષા ૮૦૭માં, યુગપ્રધાનપદ ૮૨૬માં અને સ્વર્ગવાસ ૯૦૪માં ૧૧૧ વર્ષની વયે થયો હતો.

આ. શ્રી સ્કંદિલાચાર્ય મહારાજે કરેલી આ વાચનાના સમય અંગેનો ઉલ્લેખ સુરત-ગોપીપુરામાં વિ. સં. ૨૦૦૭માં થયેલ "શ્રીઆગમોદ્ધારક ગુરુમંદિરમાં" આ. શ્રી સ્કંદિલાચાર્યજી મ.ના વાચનાના ચિત્રપટમાં વીર નિ. સં. ૮૨૭થી ૮૪૦ લગભગનો બતાવેલ છે.

## છઠ્ઠી આગમ-વાચના :

વાચક-વંશના વાચનાચાર્ય પૂજ્યપાદ આચાર્યશ્રી સ્કંદિલસૂરીશ્વરજી મહારાજે કરેલી માથુરી-વાચનાના વારસદાર હતાઃ પૂ. આ. શ્રીદેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ અને પૂજ્યપાદ આ. શ્રી નાગાર્જુન સૂરીશ્વરજી મહારાજે કરલી વાલભી-વાચનાના વારસદાર હતાઃ પૂ. આ. શ્રીકાલકસૂરિજી મહારાજ.

દેશની પરિસ્થિતિ સુધારા ઉપર આવતાં દૂરદૂર રહેલા આ બંને સૂરિદેવો ભેગા થયા અને શ્રુતપરંપરામાં આવેલી મંદતાને ધ્યાનમાં લઈ તત્કાલીન શ્રી શ્રમણ-સંઘને ભેગો કર્યો. એમાં ૫૦૦ની સંખ્યામાં આચાર્યદેવો એકત્રિત થયા હતા અને વલભીપુરમાં ૧૩ વર્ષ સુધી લાગલગાટ તાડપત્રો ઉપર આગમ લેખનનો મહાયજ્ઞ ચાલ્યો હતો એમાં એક ક્રોડ ગ્રંથોનું આલેખન કરવામાં આવ્યું હતું એટલે ઓછામાં ઓછા એક અબજ શ્લોકની કલ્પના કરી શકાય અને બીજી એ પણ કલ્પના કરી શકાય કે જો આચાર્યદેવોની સંખ્યા ૫૦૦ની હોય તો સાધુ ભગવંતોની સંખ્યા કેટલી હોઈ શકે? એક આચાર્ય દીઠ પાંચ સાધુને સમજીએ તોય ૨૫૦૦ની સંખ્યા થાય. હવે જો સાધુ ભગવંતો ૨૫૦૦ હોય તો સાધ્વીજીઓની સંખ્યા કેટલી કેટલી હોઈ શકે તો પછી જૈનોની આબાદી કેટલી માની શકાય? અને એની સામે જૈનેતરોની સંખ્યા તો વિસ્મયકારી જ હોય ને? તો પછી આટલી મોટી જન સંખ્યાને પોતાનામાં સમાવતા વલભીપુરનું ક્ષેત્રફળ કેટલું વિશાળ હોઈ શકે? આજના આનંદપુર, પછેગામ અને મહાતીર્થ શ્રીઅયોધ્યાપુરમ્ આદિ વલભીપુરના જ ભાગ તરીકે મનાય અને આ બધી ભૂમિમાંથી નીકળતા પ્રાચીન અવશેષો પણ આ જ વાતની ગવાહ પૂરે છે. આ આગમ-વાચનાની સફળતા માટે શ્રી શત્રુંજય-અધિષ્ઠાયક શ્રીકપર્દીયક્ષ વગેરેની સહાય પણ લીધી હતી અને બંને મહાત્માઓએ વલભીપુર (=વળા- સૌરાષ્ટ્ર)માં આગમ-વાચના કરીને આગમોને ચિરંજીવતા બક્ષી હતી.

આ વાચનામાં ચોર્યાશી આગમોનું સુવ્યવસ્થિત સંકલન કરવામાં આવ્યું હતું અને તાડપત્રનાં પૃષ્ઠો ઉપર સાધુઓએ લિપિબદ્ધ કરીને આગમોને પુસ્તકારૂઢ કર્યા હતા. તદુપરાંત બીજા પણ મહત્ત્વપૂર્ણ શાસ્ત્રગ્રંથોનું પુસ્તકાલેખન કરવામાં આવ્યું હતું.

પાંચમી આગમ-વાચના સમયે વાચનાચાર્ય શ્રીમદ્ સ્કન્દિલસૂરિજી મહારાજ અને પૂ. આ. શ્રીમદ્ નાગાર્જુનસૂરિજી મહારાજ કાળ-બળના પ્રતાપે ભેગા થઈ શક્યા ન હતા, પરંતુ તે વાચના-સમયે કેટલાક જાણકારોના મત પ્રમાણે આગમોનું પુસ્તકાલેખન થયું હતું, છતાં તે માથુરી અને વાલભી વાચનામાં રહી ગયેલા પાઠભેદોનો આ છઠ્ઠી વાચનામાં સમન્વય કરવામાં આવ્યો અને બહુશ્રુત ગીતાર્થોની સૂચના અનુસાર એક પાઠ નક્કી કરવામાં આવ્યો હતો.

આ વાચનાનો સમય વીર નિ. સં. ૯૮૦નો છે. પૂ. આ. શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના દીક્ષાગુરુ હતાઃ પૂજ્યપાદ આ. શ્રી લોહિત્યસૂરિજી મહારાજ, તેમની પાસે ભણી-ગણીને પૂ. દેવર્દ્ધિગણિવરે "ગણિપદવી" મેળવી અને ઉપકેશ-ગચ્છના આચાર્ય પૂ. શ્રી દેવગુપ્તસૂરીશ્વરજી મ. પાસે એક પૂર્વ અર્થ સાથે અને બીજું પૂર્વ મૂળ-ભણીને "ક્ષમા-શ્રમણ" પદ મેળવ્યું, કેમ કે નીચે જણાવેલી ગાથાના અર્થ મુજબ 'ક્ષમા-શ્રમણ' પદ પૂર્વધારીને જ લાગુ પડે છે.

वाई य खमासमणे, दिवापरे वायगदति एगट्ठा ।
पुव्वगयंमि य सुते, एए सद्दा पउंजंति ॥

**ભાવાર્થ :** પૂર્વધારી મુનિવરોના નામની સાથે 'વાદી', 'ક્ષમાશ્રમણ', 'દિવાકર' અને 'વાચક' શબ્દો એક અર્થ રૂપે (સમાન અર્થમાં) વપરાય છે.

આ શબ્દો પ્રાચીનકાળમાં 'પૂર્વધારી' અર્થના સંકેતરૂપે વપરાતા હતા.

પૂ. આ. શ્રીદેવર્દ્ધિગણિવર ક્ષમાશ્રમણનો સ્વર્ગવાસ વીર નિ. સં. ૧૦૦૦માં શ્રીશત્રુંજયગિરિરાજ ઉપર અનશનની સાધનાપૂર્વક થવા પામ્યો હતો.

તેમના પછી તરત જ અંતિમ પૂર્વધર યુગપ્રધાન આચાર્યદેવ શ્રી સત્યમિત્રસૂરિજી મ. પણ સ્વર્ગે પધાર્યા. ત્યાર બાદ પૂર્વના કોઈ જાણકાર રહ્યા નહિ, તેથી વીર નિ. સં. ૧૦૦૦માં પૂર્વજ્ઞાનનો વિચ્છેદ થયો તેમ મનાય છે. પૂજ્યપાદ શ્રીદેવર્દ્ધિગણિ મહારાજ, પંચમ ગણધર ભગવંત શ્રીસુધર્માસ્વામીજીથી પચ્ચીસમા વાચનાચાર્ય હતા (શ્રીનંદી-સૂત્રની થેરાવલીના આધારે).

આ માટે જુઓ: પૂ. મુનિશ્રી દર્શન વિજય મ. લિખિત "જૈન પરમ્પરાનો ઈતિહાસ" ભાગ-૧માં પ્રકરણ ૧૩મું (પેજ નં. ૨૯૭).

## આ. શ્રી કાલકસૂરિજી મ.નો પરિચય

પૂ. આચાર્યદેવ શ્રી કાલકસૂરિજી મહારાજ એટલે પૂ. આચાર્યદેવ શ્રી નાગાર્જુનસૂરિજી મહારાજની પરંપરામાં થયેલા છઠ્ઠી આગમ-વાચના કરનારા પૂ. આ. શ્રીદેવર્દ્ધિગણી મહારાજના સહાયકારક ચોથા કાલકાચાર્યજી મહારાજ.

જેઓનો યુગપ્રધાન-સમય વીર નિ. સં. ૯૮૩થી ૯૯૪નો હતો.

વીર સં. ૯૯૩માં આનંદપુરમાં વલભી-વંશના રાજવી ધ્રુવસેન (પ્રથમ)ના પુત્રનું મૃત્યુ થતાં રાજાના હૃદયમાં ઘોર શોક વ્યાપી ગયો. તે શોકનું નિવારણ કરવા કાજે સકળ શ્રીસંઘ સમક્ષ ધ્રુવસેન રાજાની રાજસભામાં શ્રીકલ્પસૂત્ર મહાન આગમની વાચના પૂ. આ. શ્રી કાલકસૂરિ મહારાજે ફરમાવી હતી ત્યારથી કલ્પસૂત્ર-શાસ્ત્ર આજે પણ પર્યુષણા-મહાપર્વ દરમિયાન જાહેરમાં ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ વંચાય છે.

પૂ. આ. શ્રી કાલિકસૂરિ મહારાજની પાટે બીજા ઉદયના આઠમા યુગપ્રધાન અને અંતિમ પૂર્વધર પૂ. આ. શ્રી સત્યમિત્રસૂરિજી મહારાજ થયા. તેઓશ્રી છેલ્લા પૂર્વધર તો હતા જ, ઉપરાંત વાચક-વંશના પણ અંતિમ વાચનાચાર્ય પણ હતા. આ સૂરીશ્વરની વિદાય થતાં વાચક-વંશ સમાપ્ત થયો.

ઉપર વર્ણન કર્યા પ્રમાણે ભગવાનશ્રી મહાવીરદેવના શાસનમાં પ્રાચીનકાળમાં છ વાચનાઓ થઈ. વીરશાસનમાં કાળના વિષમ-પ્રભાવે ધારણાશક્તિ ઘટવાના કારણે અને દુષ્કાળ આદિના કારણે વિનાશ તરફ ધસતા જતા આગમ-શ્રુતને બચાવવામાં આ વાચનાઓ અતિ ઉપકારક સાબિત થઈ. આ છ વાચનાઓ થઈ તે પ્રભુ વીરના નિર્વાણથી ૧૦૦૦ વર્ષના સમય દરમ્યાન જ થઈ. ત્યાર બાદ આ પ્રકારની આગમ-વાચના થયાનો ઉલ્લેખ ઉપલબ્ધ થતો નથી.

અઢારમી સદીની સમાપ્તિના સમયથી, દુષમ કાળના વિષમ પ્રભાવથી શિથિલાચાર પાંગરવા માંડ્યો. આગમિક-જ્ઞાનની પરંપરા સુવિહિત ગીતાર્થ અને આચાર-સમ્પન્ન શ્રમણોના હાથમાં રહી નહિ.

તેનું દુષ્પરિણામ એ આવ્યું કે હસ્તલિખિત પ્રતોમાં પથરાયેલા આગમો અધિકારી પુરુષને પણ પ્રાપ્ત થવા દુર્લભ બન્યા.

છેલ્લે... વીસમી સદીના ઉત્તરાર્ધની વાત કરીએ. આ સમય દરમિયાન સુવિહિત સંવેગી સાધુઓમાં આચાર-નિષ્ઠા અનુમોદનીય હતી. વિશિષ્ટ વૈરાગ્યની પ્રબળ ભૂમિકા પણ સર્જાઈ ચૂકી હતી, છતાં આ બધાને ટકાવવા માટે આવશ્યકતા હતી : આગમની, મૂળ સરવાણી શ્રમણસંઘમાં વહેતી રહે તેની, પરંતુ ગમે તે કારણે આગમોની પઠન-પાઠનની શાસ્ત્રીય પરંપરા સુરક્ષિત ન રહી. જે થોડી પણ આગમ-પઠન-પાઠનની પરંપરા જળવાઈ તે અલ્પ માત્રામાં હતી.

સામાન્ય મુનિવરોને તો આગમિક પદાર્થોનું સુવિહિત ગીતાર્થોના શ્રીમુખેથી શ્રવણ કરવાનું પણ દુર્લભ થઈ જવા પામ્યું હતું.

આવા અવસરે શ્રીશ્રમણસંઘની અઢાર પ્રસિદ્ધ શાખાઓમાં અત્યંત પ્રભાવશાળી સાગર-શાખાના અપૂર્વ પ્રતિભાસમ્પન્ન વાદીકેસરી પ્રૌઢ ધીષણાશાળી પૂ. મુનિરાજ શ્રી ઝવેરસાગરજી મહારાજના એક શિષ્ય આગળ આવ્યા.

જે શિષ્યને માત્ર નવ જ મહિનાનો ગુરુ-સહવાસ સંપ્રાપ્ત થયો હતો, છતાં પૂર્વજન્મની અપૂર્વ આરાધનાના પ્રભાવે જેમણે એકલે હાથે ન્યાય-વ્યાકરણ આદિ સાધનગ્રંથોમાં અગાધ વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી અને પૂ. ગુરુદેવ શ્રી ઝવેરસાગરજી મહારાજના જ્યારે અંતિમ શ્વાસ ચાલતા હતા ત્યારે તેઓ-શ્રીમદે શિષ્યને અંતિમ હિત-વચન સંભળાવ્યું કે, "बेटे आगमों का अध्ययन बराबर करना". ગુરુનાં આ વચનો પાછળ રહેલી ઊંડી આંતર-આશિષ શિષ્યનું પ્રેરક પરિબળ બની ગયું. ગુરુ-પ્રેરણાને પામીને આપબળે શિષ્યે આગમોનું તલસ્પર્શી અગાધજ્ઞાન પ્રાપ્ત કર્યું અને વીર નિ. સં. ૨૪૪૦ વિ. સં. ૧૯૭૦માં કો'ક મંગળ ચોઘડિયે જિનશાસનના મહાન ધુંરધર અને સમર્થ શાસન-પ્રભાવક શાસ્ત્ર-પારગામી સૂરિદેવ શ્રી જૈન સંઘ સમક્ષ આ પ્રશ્નને ફરી ઉપસ્થિત કરે છે :

"હે મહાનુભાવો! પ્રાચીનકાળમાં બાર-બાર વર્ષના દુકાળો આવી ગયા. રાજ્યક્રાંતિનાં પ્રબળ આંદોલનો અને ધર્માંધતાભર્યા ઝનૂની અત્યાચારો પણ થઈ ચૂક્યા. દ્રવ્ય-વિદનોના આ ઝંઝાવાતમાંથી આગમોના વારસાને સુરક્ષિત રાખવા માટે તત્કાલીન યુગપ્રધાન સમર્થ આચાર્યદેવોએ ભારે જહેમત કરી હતી અને છ-છ વાચનાઓ ફરમાવીને જિનાગમોને તેના મૂળ સ્વરૂપમાં ટકાવી રાખ્યા.

પણ... હવે આજની બ્રિટિશ ગવર્નમેન્ટના રાજ્યમાં નથી તો કોઈ રાજકીય ઉપદ્રવો... નથી હડહડતા ભયંકર દુકાળો કે નથી ધર્માંધતાપૂર્ણ ઝનૂનીઓના અત્યાચારો! છતાં આપણા જિનશાસનમાં વર્તમાન શ્રમણ-સંઘમાં આગમોના જાણકારો કેટલા? અતિ વિરલ. આંગળીના વેઢા જેટલાય નહિ.

જે કોઈ આગમજ્ઞ પુરુષો છે તે પણ પોતાનો વારસો નિજ-શિષ્યોને સુપરત કરી શકે તેવી સ્થિતિમાં નથી, કારણ કે વચ્ચેના સંઘર્ષ-કાળ દરમિયાન આગમોના પઠન-પાઠન વગેરે માટે જરૂરી પ્રતો ઉપલબ્ધ બનતી ન હતી. પરિસ્થિતિ ઘણી વિષમ છે. આજે યોગ્ય અને પરિણતિ પામેલા સાધુપુરુષોના હાથમાં આગમો આવી શકતા નથી. આના કારણ તરીકે માનસિક ઉદારતાનો દુકાળ કહો અથવા તો પાશ્ચાત્ય કેળવણીનો પ્રતાપ કહો, પણ આ બધા કારણે આગમોના અધ્યયન-અધ્યાપનને અભૂતપૂર્વ ધક્કો પહોંચ્યો છે એ હકીકત છે. આ પરિસ્થિતિમાં પરિવર્તન આવવું જ જોઈએ અને આગમોનું મૌલિક જ્ઞાન શાસ્ત્રીય પદ્ધતિ મુજબ પૂજ્ય શ્રમણ-શ્રમણી વર્ગમાં વૃદ્ધિંગત બને તે અત્યંત આવશ્યક છે.''

આ પ્રકારની વિચારધારા તત્કાલીન શ્રમણ-સંઘના મુખ્ય આચાર્યદેવો સમક્ષ રજૂ કરવામાં આવી અને શ્રમણ-સંઘમાં આગમોના અભ્યાસ તરફ રસ-રુચિ ઉત્પન્ન થાય. વળી, સંયોગોની વિષમતા વગેરે વિભિન્ન કારણસર આગમોના સમ્યગ્જ્ઞાનથી વંચિત રહેલાં સાધુ-સાધ્વીજીઓ તે લાભથી અન્વિત બને તેવી મંગલ-કામના તે મહાપુરુષના હૃદયમાં રમતી રહી.

ત્યારે આગમ ગ્રંથોની ઉપલબ્ધિ બહુ જ દુર્લભ બની હતી. મહામહેનતે અને એય અપૂર્ણ અને જીર્ણ-શીર્ણ સ્થિતિમાં પ્રાપ્ત થતી હતી. મારી આ સ્થિતિ તો બીજાઓની તો કેવી દુર્દશા? આનું નિરાકરણ એક જ હોઈ શકે સર્વપ્રથમ આગમ ગ્રંથોની અનાવશ્યક દુર્લભતા દૂર થવી જોઈએ. એ માટે મારી પાસે જે કંઈ આગમ ગ્રંથો છે એનું સંશોધન મર્યાદિત સંખ્યામાં મુદ્રણ કરાવી સુયોગ્ય પાત્રોના હાથમાં પહોંચાડવું. આ માટે તે મહાપુરુષે જાત-મહેનતે પ્રેસકોપીથી માંડીને પ્રૂફસુધારણા સુધીની સંપૂર્ણ જવાબદારી પોતે સંભાળી લીધી અને એ રીતે આગમ ગ્રંથોની મર્યાદિત પ્રતિઓ છપાવડાવી સામુદાયિક વાચનાઓ ગોઠવી.

વિ. સં. ૧૯૭૧થી ૧૯૭૭ સુધીમાં પાટણ, કપડવંજ, અમદાવાદ, સુરત, પાલિતાણા અને રતલામ એમ છ શહેરોમાં આ મહાપુરુષે જાહેરમાં સામુદાયિક-સ્તરે છ-છ મહિનાઓની આગમ-વાચનાઓ ગોઠવી. સેંકડો સાધુ-સાધ્વીજીઓને આગમો વાંચવાની પરિપાટી, નય અને નિક્ષેપથી અર્થ કરવાની પદ્ધતિ અને આગમિક પદાર્થોના ગૂઢ રહસ્યોની સમજણ વગેરે આ આગમધર મહાપુરુષે અખૂટ ભાવદયા અને વાત્સલ્યપૂર્ણ હૃદયે વાચનાઓના માધ્યમે આપી.

આજે પણ તે મહાપુરુષના શ્રીમુખેથી જેમણે આગમ-વાચનાઓનો રસાસ્વાદ માણ્યો છે તેવા જૂના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તે વખતની સ્થિતિનું વર્ણન કરતાં હર્ષવિભોર બની જાય છે અને હર્ષોલ્લાસપૂર્વક ગદ્ગદસ્વરે પૂ. આગમોદ્ધારક મહાપુરુષના અપ્રતિમ ઉપકારની સ્મૃતિને સતત વાગોળે છે.

## કોણ હતા : તે મહાપુરુષ?!!

પરમ વંદનીય પૂજ્યપાદ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે વલભીપુરમાં વિશાલ વાચના કરી ત્યાર બાદ પંદર સૈકા સુધી એવી વાચના થયાનો કોઈ ઉલ્લેખ ઉપલબ્ધ નથી પંદર સૈકા બાદ ફરીથી વાચનાના એ સિલસિલાને મૂર્ત-સ્વરૂપ આપનાર આગમોદ્ધારક પૂજ્યવર શ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી મ.



તે મહાપુરુષ એટલે પ્રાતઃ સ્મરણીય, આગમોદ્ધારક, ધ્યાનસ્થ સ્વર્ગત પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ જેઓ આબાલવૃદ્ધ સહુની જીભે "પૂ. સાગરજી મહારાજ"ના લાડીલા નામથી સુપ્રસિદ્ધ બન્યા હતા.

આ પૂજ્ય-પુરુષે છ સ્થાનોમાં કરેલી સાત સામૂહિક વાચનાઓમાં છવ્વીસ આગમ-ગ્રંથોની વાચના કરી હતી. (જેની નોંધ સાથેનાં પૃષ્ઠો ઉપર મુદ્રિત છે.)

વિ. સં. ૧૯૭૧થી ૧૯૭૭ સુધીમાં પૂર્વોક્ત પાંચ સ્થાનોમાં પૂજ્યપાદ સાગરજી મહારાજે સ્થાનિક સંઘોના આગ્રહથી સાત વાર આગમ-વાચનાઓ આપી, જેનો વિશાળ ચતુર્વિધ શ્રીસંઘે અપૂર્વ ઉલ્લાસ સહિત ઉમંગપૂર્વક લાભ લીધો. આ આયોજનમાં ૨૬ આગમોના લગભગ ૨,૩૩,૨૦૦ શ્લોક-પ્રમાણ વાચનાઓ સંપન્ન થઈ.

આ પ્રમાણે પરમાત્મા મહાવીર સ્વામીજીના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષે પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણી ક્ષમા-શ્રમણે છઠ્ઠી જે આગમ-વાચના કરી હતી, ત્યાર બાદ લગભગ દોઢ હજાર વર્ષ જેટલા સુદીર્ઘ સમય બાદ આ વાચનાઓ થવા પામી.

ભવ્ય જીવોને અતિ વિષમ દુઃષમા આરાના કુટિલ દુષ્પ્રભાવમાંથી ઉગારનાર અનુપમ આગમ-સાહિત્યને સુરક્ષિત રાખનારા અખિલ શ્રમણ-સંઘમાં જ્ઞાન-વૃદ્ધિ કરવાના શુભ હેતુસર સામુદાયિક વાચના કરનારા, પરમ-સૌભાગ્યશાળી, મહાપુરુષ, પ્રાતઃ સ્મરણીય, જગમશહૂર, શુભ પ્રતિષ્ઠાદાયક "આગમોદ્ધારક" બિરુદથી શોભતા, આગમાવતાર, આગમધર-બહુશ્રુત ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવ શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજસાહેબના જેટલા ગુણાનુવાદ કરીએ તેટલા ઓછા છે.

આ પરમતારક, પરમારાધ્યપાદ પુણ્યપુરુષે જીવનભર ત્રિકરણ યોગે આગમની ઉપાસના કરી હતી. તેમની તન્મયતા અવિરત શ્રુતોપાસના અભિનંદનીય અને અભિવંદનીય હતી.

તેઓશ્રીએ છેદ-ગ્રંથો સિવાયના તમામ આગમગ્રંથોનું પોતાની જાત-દેખરેખ હેઠળ મુદ્રણ કરાવ્યું.

કાગળમાં છપાયેલ-મુદ્રિત કરાયેલ આગમિક સાહિત્ય તત્કાળ તો ઉપયોગી બને જ, પણ તેની અવિચ્છિન્ન પરંપરા-ધારા ચાલે તે શક્ય ન હતું, તેથી આગમોને જો આરસ ઉપર કોતરાવીને લિપિબદ્ધ કરવામાં આવે તો તેનું આયુષ્ય કદાચ હજારો વર્ષનું બની જાય તે દૃષ્ટિએ તેમણે આગમમંદિરનાં નિર્માણ કરાવ્યાં.

## પાલિતાણામાં આગમમંદિરનું નિર્માણ

મૂર્તિપૂજા અને દયા-દાનના વિરોધીઓ તરફથી મૂળ આગમોમાં પાઠ-ભેદ કરાઈ રહ્યા હતા તથા પોતાની માન્યતાને અનુકૂળ ન હોય તેવા આગમ-પાઠોને કાઢી નાખવાની ધૃષ્ટતા પણ કરવામાં આવી રહી હતી, તેથી આગમોની મૌલિકતાનું રક્ષણ કરવું ખૂબ જરૂરી બન્યું હતું. તે માટે આગમમંદિરનાં નિર્માણ કરવાં આવશ્યક હતા.

પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજીએ આરસની શિલાઓમાં ભારે જહેમત અને કાળજીપૂર્વક ગીતાર્થ-માન્ય આગમ પાઠોને કોતરાવીને ચિરંજીવ બનાવવાનું મંગલ-કાર્ય કર્યું.

પૂ. પરમતારક ગુરુદેવ આગમોદ્ધારકશ્રીજીની પાવન-પ્રેરણાથી શ્રીશત્રુંજય તીર્થાધિરાજની જયતળેટીમાં અતિ દેદીપ્યમાન ભવ્ય દેવવિમાન તુલ્ય શ્રી વર્ધમાન જૈનાગમ મંદિરનું નિર્માણ થયું, જેમાં વર્તમાનકાળમાં ઉપલબ્ધ અતિ પ્રામાણિક પિસ્તાલીસ આગમોને સુંદર મકરાણા આરસની શિલાઓમાં કોતરાવવામાં આવ્યા છે. આ કાર્યમાં અત્યંત શુદ્ધિ જાળવવામાં આવી છે. પૂજ્યશ્રીએ જાતે ટકેદારી રાખીને અતિ શુદ્ધપણે આ કાર્ય સમ્પન્ન કરાવેલ છે અને એ રીતે પૂ. દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ દ્વારા નિર્ણીત કરાયેલ આગમ-પાઠોને શિલારૂઢ કરીને ચિરંજીવ બનાવાયા.

## સુરતમાં આગમમંદિર

આ જ પ્રમાણે... સૂર્યપુરી (સુરત)ના ગોપીપુરામાં શ્રી વર્ધમાન-જૈન તામ્રપત્ર-આગમમંદિરનું નિર્માણ પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજીની પુણ્ય-પ્રેરણાથી થયેલ છે.

આ ભવ્ય મંદિર માત્ર નવ મહિનામાં ત્રણ માળનું સુંદર ભવ્ય વિમાન-સદૃશ તૈયાર થયેલ છે.

આરસમાં કોતરાવેલા આગમો આપત્તિના સમયમાં સ્થાન-પરિવર્તન કરાવવા શક્ય ન બને, કારણ કે તેમ કરવામાં તૂટ-ફૂટનો ડર રહે. વળી, આરસની શિલાઓ અતિ ભારે હોય તે દૃષ્ટિએ પૂજ્યશ્રીજીએ પિસ્તાળીશેય આગમોને તામ્રપત્રમાં ઉપસાવેલા (ખોદાવેલા નહિ) અક્ષરો દ્વારા કોતરાવ્યા અને તે તામ્રપત્રમય આગમમંદિર અતિભવ્ય તૈયાર કરાવીને ભાવિ જિનશાસનના વારસદારોને અણમોલ આગમ-વારસો અર્પણ કર્યો. પૂજ્યશ્રીના વિરહ બાદ પૂજ્યશ્રીની પરંપરામાં આવેલા અનેક પૂજ્યોની પ્રેરણાથી પ્રભાસપાટણ, શ્રી શંખેશ્વર, પૂના, ઉજ્જૈન, મુંબઈ (પાર્લા), નવસારી, બામણવાડા આદિસ્થાને પણ આગમ મંદિરના નિર્માણ દ્વારા આગમ સુરક્ષા કાર્યો થવા પામ્યાં છે.

## આગમોદ્ધારકશ્રીજીની આગમ-ઉપાસના

આ રીતે આગમ-અવતાર, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આચાર્યદેવશ્રીએ... આગમ-જ્ઞાનનો શ્રમણ-સંઘમાં પ્રચાર થાય અને અનેક રીતે તેનું સંરક્ષણ થાય તેવો ભગીરથ પ્રયત્ન કર્યો. ભવિષ્યમાં મૂળસ્વરૂપે અખંડ આગમનો વારસો જળવાઈ રહે તેની ધારા અવિચ્છિન્નપણે ચાલુ રહે તે માટે શિલાઓ અને તામ્રપત્રો ઉપર આગમો કોતરાવીને આગમોનું સંરક્ષણ કરવા દ્વારા પૂજ્યશ્રીએ જિનશાસનની મહાન સેવા બજાવી છે.

આ રીતે... ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરદેવના શાસનમાં... આગમોના વારસાની અપૂર્વ સુરક્ષા કરનારા શાસન-પ્રભાવક પૂર્વકાલીન સમર્થ મહાપુરુષોએ અને વર્તમાનકાલીન મહાપુરુષે આગમ-વાચનાઓનું પ્રદાન કરવા દ્વારા જૈનશાસનની જે અભૂતપૂર્વ સેવા કરેલ છે તેની સંક્ષિપ્ત માહિતી આ લઘુ પુસ્તિકામાં આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## મારી આકાંક્ષા

આ બધું વાંચી-વિચારીને શક્તિસમ્પન્ન પુણ્યાત્માઓએ એવા પ્રયાસો સતત કરવા ઘટે કે જેના દ્વારા ભવિષ્યમાં આગમોની સુંદર સુરક્ષા થાય, તેની યોગ્ય સાચવણી થાય. ખાસ વર્તમાનકાળમાં દેખાવના પ્રચારના મોહમાં અટવાઈ જવા જેવું નથી. અયોગ્ય અને અપરિણત (આત્મા-પરિણતિના અભાવવાળી) વ્યક્તિઓના હાથમાં આપણો આગમ-વારસો જઈ ન પડે તેની પણ પૂર્ણ ટકેદારી રાખવી ઘટે.

### મારી પ્રાર્થના :

આ લઘુ પુસ્તિકામાં મારી અલ્પ-મતિ પ્રમાણે તથા સ્વ. પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી) પાસેથી મળેલ મૌખિક સમજણ પ્રમાણે અને તેઓશ્રીએ લખેલ "જૈન પરમ્પરાનો ઇતિહાસ" (ભાગ-૧લા)માં કરેલા કેટલાક ઉલ્લેખોના આધારે આગમ-વાચનાના વિષયને પોતાના અવબોધ માટે રજૂ કર્યો છે (જેનું શીર્ષક "આગમનાં અજવાળાં" આપવામાં આવ્યું છે).

શાસ્ત્રાજ્ઞા અને શાસન-પરંપરાથી વિરુદ્ધ કાંઈ રજૂ થઈ ગયું હોય તો તેની મિથ્યા-દુષ્કૃતપૂર્વક ક્ષમા યાચું છું.

મારા ખ્યાલ પ્રમાણે આજ સુધી કોઈ મહાનુભાવે આ વિષય ઉપર પ્રકાશ પાથર્યો નથી એટલે મારી જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે આ લેખ પ્રકાશમાં મૂક્યો છે.

મારી વિદ્વાન્ આગમજ્ઞ ગીતાર્થ મહાપુરુષોને આગ્રહભરી વિજ્ઞપ્તિ છે કે, તેઓ જરૂર આ વિષયમાં પોતાના અભિપ્રાય-આલોચન (વિચારણા) પ્રકાશિત કરે અને સંઘને આવા મહત્ત્વના વિષય અંગે જ્ઞાન પ્રાપ્ત થાય તેવાં આયોજન કરે.

**વીર નિ. સં. ૨૪૯૯**
**વિ. સં. ૨૦૨૯, આસો વદ-૧૧**
**ઉજમફઈની ધર્મશાળા**
**ઝવેરીવાડ, વાઘણપોળ**
**અમદાવાદ**

**લિ.**
**શ્રમણ-સંઘ સેવક**
**મુનિ અભયસાગર**

# વાચનાની પરબેથી...



ઠેર ઠેર વાચનાની પરબો યોજી આગમના ગંગા-પ્રવાહને વહેતો રાખવા માટે સતત કટિબદ્ધતા દાખવનાર

આગમવિશારદ પંન્યાસ-પ્રવર ગુરુદેવ શ્રી અભય સાગરજી મ.સા.

પૂજ્ય આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. પછી એમના જ પરિવારમાં એક મહાત્મા થઈ ગયા, જેઓ સુવિશુદ્ધ સમાચારીના પાલક, નવકાર મહામંત્રના અઠંગ સાધક હોવા સાથે મૂર્ધન્ય વિદ્વાન હતા. તેઓનું પુણ્યનામ છે પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ.!

આ મહાપુરુષે પણ આગમ-વાચનાની પરંપરાને સારી રીતે પોષી છે. ચાલો, એનો પણ અહેવાલ જોઈ લઈએઃ

પૂજ્યશ્રી (પં. શ્રી અભયસાગરજી મ.) વારંવાર ફરમાવતા કે આજે વ્યાખ્યાન કરતાં વાચનાની વિશેષ આવશ્યકતા છે. વ્યાખ્યાનમાં એક પદાર્થ ઉપર એટલો બધો વિસ્તાર થાય છે કે લીધેલો ગ્રંથ શાયદ જ પૂર્ણ થાય, જ્યારે વાચનામાં શાસ્ત્રની પંક્તિના આધારે થઈ શકે છે. આ વિચારને સફળ બનાવવા પૂજ્યશ્રી યત્ર-તત્ર વાચનાનું આયોજન કરતાં એમાં મૌલિક ગ્રંથો ઉપર ખૂબ સુંદર પ્રકાશ પાથરતાં.

અને આમેય પૂજ્યશ્રીની વાચના-પદ્ધતિ બહુ જ સરસ, સુંદર, સુગમ અને સરલ હતી. શાસ્ત્રની પંક્તિઓને વ્યાકરણના માધ્યમે ખોલવાની એમની ખાસ ખાસિયત હતી અને શાસ્ત્રીય પદાર્થોના મૂળમાં રહેલા ઐદંપર્યાય અર્થ (ગુરુ-પરંપરાથી આવતો અર્થ) સુધી લઈ જવામાં પૂજ્યશ્રીની માસ્ટરી હતી, આથી જ પૂજ્યશ્રીની વાચનામાં પ્રબુદ્ધ પુણ્યાત્માઓની ભીડ સદાય બની રહેતી એટલું જ નહિ, જ્યારે પણ મોટા મોટા આચાર્યોનો ભેટો થાય ત્યારે પૂજ્યશ્રીની વાચનાની અચૂક અપેક્ષા વ્યક્ત કરતાં જ.

એટલું તો મને યાદ છે કે પિંડવાડામાં પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરિ મ. કપડવંજમાં પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી માણિક્યસાગરસૂરિ મ. શિવગંજમાં પૂ. આચાર્યદેવ શ્રી રામસૂરિ મ. (ડહેલાવાળા) પાલિતાણામાં પૂજ્ય આચાર્યદેવ શ્રી રામચન્દ્રસૂરિ મ. શંખેશ્વરમાં પૂજ્ય આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરિ મ. સમી અને સાબરમતીમાં પૂજ્ય આચાર્યદેવ (એ સમયે પંન્યાસ) મુક્તિચન્દ્રસૂરિ મ. અમદાવાદમાં પૂજ્ય આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસૂરિ મ. (એ સમયે મુનિ) આદિએ પૂજ્યશ્રીને આગ્રહ કરી વાચના કરાવી હતી. (પૂ. આ. ભૂવનભાનુસૂરિ મ.ના)

અને પોતાના શિષ્ય પરિવાર સામે તો વાચનાનો જોરદાર મારો ચલાવતા. મોટી સંખ્યામાં પરિવાર એકત્રિત થયો હોય ત્યારે તો ચચ્ચાર વાર વાચના ફરમાવતા, જેથી કોઈ સાધુને બીજી આડી-અવળી પ્રવૃત્તિ કરવાની નવરાશ જ ન મળે! ટોળ-ટપ્પા કે ગપ્પાં કે વિકથામાં ઘૂસવાનો અવકાશ જ ન રહે.

અને એ વાચનાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા એવા પદાર્થો પીરસતા, જેથી અમારા જેવાના મગજમાં વર્તમાન-કાળના સંદર્ભમાં અસંગત અને બેવજૂદ જેવી દેખાતી સમાચારી-પ્રવૃત્તિ આજે પણ કેટલી બધી સમય-સંગત છે એની સમજણ બહુ જ સ્પષ્ટ રીતે થઈ જતી.

આમ, પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના ગ્રૂપમાં તો સદાય પ્રાયઃ વાચના આપતા જ હતા, પણ પછીથી પૂજ્યશ્રીએ સમૂહમાં અને જાહેરમાં વાચના દેવાની પણ શરૂઆત કરી...

સં. ૨૦૨૩માં ઈન્દોર ચોમાસા દરમ્યાન વેજલપુરના સુશ્રાવક શ્રી રતિલાલ પાનાચંદ ગાંધી આવેલા. એમણે પૂજ્યશ્રીને વિનંતી કરી.

'સાહેબ! કોઈ સુકૃત્ કરવાની ભાવના છે. એ બહાણે પ્રાપ્ત લક્ષ્મીનો સદ્‌વ્યય કરવાની ઈચ્છા છે. આપ ફરમાવો મારા લાયક કયું સત્કાર્ય હોઈ શકે?'

ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું કે અત્યારના દેશ-કાળને જોતાં આગમ-વાચના બહુ જરૂરી છે. પર્વના કાળમાં આવાં આયોજનો થતાં, જેથી ચતુર્વિધ-સંઘ એમાંય ખાસ પૂજ્ય શ્રમણ શ્રમણીવૃંદ આગમના પદાર્થો અને રહસ્યોથી સંબુદ્ધ બને.

'એ માટે શું કરવાનું?'

વધુમાં વધુ પૂજ્ય સાધુ-સાધ્વીજી એકત્રિત થાય અને બે-મહિના સુધી પ્રતિદિન ચારથી પાંચ કલાક વાચના થાય. તમારા વેજલપુર જેવા નાના ગામમાં આટલા બધાં સાધુ-સાધ્વીજી પધારે. એમને ગોચરી-પાણી નિર્દોષ મળે એ માટે વાચનાની સાથે ઉપધાનની આરાધના પણ આયોજાય તો ચતુર્વિધ સંઘની ભક્તિનો લાભ મળી શકે.

રતિભાઈના મગજમાં વાત બરાબર બેસી ગઈ. એમણે વેજલપુર સંઘની સમક્ષ વાત મૂકી, સંઘે પણ હરખથી વાત વધાવી લીધી.

આ અરસામાં રતિભાઈને બહુ મોટી ઉંમરે પુત્ર-રત્નની પ્રાપ્તિ થઈ. આગમ-વાચનાના વાતાવરણમાં જન્મ થવાના કારણે પુત્રનું નામ પણ દેવર્દ્ધિ રાખવામાં આવ્યું. (દેવર્દ્ધિ; એ લગભગ ૧૫૦૦ વર્ષ પૂર્વે આગમોને સર્વપ્રથમ વાર લિપિબદ્ધ કરનારા મહાપુરુષ હતાં) યોજનાને સફળ બનાવવા ચારે તરફથી તૈયારીઓ થવા લાગી. પરિણામે સં. ૨૦૨૪ પોષ

સુદ-૫ના દિવસે ભવ્ય ઠાઠ-માઠથી અને આગમયાત્રા કાઢવાપૂર્વક આગમ-વાચનાનો શુભારંભ થયો ત્યારે રતિલાલના પરિવારના સહુ સભ્યોએ સોનાની ગિનિથી આગમ-પૂજન કર્યું...

આ આગમ-વાચના રોજ સવારે ૯ થી ૧૧ અને બપોરે ૨ થી ૪ થતી હતી. એમાં

શ્રી આચારાંગ સૂત્ર ભાગ-૧ સંપૂર્ણ (શીલાંકાચાર્યની ટીકા)

શ્રી દશ પયન્ના મૂળ

શ્રી નંદિસૂત્ર મૂળ

શ્રી યતિદિન ચર્યા

શ્રી આવશ્યક સૂત્ર (અપૂર્ણ)

આદિ ગ્રંથોની વાચના થઈ. દર ચૌદશ અને આઠમના ઉપરોક્ત આગમના બદલે પૂજ્ય સાધુ-સાધ્વીજીના આચાર સંબંધી વાચના થતી. આ વાચનામાં સાધુ-સાધ્વી અને દીક્ષાર્થી સિવાય કોઈ જ ગૃહસ્થને હાજર ન રહેવાનો કડક નિયમ હતો.

આ વાચનામાં પૂજ્ય મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી દર્શનસાગરજી મ.
પૂજ્ય ગણિવર્ય શ્રી લબ્ધિસાગરજી મ.
પૂજ્ય ગણિવર્ય શ્રી સૂર્યોદયસાગરજી મ.
પૂજ્ય ગણિવર્ય શ્રી યશોભદ્રસાગરજી મ.
પૂજ્ય ગણિવર્ય શ્રી ત્રૈલોક્યસાગરજી મ.
પૂજ્ય ગણિવર્ય શ્રી વિમલસાગરજી મ.
પૂજ્ય ગણિવર્ય શ્રી શાંતિસાગરજી મ.
પૂજ્ય મુનિરાજ શ્રી રામચંદ્રવિજયજી મ.

આદિ ઠાણા ૪૦ ઉપસ્થિત હતા અને પૂજ્ય આચાર્યદેવ શ્રી નેમિસૂરિ મ.ના સમુદાયના તથા પૂજ્ય આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિ મ.ના એકસોથી વધુ પૂજ્ય સાધ્વીજી ભગવંતો તથા ત્રણસોથી અધિક ઉપધાનતપના આરાધકો હાજર રહ્યા હતા.

લગાતાર બે મહિના સુધી ચાલેલો આ જ્ઞાનયજ્ઞ ખૂબ જ રસાળ અને અદ્‌ભુત લાગતો હતો.

વયોવૃદ્ધ પૂ. ત્રૈલોક્યસાગરજી આદિ પૂજ્યો તો એમ જણાવતા હતા કે અમે પૂ. આગમોદ્ધારકશ્રીની પણ વાચના સાંભળી છે. એવી જ વાચના અહીં સાંભળવા મળે છે.

આ પછી બીજી આવી સમૂહ વાચના વિ. સં. ૨૦૨૯માં ઉજમફઇ ધર્મશાળા (અમદાવાદ) ખાતે ચોમાસામાં થયેલી. આ ચોમાસાનો મુખ્ય લાભ પૂજ્યશ્રીના પરમભક્ત હીરાભાઈ કોલસાવાળાએ લીધેલો. આ ચોમાસામાં અષાઢ વદ-૨થી કા. સુ-૧૩ સુધી ચાલેલી આ વાચનામાં

શ્રી આચારાંગ પ્રથમ શ્રુત સ્કંધ

શ્રી આચારાંગ દ્વિતીય શ્રુતસ્કંધ
શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અંતકૃત-દશાંગ સૂત્ર
શ્રી ઉપાસક દશાંગ સૂત્ર
શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર
શ્રી વિપાક સૂત્ર
શ્રી આવશ્યક સૂત્ર ભા. ૩ હરિભદ્રીય.
આદિ સૂત્રોનું વાંચન થયેલું.

આ વાચનામાં પૂજ્ય મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. આદિઠાણા ૧૪ સિવાય બીજા ૧૬ ઠાણા તથા પૂજ્ય સાધ્વીજી ૮૦ ઠાણા અને શ્રોતાવર્ગ ૧૫૦૦ જેવી સંખ્યામાં હાજર રહેતો.

આ વાચનામાં ખરતરગચ્છના પણ અમુક ઠાણા ઘણે દૂરથી આવતા અને બહુ જ બહુમાનથી સાંભળતા.

જ્ઞાનમંદિરથી પૂ. આ. શ્રી મુક્તિચંદ્રસૂરિજી આદિ પણ અવારનવાર પધારતા હતા.

આ વાચનામાં ઉત્સાહ એટલો બધો ઊછળતો હતો કે રોજ લાડુ આદિની પ્રભાવના થતી હતી.

વાચનાના સમાપન પ્રસંગે ભવ્ય રથયાત્રા, ભવ્ય મહોત્સવ તથા પ્રભુ મહાવીરથી આજ સુધી થયેલી આગમ-વાચના અને આગમ-સુરક્ષાની ઘટનાની રચનાઓ પણ કરવામાં આવેલી. એથી માહોલ આગમમય બની ગયેલો.

આ પછી ચોમાસા બાદ છાણી (વડોદરા) જવાનો પ્રસંગ બન્યો, કેમ કે તે સમયના મુનિ શ્રી અશોકસાગરજી, મુનિ શ્રી જિનચન્દ્રસાગરજી, મુનિ શ્રી હેમચન્દ્રસાગરજીના સંસાર-સંબંધે માતુશ્રી મંગુબહેનના સમાધિમય સ્વર્ગવાસ નિમિત્તે જિનેન્દ્રભક્તિ મહોત્સવનું આયોજન હતું.

આ નિમિત્તે પૂજ્યશ્રીની સાથે મુનિ શ્રી જિનચન્દ્રસાગરજી તથા હેમચન્દ્રસાગરજી દીક્ષાસ્વીકાર બાદ નવ વર્ષે પ્રથમ વાર જ છાણી પધાર્યા હતા, આથી શ્રી સંઘમાં અનેરો ઉત્સાહ જામ્યો હતો અને આવા આગમવેત્તા પૂજ્યશ્રી પધાર્યા હોવાથી શ્રીસંઘે આગમ-વાચના માટે વિનંતિ કરી... પૂજ્યશ્રીને આવી સ્વાધ્યાયની તક મનગમતી વાત હતી એટલે એ. વિ. સં. ૨૦૩૦ના માગ. વદ-૧થી માગ. વદ-૧૨ સુધી વાચના ચાલી. આ વાચના માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી મુંબઈથી આવેલા ચાણસ્માવાળા સુશ્રાવક શ્રી ચંપકલાલ કેશવલાલે આગમના ભવ્ય વરઘોડાનો લાભ લીધેલો.

આ વાચના શરૂઆતના દિવસોમાં બપોરે ૨.૩૦થી ૩.૩૦ ચાલતી અને પાછળના દિવસોમાં સવારે ૯.૩૦થી ૧૧.૩૦ ચાલતી.

આ વાચનામાં આખું ઉવવાઈ-સૂત્ર વંચાયું હતું.

આ વાચનામાં પૂજ્ય મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.ના ગ્રૂપ સિવાય. આ. શ્રી રામચન્દ્રસૂરિજીના પં. શ્રી અમરેન્દ્રવિજયજી પૂ. મોહનલાલજી મ.ના પં. શ્રી ચિદાનંદ મુનિ આદિ તેમ જ પૂ. બાપજી મ.ના સમુદાયના ૩૫ જેટલાં સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ આદિ વિશાળ શ્રોતાવર્ગ હાજર રહેતો.

છેલ્લે પોષ દશમીના સમૂહ અઠ્ઠમતપની આરાધના પણ સુપેરે થવા પામી હતી.

વળી વિ. સં. ૨૦૩૦ના ચોમાસામાં ફરી ઉજમફઇની ધર્મશાળા અમદાવાદમાં જ ચાતુર્માસ થવા પામ્યું. અહીં આ વખતે પણ આગમ-વાચના આયોજિત થવા પામેલ.

આ ચોમાસાનો પણ એક ઇતિહાસ છે.

ભારત ગવર્નમેન્ટ દ્વારા ભગવાન મહાવીર પ્રભુની ૨૫૦૦મા વર્ષની વિકૃત ઉજવણીના પડઘમ જોરશોરથી વાગતા હતા એના ઉપર રોક લગાવવા મહોપાધ્યાય દાદાગુરુદેવ શ્રી ધર્મસાગરજી મ. અદાલતીના રસ્તે આગળ વધી રહ્યા હતા અને એ માટે આ ચોમાસુ અમદાવાદમાં કરવું જરૂરી હતું અને એ જ સંદર્ભમાં સાબરમતી જૈન સંઘમાં ચોમાસુ પ્રાયઃ સુનિશ્ચિત થયું હતું, પણ પાછળથી સાબરમતી સંઘે જ પોતાના સંઘમાં ચોમાસુ ન કરવા વિનંતી કરી હતી. એની પાછળ કારણ એ હતું કે સરકાર દ્વારા આયોજિત ઉજવણીના મુખ્ય સૂત્રધાર જેવા કસ્તુરભાઈ લાલભાઈ હતા અને એનો વિરોધ કરનારા જ પૂજ્ય મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. હતા. હવે પોતાના જ સંઘમાં કસ્તુરભાઈના વિરોધમાં અવાજ ઊઠે એ સાબરમતી સંઘને પોષાય એમ ન હતું. પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંતે તુર્ત જ સાબરમતી ચોમાસાનો નિર્ણય પાછો લઈ લીધો... પણ ચોમાસુ કરવું છે તો અમદાવાદ જ તો ક્યાં કરવું? નિર્ણય લીધો કે ઉજમફઇની ધર્મશાળામાં જ કરવાનું રાખીએ. એ માટે ખુદ કસ્તુરભાઈને જ પોતાની અપેક્ષા જણાવી, કેમ કે ઉજમફઇની ધર્મશાળા એ કસ્તુરભાઈના પરિવારની કહેવાય કસ્તુરભાઈનો આખો પરિવાર અહીં જ પર્યુષણ આદિ આરાધના કરે. કસ્તુરભાઈએ તરત જ ખુશી સાથે સંમતિ દર્શાવી. એક બાજુ ૨૫૦૦મી નિર્માણ ઉજવણીવર્ષના તરફદાર અને બીજી બાજુ વિરોધદાર... છતાં બંનેએ એકબીજાને સમજી લીધા અને ચોમાસાની જય બોલાઈ ગઈ. એના સમાચારથી સાબરમતીનો સંઘ હબક્ ખાઈ ગયો. આશ્ચર્યચકિત બની ગયો કે જેના માટે આપણે ચોમાસુ કેન્સલ કર્યું એ જ કસ્તુરભાઈએ પોતાના જ ઉપાશ્રયમાં (ઉજમફઇની ધર્મશાળામાં) ચોમાસુ કરાવ્યું.

આ ચોમાસામાં પણ વાચનાનું બહુ જ સુંદર અને સરસ આયોજન થયું. અષાઢ વદ-૨થી આગમ-વાચના શરૂ થઈ ત્યારે ભવ્ય આગમ-યાત્રા નીકળી અને વાચના સંબંધી વિવિધ ચિત્રપટોથી સજાયેલા ખંડમાં વાચનાનો શુભારંભ થયો.

એમાં સુયગડાંગ સૂત્ર પ્રથમ શ્રુત સ્કંધનું વાંચન કા. સુ. ૧૦ સુધી ચાલ્યું.

બપોરે ૨.૩૦થી ૪.૦૦ સુધીની વાચના પૂજ્ય ઉપાધ્યાયજી મ.ની નિશ્રામાં થતી.

આ વાચનામાં ચતુર્વિધ સંઘના લગભગ ૫૦૦થી ૫૫૦ ભાવુકો લાભાન્વિત બનતા. એમાં અન્ય ગચ્છીય અને અન્ય સમુદાયી પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી (પૂ. બાપજી મ.ના)આદિ પૂજ્યો પણ પધારતા હતા.

વિ. સં. ૨૦૩૩ મહા સુદ ૬ મર્ચન્ટ સોસાયટી, અમદાવાદમાં પણ ખૂબ જ સુંદર વાચનાનું આયોજન થયું. આ વાચનાનું મૂળસ્ત્રોત પૂજ્ય બુદ્ધિસાગરસૂરિ મ.ના સમુદાયના પૂ. પં. શ્રી ભદ્રસાગરજી મ. હતા. આ વાચનામાં પૂજ્ય પંન્યાસ શ્રી પ્રબોધસાગરજી મ., પૂ. પંન્યાસ શ્રી સૌભાગ્યસાગરજી મ. પૂ. તત્ત્વવિશારદ મુનિરાજ શ્રી લલિતાંગસાગરજી આદિ વિશાળ શ્રમણ સમુદાય તથા એથીય વિશાળ શ્રમણીવૃંદ હતું. શ્રાવક અને શ્રાવિકાની સંખ્યા પણ ધ્યાનાકર્ષક હતી.

આ વાચનામાં મહા સુદ-૧૨ સુધી શ્રી સમવાયાંગ સૂત્ર મૂળ સાથે ચાલ્યું, તે પછી શ્રીમદ્ ભગવતીસૂત્ર પ્રથમ શતક સુધી અને તે પછી વાચના તો ચાલુ રહી પણ સ્થાન બદલાયું. શહેરમાં આંબલીપોળના ઉપાશ્રયમાં બીજું-ત્રીજું શતક સંપૂર્ણ વિવેચન સાથે થયું. આ વાચના મહા વદ-૧૩ સુધી ચાલી એટલે લગભગ સવા મહિના સુધી વાચના ચાલી.

વિ. સં. ૨૦૩૩નું ચાતુર્માસ પૂજ્યશ્રીનું સુરત મુકામે ગોપીપુરા વાડીના ઉપાશ્રયે થયું. પોતાના ગુરુદેવથી અલગ ચોમાસુ આ એક જ થવા પામ્યું છે. (અલગ ચોમાસાના આયોજનપૂર્વક). આ આખું જ ચોમાસુ પૂજ્યશ્રીની નિશ્રામાં ધમધમતું પસાર થયું. શાસનપ્રભાવક અનેક કાર્યો થયાં પણ એમાં આગમ-વાચના મુખ્યતયા તરી આવતી હતી.

સુરતીલાલાઓને પૂજ્ય આગમોદ્ધારક સાગરજી મ. પછી પ્રથમ વાર જ આવો અવસર સંપ્રાપ્ત થયેલો હોવાથી ઘણો જ ઉમંગ હતો. આગમ-વાચના પૂર્વે ભવ્ય આગમ-યાત્રા નીકળી હતી. એમાં ચાર ઘોડાની બગીમાં પિસ્તાલીસ આગમ પધરાવવામાં આવ્યા હતા. આગમ-પુરુષની પણ સ્થાપના કરવામાં આવી હતી. અષાઢ વદ-૨થી કા. સુ. ૫ સુધી આ વાચના પ્રવાહ ચાલેલો.

વાચના-ખંડને સુરતીઓએ વિવિધ ચિત્રપટ આદિથી ખૂબ સારી રીતે સજાવેલો. વાચનાના અર્ધા કલાક પૂર્વથી શ્રોતાવર્ગનો ધસારો ચાલુ થઈ જતો. આગમના તાત્ત્વિક પદાર્થોને ઝીલવા માટે પણ સુરતીલાલાઓનો આવો રસ નિહાળવાથી પૂજ્યશ્રી પણ ઘણા જ ઉત્સાહિત હતા.

પ્રતિદિન વાચના બે સમય ચાલતી.

સવારે ૮.૩૦થી ૧૦.૧૫ એમાં શ્રી ભગવતીસૂત્રનું વાંચન થતું. એમાં પણ પ્રતિદિન ૧૦૮ ચોખાના સાથિયા ૧૦૮ ફળ, ૧૦૮ નૈવેદ્ય આદિ મૂકવાનું બહુમાનપૂર્વક થતું અને બપોરે ૨.૧૫થી ૩.૩૦ સુધી શ્રી નંદિસૂત્રની વાચના થતી. શ્રા. સુ. ૨ના રોજ નંદિસૂત્રની વાચના પૂર્ણ થતાં દશપયન્નાની વાચના શરૂ થઈ એમાં ચઉસરણ અને આઉર પચ્ચક્ખાણ ઉપર ખૂબ જ વિસ્તારથી છણાવટભર્યું વિવેચન થયું હતું. વાચનાનો આ સિલસિલો જ્ઞાનપાંચમ (કા. સુ. ૫) સુધી ચાલેલો. દર રવિવારે વાચનાના બદલે વિવિધ વિષયો ઉપર જાહેર વ્યાખ્યાન થતાં અને આઠમ ચૌદશના ઉપર્યુક્ત આગમના બદલે ક્રિયા અને સમાચારી વિષે વાચના થતી હતી. વાચનાનો આ માહોલ એવો જામ્યો હતો કે દૂર દૂર વસતા સુરતીઓ તો ખરા જ બહારથી પણ શ્રોતાઓ દોડી આવતા હતા.

વાચનાનો આવો પ્રભાવ સાંભળી ચાણસ્મા ગામના આગેવાન શ્રી સૂરજમલભાઈ વકીલ પણ ખાસ વાચના-શ્રવણ કરવા માટે સુરત આવેલા. ખાસા દિવસ રોકાયેલા વાચના-શ્રવણથી ભીના ભીના થઈ ગયેલા. તે વખતે આચાર્યદેવ શ્રી રામચન્દ્રસૂરિ મ. પણ સુરતમાં જ છાપરિયાશેરીમાં બિરાજમાન હતા. એમનાથી પણ સૂરજમલભાઈ સુપરિચિત અને સુપ્રભાવિત હતા એટલે એક દિવસ છાપરિયાશેરી વ્યાખ્યાન સાંભળવા ગયા. વ્યાખ્યાન બાદ આચાર્યદેવશ્રી પાસે બપોરના સમયે બેઠા હતા ત્યારે એમણે કહ્યું સાહેબ! વ્યાખ્યાનમાં તો આપની માસ્ટરી કહી શકાય ત્યારે આચાર્યદેવશ્રીએ જણાવ્યું કે, "સુરજમલ! વ્યાખ્યાનમાં હું આગળ હોઈ શકું, પણ વાચનામાં તો અભયસાગરજીની તોલે કોઈ આવી શકે એમ નથી".

સૂરજમલભાઈના મોઢેથી જ આ હકીકત સાંભળી ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે હું ગદ્ગદ બની ગયેલો.

હવે પછીની આગમ-વાચના પાલિતાણા કલ્યાણ ભુવનમાં થયેલી. એ સંવત હતી, વિક્રમની ૨૦૩૫ની. આ વાચનામાં નિશ્રા હતી ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રી હેમસાગરસૂરિ મ. અને પૂજ્ય પંન્યાસપ્રવર પૂજ્ય ગુરુદેવશ્રીના આબાલસાથી પૂજ્ય પંન્યાસ શ્રી સૂર્યોદયસાગરજી મ. (હાલ પૂ. ગચ્છાધિપતિશ્રી) અને પૂજ્ય પંન્યાસ શ્રી સૌભાગ્યસાગરજીમ. આદિ ૪૦થી ૫૦ પૂજ્ય સાધુ ભગવંતો. ૨૫૦થી ૩૦૦ પૂજ્ય સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકાની સંખ્યા તો ચિક્કાર... મોતા સુખીયાનો વિશાળ હોલ પણ નાનો પડવા લાગ્યો ત્યારે અને પેરેરલ સમાન ઊંચાઈએ ચારે બાજુ સ્ટેજનો વધારો કરવો પડ્યો હતો.

આ આગમ-વાચનામાં સવારે ૯.૦૦થી ૧૦.૩૦ સુધી ધર્મબિન્દુ અને શત્રુંજય મહાત્મ્ય ગ્રંથ ઉપર વિવેચન થતું અને બપોરે ૧.૩૦થી ૨.૩૦ ધર્મસંગ્રહ ભાગ-૨ ઉપર વિવેચન થતું અને એ પછી ૨.૩૦થી ૩.૧૫ સુધી આચારાંગ સૂત્ર પ્રથમ અધ્યયન સંપૂર્ણ વંચાયું અને સાથે આવશ્યક નિર્યુક્તિના પણ પદાર્થો ઉપર વિશ્લેષણ થતું.

આ ચોમાસાની બીજી વિશેષતા એ હતી કે પૂજ્ય દાદાગુરુદેવ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.ની અંતિમઇચ્છાનુસાર ખાસ માલવપ્રાન્તના ભાવિકોને ચોમાસુ કરવાનો ચાન્સ આપવો. આ માટે ૧૨૫ જેટલા માલવાના અને ૨૫૦ જેટલા ગુજરાતીઓને સમૂહ ચાતુર્માસ કરાવવામાં આવેલું. તેઓની બધી જ વ્યવસ્થા પૂજ્યશ્રીના ભક્તવર્ગે કરી હતી અને સંચાલનનો બોજ છાણીવાળા શ્રી કુસુમચન્દ્ર મંગળદાસ પારેખે ઉપાડ્યો હતો.

વિ. સં. ૨૦૩૭નું ચોમાસુ પણ પાલિતાણામાં જ થયેલું, પણ એ જગ્યા હતી આગમ મંદિરની!

આગમ-મંદિરના સુવિશાળ સ્વાધ્યાય હોલને આગમનાં વિવિધ ચિત્રપટો દ્વારા સજાવવામાં આવ્યો હતો. અહીં થયેલી વાચનામાં એમ લાગે છે કે જાણે ગુરુદેવશ્રી બારેખાંગે વરસ્યા હતા.

સવારે ૯થી ૧૦ વાગ્યા સુધી શ્રી આચારાંગ સૂત્રનું બીજું અધ્યયન સંપૂર્ણ વંચાયું. ૧૦થી ૧૦.૩૦ આવશ્યક ક્રિયાનું રહસ્ય અને વિધિ પ્રેક્ટિકલી સમજાવવામાં આવતું. એમાં પર્યુષણ

સુધીમાં તો માત્ર સામાયિક ઉપર જ વિવેચન ચાલ્યું હતું, પછી જિનપૂજા કેવી રીતે કરવી? એની શાસ્ત્રાધારે સુંદર સમજૂતી આપી હતી.

બપોરે ૧.૩૦થી ૨.૧૫ સુધીમાં અવશ્યક સૂત્ર ઉપર હરિભદ્રસૂરિ મ.ની ટીકા વંચાતી અને ૨.૩૦થી ૩.૧૫ પ્રવચન સારોદ્ધાર ગ્રંથ ઉપર વિવેચન થતું અને એ પછી એટલે કે ૩.૧૫થી ૪ વાગ્યા સુધીના સમયમાં શત્રુંજય-માહાત્મ્ય વંચાતું હતું.

એટલે રોજના ચાર ચાર કલાક વાચના ચાલતી. એમાં શ્રોતાવર્ગ પણ સારી એવી ભીડ ઊભી કરતો હતો. આ વાચનાના શ્રવણ માટે ખાસ આગમ-મંદિરમાં ૧૦થી ૧૨ શ્રાવકો રસોડું કરીને રહ્યા હતા. એમાં શેઠ શ્રી અનુભાઈ ચીમનલાલ, શેઠ શ્રી વસંતલાલ ઉત્તમચંદ્ર વૈદ્ય. (ઊંઝા ફાર્મસી) રમણભાઈ ચોકસી-ઊંઝા, રૂપચંદભાઈ મોરબીવાળા આદિએ પણ સારી ઉદારતા દાખવી હતી.

વિ. સં. ૨૦૩૮માં વળી પાછી બે આગમ-વાચના થઈ. એમાં મહા સુદ-૫થી જેઠ વદ ૦)) સુધીની વાચનામાં શ્રી દશવૈકાલિક સૂત્ર ઉપરની હારિભદ્રીય ટીકા વંચાઈ અને બીજા નંબરમાં શ્રી પંચસૂત્ર ઉપરની પણ હારિભદ્રીય ટીકા વંચાઈ.

શેષકાલમાં આ વાચના હોવા છતાં રોજ ૨૦થી ૨૫ સાધુ ભગવંતો ૧૦૦થી ૧૨૫ની સંખ્યામાં સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકાની પણ સારી સંખ્યા ઉપસ્થિત રહેતી.

આમ તો પાલિતાણાના આ ચોમાસા બાદ પાટણ તરફ પૂજ્યશ્રીએ વિહાર આદર્યો હતો, પરંતુ વલભીપુર આવતાં બી.પી. હાઈ થઈ જતાં ચક્કર આવ્યા. રસ્તામાં જ પૂજ્યશ્રી પડી ગયા. એમાં ડાબા પગે ઈજા થઈ, જેથી ૧ મહિનો વલભીપુરમાં જ રહેવું પડ્યું. એક મહિનાથી વધુ આરામ માટેના રોકાણ દરમ્યાન સંઘ પ્રેરિત થયો અને ઘોઘાના સંઘમાં પધારવા પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરી એટલે પૂજ્યશ્રી ત્યાં સંઘમાં પધાર્યા. ઘોઘામાં જ પોષદશમીની આરાધના કરી એમાં વદ-૧૧ના રોજ દીક્ષાના ૫૧મા વર્ષમાં પ્રવેશને અનુલક્ષી આરાધના કરી. એ પછી કામ આવી પડતાં પાછા પાલિતાણા જંબૂદ્વીપ જવું પડ્યું, પછી તો પાટણ જવાનું રદ થયું એટલે શેષકાળમાં વળી વાચનાનો ધોધ વહેવા લાગ્યો.

એ પછી ગિરિવિહારના ટ્રસ્ટીઓની આગ્રહભરી વિનંતીથી ગિરિવિહારમાં ચાતુર્માસ કર્યું. અષાઢ સુદ ૧૧ના રોજ ભવ્યતાપૂર્વક ચાતુર્માસિક પ્રવેશ થયો. ટ્રસ્ટીઓની વિનંતી હતી કે આ ચોમાસામાં વાચનાનું સવિશેષ આયોજન થાય, કેમ કે આવા આગમવેત્તા પૂજ્યશ્રીનો સંયોગ સાંપડ્યો છે તો એનો પૂરો લાભ ઉઠાવી લેવો અને વળી પૂજ્ય ગુરુદેવશ્રી માટે તો આ મનગમતી વાત હતી એટલે ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઈ. પતરાંનો વિશાળ શેડ બાંધવામાં આવ્યો અને ખૂબ સારી રીતે સજાવવામાં આવ્યો. આગમ-વાચનામાં લેવાતા આગમ ગ્રંથોના બહુમાન અર્થે ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી, એમાં સજાવવાપૂર્વક આગમોને બગીમાં પધરાવવામાં આવ્યા અને અષાઢ વદ-૨થી આગમ-વાચનાનો શુભારંભ થયો.

એમાં સવારે ૯.૦૦થી ૧૦.૦૦ શ્રી આચારાંગ સૂત્ર પર વાચના થતી અને ૧૦થી ૧૦.૩૦ સુધી ધર્મ ક્રિયાનાં રહસ્યોની સમજૂતી અપાતી, જેમાં માત્ર સામાયિકના વિષય

ઉપર જ આખું ચોમાસું પસાર થઈ ગયું. શ્રોતાઓ કહેતા કે સામાયિક વિષે આટલી ઊંડી આટલી વિશદ્ અને આવી ઝીણી વાતો ક્યારે પણ સાંભળવા મળી નથી.

બપોરે ૧.૩૦થી ૨.૩૦ની આગમ-વાચનામાં શ્રી દશવૈકાલિક સૂત્ર ઉપર વિવેચન થતું. પાંચમા અધ્યયન સુધી વાચના થઈ તે પછી ઓઘનિર્યુક્તિ દ્વારા સાધુ સમાચારી પર સુંદર વિવેચન થયું. ૨.૩૦થી ૩.૧૫ વાગ્યા સુધીના સમયમાં પ્રવચન-સારોદ્ધારના ૭૬મા દ્વાર સુધી વાચના થઈ અને ૩.૧૫થી ૪.૦૦ સુધી વિવિધતીર્થ-કલ્પમાં અંતર્ગત શ્રી શત્રુંજય-તીર્થ-કલ્પ ઉપર ખૂબ જ સંશોધનભરી વાચના થઈ. આ વાચનામાં શ્રી શત્રુંજય-ગિરિરાજની ઘણી અપ્રકાશિત વિશેષતાઓ પૂજ્યશ્રીએ પ્રગટ કરી. આ વાચના મારા વિનેયરત્ન ગણી શ્રી નયચન્દ્રસાગરજીએ સંપાદિત કરી 'ગરવો ગિરિરાજ' નામની બુકમાં છતી કરી છે. આ વાચના વાંચવાથી ચોક્કસ શ્રી ગિરિરાજ ઉપર પ્રીતિ-ભક્તિ શ્રદ્ધા ઊપજી જાય એમ છે.

પર્યુષણ પછી પૂજ્યશ્રીની શારીરિક પ્રતિકૂળતાના કારણે અને ગરમી અસહનીય બનવાથી બપોરની વાચનાનો વિરહ રહ્યો. સવારની વાચનામાં ઓઘનિર્યુક્તિ, દશવૈકાલિક, શ્રી આચારાંગ સૂત્ર, આવશ્યક ક્રિયા આદિ ઉપર જિજ્ઞાસાપૂરક વિવેચન કર્યું હતું.

આ આગમ-વાચનામાં નિશ્રાદાતારૂપે પૂજ્ય ઉપાધ્યાય (હાલ-ગચ્છાધિપતિશ્રી) સૂર્યોદયસાગરજી મ. બિરાજ્યા હતા.

આ વાચનામાં સાગર સમુદાય સિવાય પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરિ મ. (બે તિથિપક્ષ)ના મુનિવરો તથા પૂજ્ય ઓંકારસૂરિ મ.નાં શિષ્યરત્નો આવતાં હતાં. પૂજ્ય સાધ્વીજી ભગવંતની સંખ્યા તો ૨૫૦થી પણ વધુ થઈ જતી અને શ્રાવક-શ્રાવિકાવર્ગ હકડેઠઠ ભરાતો હતો.

દર આઠમ-ચૌદશે બપોરની વાચના બંધ રહેતી તો તે સમયે શ્રી નવકારના પ્રથમ પદનો સામૂહિક જાપ થતો. એમાં શ્રાવકો સરસ મજાનું ત્રિગડું સ્થાપી એની ઉપર પરમાત્માને બિરાજમાન કરી ગુલાબનાં ફૂલ ચઢાવવાપૂર્વક જાપ કરતા.

આ પછી વિ.સં.૨૦૩૯માં પાટણ મુકામે વાચના થઈ. એની રોનક તો કંઈ અલગ જ હતી. પાટણના જ વતની શ્રી વજુભાઈ તથા શ્રી બાબુભાઈની આગ્રહભરી વિનંતીથી તંબોલીવાડમાં પોતાના જ ઘર પાસે વિશાળ મંડપ અને વાચનાપીઠ તૈયાર કરાવી એના ઉપર પિસ્તાલીશ આગમ શ્રી મહાવીર પરમાત્મા શ્રી ગૌતમસ્વામી તેમજ શ્રી સુધર્માસ્વામીની સ્થાપના કરાવેલ. છ મહિના પૂર્વેથી તૈયારી ચાલતી હોવાથી વાચનાનો માહોલ અજબ-ગજબ જામેલો. લગભગ દોઢ મહિના સુધી ચાલેલી આ વાચનામાં ચારસોથી વધુ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો, અને પંદરસો જેવો શ્રોતાવર્ગ હાજર રહેતો. પ્રતિદિન સવારે ૯ થી ૧૨ અને બપોરે ૧-૩૦ થી ૨-૩૦ અને પછી ૩ થી ૫ સુધી વાચનાનો ધારાબદ્ધ પ્રવાહ ચાલેલો. એમાં અનેક આગમોની વાચના, પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતને હિતશિક્ષા અને છેલ્લે પાટણની પ્રભુતા ઉપર પૂજ્યશ્રી પ્રકાશ પાથરતા. છેલ્લી વાચનાના સમયે તો પાટણના અજૈન વિદ્વાનોથી સભા ચિક્કાર બની જતી હતી. આ વાચનાના શ્રવણ માટે પૂ. આ. શ્રી ભુવચંદ્રસૂરિજી, પૂજ્ય આ. શ્રી રાજેન્દ્રસૂરિજી તથા પં. હેમપ્રભ (વર્તમાનમાં આચાર્ય) વિજયજી મ. આદિએ

ખાસ હાજરી આપી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના સંસારપક્ષે માતાજી મહારાજ સાધ્વી શ્રી સદ્‌ગુણાશ્રીજી મ. અને મ. સાધ્વી શ્રી સુલસાશ્રીજી આદિએ ઉમળકાભેર લાભ લીધો હતો.

પરમતારક પૂજ્ય ગુરુદેવશ્રીની વાચનાની આ નોંધ મળી તદ્‌નુસાર અહીં લેખન કર્યું છે. બાકી પૂજ્યશ્રીએ પૂ. આ. દે. શ્રી કૈલાસસાગરસૂરિ મ.ની ઇચ્છાથી (પોતે આચાર્ય હોવા છતાં પણ પૂજ્ય ગુરુદેવશ્રીને વડીલ તરીકે જ માનતા હતા. જૈન મર્ચન્ટ સોસાયટીમાં, પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરિ મ.ની કામનાથી પાલિતાણામાં, પૂ. આ. શ્રી મુક્તિચન્દ્રસૂરિ મ.ની વિનંતીથી સમી અને સાબરમતીમાં, પૂ. આ. દે. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પીંડવાડામાં, પૂજ્ય ગચ્છાધિપતિ આ. દે. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી કપડવંજમાં, પૂજ્ય ધર્મધુરંધરસૂરિ મ.ના આમંત્રણથી પાલિતાણામાં, ડો. મનુભાઈ, ડો. વસંતભાઈની વિનંતીથી રાજકોટમાં, પૂ. આ. દે. શ્રી મંગલપ્રભસૂરિ મ.ની આજ્ઞાથી શંખેશ્વરજીમાં એ જ રીતે બીજી વાર પૂ. આ. દે. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.ના નિમંત્રણથી શંખેશ્વરમાં પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી પાલિતાણા જંબુદ્વીપ પ્રતિષ્ઠા પ્રસંગે અને શેઠશ્રી રમણલાલ છગનલાલની વિનંતીથી તેમના જ બંગલે મંડપ બાંધી ૨૧ દિવસની વાચનાઓ અદ્‌ભુત અને અલૌકિક રહસ્યોની છતી કરનારી થઈ હતી.

આ તો મોટા સમૂહમાં થયેલી વાચનાની નોંધ છે. બાકી પોતાનો પરિવાર દશથી વધુ ઠાણાની સંખ્યામાં ભેગો થયો હોય ત્યારે દિવસમાં બબ્બે-ત્રણ ત્રણને વળી ક્યારેક ચચ્ચાર ટાઇમ વાચના ફરમાવતા હતા એવા ઊંઝા, ચાણસ્મા, પ્રતાપગઢ, ચારુપ, ઇન્દોર આદિના સ્થાનનો તો હું પોતે જ પ્રત્યક્ષ ગવાહ છું.

પરમતારક પૂજ્ય ગુરુદેવશ્રીના ગુરુદેવ શાસનજ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. સા. ઊંઝા મુકામે અષાઢ સુદ-૧૪ સં. ૨૦૩૪ના કાળધર્મ પામ્યા ત્યારે લાગેલા વજ્રાઘાતથી ઉગરવા પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ આગમના સ્વાધ્યાયનો સહારો લીધો હતો. એની પ્રતિજ્ઞા ચતુર્વિધ-સંઘ વચ્ચે આ મુજબ કરી હતી.

ત્રણ વખત પિસ્તાલીસ આગમનો મૂળથી સ્વાધ્યાય કરવો. એક વખત પિસ્તાલીસ આગમનો અર્થથી સ્વાધ્યાય કરવો.

આ પ્રતિજ્ઞાની પૂર્તિ કરવા સારું પૂજ્ય ગુરુદેવશ્રીએ અષાઢ વદ-૫થી ૨૧ દિવસનું મૌન ધારણ કર્યું હતું.

# આગમ-પરિચય

આગમનું મહાત્મ્ય અને એથી આગમની સુરક્ષા માટે આપણા પૂજ્યશ્રીઓએ કેવી સાધના અને કેવો જબ્બર પુરુષાર્થ આદર્યો હતો એનું અદ્‌ભુત વર્ણન આપણે સાંભળ્યું. હવે આપણે આપણા મૂળ વિષયને સ્પર્શવા આગમોના પરિચયમાં ડોકિયું કરીએ.

## અગિયાર અંગનો ટૂંકો પરિચય

### ૧. શ્રી આચારાંગસૂત્ર સાર




**આચારાંગ**ના પ્રથમ શ્રુતસ્કંધનું નામ **નવબંભચેર** ઠાણ છે. આચાર એ સાધુના જીવનનો મુખ્ય વિષય છે તેથી 'દ્વાદશાંગી'ની અંદર પ્રથમ આચારને લીધો, તેથી પ્રથમ અંગ **આચારાંગ.** તેના પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો છે. પહેલા શસ્ત્રપરિજ્ઞા અધ્યયનની અંદર જીવનાં શસ્ત્રો કયાં છે અને તે શસ્ત્રો જીવના સંહારમાં કઈ રીતે માધ્યમ બને છે? એ જણાવાયું છે. (૧) બીજું અધ્યયન "**લોકવિજય** તેમાં સંસાર છોડવા જેવો છે એમ જણાવ્યું છે (૨) ત્રીજા શિતોષ્ણીય અધ્યયનની અંદર અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો એ સુખ-દુઃખનાં કારણ છે. ચોથા **'સમ્યક્ત્વ'** નામના અધ્યયનમાં જણાવ્યું કે તપ એ એક નિરાળી ચીજ છે કે તપથી ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, છતાં સમ્યક્ત્વવાળો તે જોઈને સમ્યક્ત્વથી મુંઝાતો નથી પણ સમ્યક્ત્વમાં દૃઢ થાય છે. (૩) સમ્યક્ત્વમાં દૃઢ થયેલો અસારનો ત્યાગ કરીને લોકની અંદર સારભૂત એવી રત્નત્રયીની આરાધનામાં દૃઢ થાય છે તે પાંચ **લોકસાર** અધ્યયનનો સાર છે (૪) છઠ્ઠા અધ્યયનમાં રત્નત્રયીની આરાધના કરનારે મોહને હણવો જોઈએ અને તેને હણવા માટે નિઃસંગતા વગેરે કરવાં જોઈએ. એ છઠ્ઠા **'ધુતાધ્યયન'**નો સાર છે (૫) સાતમું **મહાપરિજ્ઞા** અધ્યયન વિચ્છિની થયેલું છે. સાતે અધ્યયનનો સાર મોક્ષે જવું તે છે, તેથી આઠમા અધ્યયનમાં અન્તક્રિયા

એટલે મોક્ષે જવાની ક્રિયા કરવી જોઈએ. એ આઠમા **વિમોક્ષ** અધ્યયનનો સાર છે (૯) મોક્ષ જવાને માટે ઉદ્યમિત જણાવીને સાધુનો ઉત્સાહ વધારવા નવમું **'ઉપધાનશ્રુત અધ્યયન'** છે. એ રીતે પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયનો છે.

બીજા શ્રુતસ્કંધમાં પહેલાં સાત અધ્યયનો રૂપ પહેલી ચૂલા તેમાં ક્રમે પિંડને ખોળવો, શય્યા-વસ્તિને ખોળવી, બોલવાનો સંયમ રાખવો, કેવું બોલવું, વસ્ત્ર કઈ રીતે ખોળવાં, પાત્ર કઈ રીતે ખોળવાં અને છેલ્લે અવગ્રહ પ્રતિમા જણાવીને પ્રથમ સાત અધ્યયન રૂપ પ્રથમ ચૂલિકા પૂર્ણ કરી છે. તેવી રીતે **'સપ્તસપ્તતિકા'** રૂપ બીજી ચૂલિકા છે. તેના જોગ અગાઢ છે. ત્રીજી ચૂલિકા **ભાવના** છે. તેમાં અપ્રશસ્ત પ્રશસ્ત દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને છેલ્લે **મહાવીર** ભગવાનનું સંક્ષિપ્ત ચરિત્ર અને મહાવ્રતોની પચ્ચીશ ભાવના જણાવી છે. ચોથી ચૂલિકા **વિમુક્તિ**-વિશેષ પ્રકારે મુક્તિ એટલે ભાવથી મોક્ષ એમાં અનિત્યત્વ, પરત્વ, રૂપ્ય, ભુજગત્વ અને સમુદ્રાદિ અધિકાર લઈને મોક્ષની વાત કરી છે.

## ૨. શ્રીસૂત્રકૃતાંગ સાર




આચારની અંદર તત્પર થયેલો સાધુ સ્વસમય (પોતાનાં શાસ્ત્રો) અને પરસમય (બીજાનાં શાસ્ત્રો) બંનેને જાણીને સ્વસમયની અંદર તૈયાર થાય તે **સૂત્રકૃતાંગ**નો મતલબ છે. તેના બે શ્રુતસ્કંધ પૈકી પહેલા શ્રુતસ્કંધનું **ગાથાષોડશક** નામ છે. પહેલાં **સમય** નામના અધ્યયનનો અધિકાર સ્વ પર સમય પ્રરુપણા છે (૧) બીજાું અધ્યયન **વૈતાલિક** છંદમાં રચેલું હોવાથી તેને **વૈતાલિક** કહેવાય છે તેમાં વિદારક-વિદારણ અને વિદારણીય અર્થાત્ કર્તા કરણ અને કર્મની વાત જણાવી છે (૨) ત્રીજા ઉપસર્ગ અધ્યયનમાં શાસ્ત્રને ભણેલાએ ઉપસર્ગ સહન કરવા જોઈએ તે વાત જણાવી છે. (૩) ચોથા **સ્ત્રીપરિજ્ઞા** અધ્યયનમાં ઉપસર્ગ સહન કરતાં સ્ત્રીના દોષો

જાણીને તેનો પરિહાર કરવો જોઈએ તે વાત જણાવી છે (૪) પાંચમા **નરકવિભક્તિ** અધ્યયનમાં સ્ત્રીના ઉપસર્ગમાં સ્થિર નહિ રહેનાર નરકગતિને મેળવે છે તેથી **નરકવિભક્તિ** અધ્યયન જણાવ્યું (૫) **શ્રીમહાવીરસ્તવ** અધ્યયનમાં જેમ **મહાવીર** મહારાજાએ ઉદ્યમ કરીને સર્વ કર્મનો ક્ષય કર્યો તેમ સાધુએ પણ ઉદ્યમ કરીને સર્વ કર્મનો ક્ષય કરવો જોઈએ તેમ જણાવ્યું છે (૬) સાતમા **કુશીલપરિભાષા** તેમાં ગૃહસ્થ, અન્યતીર્થિક, પાસત્થા (અર્થાત્ શિથિલ સાધુ) તેનો ત્યાગ કરીને ઉચિત વ્યવહારને રાખનારો સંવેગ મગ્ન થાય તે વાત જણાવી છે (૭) આઠમા **શ્રીવીર્ય** અધ્યયનની અંદર સાધુ પંડિત વીર્યવાળો બને તેમ જણાવ્યું છે (૮) નવમા **ધર્મ** અધ્યયનમાં ધર્મનો અધિકાર છે (૯) દશમું **સમ** અધ્યયન. તેમાં સમાધિનો અધિકાર છે (૧૦) અગિયારમા માર્ગ અધ્યયનમાં **મોક્ષ**નો માર્ગ બતાવ્યો છે (૧૧) બારમું **સમવસરણ** અધ્યયન એટલે બીજા મતોનું વિવરણ (૧૨) તેરમું **યથાતથ્ય** એટલે કપિલાદિ કુમાર્ગવાળાનું વર્ણન (૧૩) ચૌદમું શિષ્યના ગુણદોષ કહેવા રૂપ **ગ્રંથ** નામનું અધ્યયન છે. (૧૪) પંદરમું **આદાનીય**--સમ્યક્ત્વ આદિનું વર્ણન જણાવ્યું છે. (૧૫) અને સોળમું **ગાથાષોડશક** અધ્યયનમાં પંદર અધ્યયનોનો નિચોડ જણાવ્યો છે એ રીતે પહેલો શ્રુતસ્કંધ પૂર્ણ થાય છે.

શ્રુતસ્કંધ બીજો:- તેના (૧) પહેલા અધ્યયનમાં જીવને **'પુંડરિક'**ની ઉપમા આપીને પરમત અને સ્વમમતનો સંબંધ જોડ્યો છે (૨) બીજા અધ્યયનમાં **ક્રિયાસ્થાન**નું વર્ણન છે (૩) ત્રીજા અધ્યયનમાં **આહારપરિજ્ઞા**નું વર્ણન છે (૪) ચોથા અધ્યયનમાં **પ્રત્યાખ્યાન**નું વર્ણન છે (૫) પાંચમા અધ્યયનમાં **આચારશ્રુત**નું વર્ણન છે (૬) છઠ્ઠા અધ્યયનમાં **આર્દ્રકવંશ**ના આરર્દ્રકુમારના દર્શનથી હાથીનો મદ ઊતરી ગયો. અને તે હસ્તિ ધર્મકથાથી પ્રતિબોધ પામ્યો, પણ હસ્તિને બંધનથી મુકાવનાર એવા પણ આર્દ્ર સાધુ પ્રેમ પાસથી બંધાયા. એ વાત જણાવી છે. (૭) સાતમા અધ્યયનમાં **નાલંદ** એવું નામ હોવાથી જ્યાં અલં-થોડું કોઈ આપનાર નથી (ન+અલં+દ) એવા રાજગૃહના નાલંદા પાડાનો અધિકાર આપ્યો છે. એ રીતે બીજા અંગના બીજા શ્રુતસ્કંધનો અધિકાર પૂર્ણ થાય છે.

## ૩. શ્રીસ્થાનાંગ સૂત્રસાર

આમાં જગતના સમગ્ર પદાર્થો જૈનદર્શન બતાવે છે. આથી જગતના પદાર્થોનું વર્ગીકરણ કરી બતાવનાર ત્રીજું ને ચોથું અંગ છે. તેમાં એકોત્તર વૃદ્ધિએ દશ સુધીના પદાર્થોની ખતવણી જ ત્રીજા **સ્થાનાંગ**માં બતાવી છે અર્થાતૂ એકથી દશ સુધીના પદાર્થો આમાં વર્ણવ્યા છે. આમાં દશ અધ્યયનો છે. સાધુપણાના આઠ વર્ષના પર્યાયે આપવા યોગ્ય આ અંગ છે. આત્મા વગેરે "એક,", જીવ-અજીવ વગેરે "બે", નામ-સ્થાપના અને દ્રવ્ય વગેરે "ત્રણ", ઉચ્ચ-નીચ વગેરે "ચતુર્ભંગી", પાંચ મહાવ્રત વગેરે "પાંચ", ષટ સ્થાનક વગેરે "છ", અંડજ વગેરે ઉત્પત્તિ સ્થાન "સાત", આઠ કર્મ વગેરે




"આઠ", નવ બ્રહ્મચર્ય વગેરે "નવ" અને પૃથ્વીકાય વગેરે દશ પ્રકારનો સંયમ વગેરે "દશ". એમ **સ્થાનાંગ** સૂત્રની અંદર એકોત્તર વૃદ્ધિએ એકથી માંડીને દશ સુધીના પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે, નવાંગીટીકાકાર આ. શ્રીઅભયસુરિજી મહારાજે પોતાનો ખજાનો ભરપૂર આની ટીકામાં ઠાલવ્યો છે. નવ અંગની ટીકામાં આ અંગેની ટીકા તેઓશ્રીની પહેલી ટીકા છે.

## ૪. શ્રીસમવાયાંગસૂત્ર સાર

આમાં એકથી દશ-૧૦૦-૧૫૦-૨૦૦ એમ હજાર-દશ હજાર-લાખ-બે લાખ કરોડ-કોટીકોટી એ રીતે વૃદ્ધિએ જણાવનારાં ૧૩૫ સૂત્રો છે અર્થાત્ જગતના અનંતા પદાર્થોનું જેમાં વર્ણીકરણ કર્યું છે તે આ અંગ છે. લગભગ અંતે વિશિષ્ટતર સંબંધ ધરાવતા **આચારાંગ** વગેરે 'દ્વાદશાંગી'નું વર્ણન જેમાં આવેલું છે તે પૈકીના ૧૧ અંગનો અધિકાર આ ચાલુ પ્રકરણમાં આવે છે, તેથી શેષ ૧૨મા અંગ દૃષ્ટિવાદનો અધિકાર અહીં દેખાડીએ છીએ.




દૃષ્ટિવાદ એટલે બારમું અંગ. તેમાં સર્વભાવની પ્રરૂપણા છે. તેના મૂળ પાંચ ભેદઃ-

(૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ અને (૫) ચૂલિકા. પ્રથમ પરિકર્મના સિદ્ધસેનિયા વગેરે સાત ભેદો છે અને તે એકેકના ૧૪ ભેદ વગેરે ઉત્તર ભેદો છે. બીજા સૂત્ર ભેદમાં રૂજુક વગેરે અઠ્ઠાવીસ ભેદો છે. ત્રીજા પૂર્વગતમાં ૧૪ પૂર્વનો સમાવેશ થાય છે. તેનાં નામો આ પ્રમાણે છેઃ-

(૧) ઉત્પાત, (૨) **આગ્રેણીય**, (૩) **વીર્યપ્રવાદ**, (૪) **અસ્તિનાસ્તિપ્રવાદ**, (૫) **જ્ઞાનપ્રવાદ**, (૬) **સત્યપ્રવાદ**, (૭) **આત્મપ્રવાદ**, (૮) **કર્મ્મપ્રવાદ**, (૯) **પ્રત્યાખ્યાનપ્રવાદ**, (૧૦) **વિદ્યાનુવાદપ્રવાદ**, (૧૧) **અવંધ્યપ્રવાદ**, (૧૨) **પ્રાણાયુઃપ્રવાદ**, (૧૩) **ક્રિયાવિશાલપ્રવાદ** અને (૧૪) **લોકબિંદુસાર**. ચૌદ પૂર્વની અંદર દરેક પૂર્વમાં **'વસ્તુ'** નામના દશ વગેરે પેટા ભેદો છે અને પહેલા ચાર પૂર્વમાં દરેક પૂર્વમાં ચાર વગેરે ચૂલિકાવસ્તુ ચૂલિકારૂપ છે. આ રીતે બારમા અંગનું વર્ણન છે.

તેમાં-**સમવાયાંગસૂત્ર**માં આગળ છેલ્લે-વાચ્યાર્થ તરીકે જીવ અને અજીવ, અજીવમાં રૂપી અને અરૂપી એમ જણાવ્યું તેમજ દ્વાદશાંગી અર્થથી શાશ્વતી જણાવી છે. તેની આરાધના કરનાર મોક્ષે ગયા, જાય છે અને જશે તેમજ વિરાધના કરનાર અનંતકાળ રખડ્યા છે, રખડે અને રખડશે. તેવી રીતે આરાધના કરનાર અને વિરાધના કરનારની અનંતતા વગેરે જણાવી છે. આ રીતે **સમવાયાંગ** સૂત્રનો સાર સંપૂર્ણ થાય છે.

## ૫. શ્રી ભગવતીજી

આ પાંચમા અંગમાં એક શ્રુતસ્કંધ, ૪૨ શતકો, અંતર શતકો, ઉદેશાઓ છે. સૂત્ર ૮૬૯, ગાથા ૧૭૪, મૂળ ગ્રંથાગ્ર ૧૬૦૦૦ ને ટીકા ૧૯૦૦૦ હજાર છે. સવા લખી **ભગવતી** આવું પણ કહેવાય છે. તેનો અર્થ એ થાય છે કે-મૂળ-ટીકા એ બે, અવમૂરિ અને તેના ઉપરનો ગુજરાતી બાળાવબોધ આ બધુંયે મેળવવામાં આવે તો સવા લાખ કેમ ન થતું હોય?




આનાં વિવાહપન્નતિ અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પણ નામ છે.

**વ્યાખ્યાપ્રજ્ઞપ્તિઃ**- વિશિષ્ટ પ્રકારે અભિલાપ્ય પદાર્થોનું નિરૂપણ જેમાં જણાવ્યું છે. વળી અર્થને જણાવનારાં પ્રકૃષ્ટ જ્ઞાનો જેમાં છે તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. અત્રે શંકા થાય કે જો પંચમ અંગનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ એવું છે તો **'ભગવતીજી'** એવું નામ ક્યાંથી આવ્યું ? તો જણાવવાનું કે 'ભગ્' ધાત્ જુદા જુદા અર્થમાં વપરાયેલો છે, તેથી આ પૂજ્યાર્થીને જણાવનાર હુલરામણનું સ્રીલીંગી નામ **'ભગવતીજી'** પડ્યું છે

અને આથી જ આ અંગને પૂર્ણ કરતાં "**भगवई अंग**" એમ પણ જણાવે છે. એ રીતે એ નામ ગુણ વડે પડેલું છે અને તે પૂજ્યતાને જણાવે છે.

આ. શ્રીધર્મઘોષસૂરિજી મહારાજના ઉપદેશથી સંઘવી પેથડશાએ અગિયાર અંગ સાંભળવાનાં શરૂ કર્યાં. તેમાં પાંચમા અંગમાં જ્યાં "ગોયમા" શબ્દ આવ્યો ત્યાં રંજિત થયેલા એવા એમણે સુવર્ણ ટાંક વડે પૂજા કરી અર્થાત્ "ગોયમા" શબ્દ બોલનાર "**શ્રમણો ભગવાન મહાવીર**" મહારાજા એટલે શ્રમણ ભગવાનના મુખમાંથી નીકળતો એવો "ગોયમા" શબ્દ છે, આથી જ્યાં "ગોયમા" શબ્દ આવે ત્યાં સુવર્ણ ટાંક ચઢાવે. એમાં ૩૬૦૦૦ હજાર પ્રશ્નો એટલે ઉત્તરમાં એટલી જ વખત "ગોયમા" શબ્દ આવે, તેથી ૩૬ હજાર ટાંક વડે પેથડશાએ પૂજા કરી. એમની પત્નીએ ૧૮૦૦૦ ટાંકથી અને એમની માતાએ ૯૦૦૦ ટાંકથી પૂજા કરી હતી.

આ પંચમ અંગ બેવડી મહોર છાપવાળું છે, કારણ કે વર્તમાન કાળમાં વર્તતાં એવાં અગિયાર અંગ શ્રીસુધર્માસ્વામીની વાચનાવાળાં ગણાય, છતાં આ પંચમ અંગની અંદર પ્રશ્નકાર તરીકે ગૌતમસ્વામી રહે એટલે શ્રી સુધર્માસ્વામી અને શ્રીગૌતમસ્વામી એમ બેવડી મહોર છાપ થાય. આ અંગ પ્રશ્નોત્તરરૂપે છે. એની અંદર શરૂઆતમાં પંચપરમેષ્ઠી નમસ્કાર, બ્રાહ્મી લિપિ, શ્રુતદેવતા નમસ્કાર, રાજગૃહી આદિનું વર્ણન, શ્રીમહાવીર ભગવાનનું વર્ણન, પર્ષદા, ગૌતમસ્વામીનું વર્ણન એમ જણાવી "चलमाने चलिए" વગેરેથી સૂત્રનું ઉત્થાન કરેલું છે. આની અંદર અનેક પદાર્થો આવે છે. આના યોગની અંદર ખંધક-ચમર અને ગોશાળો. **એની** બે બે દત્તીઓ આવે છે. ટીકાકારે **ભગવતીજીને** 'જયકુંજર' હાથીની ઉપમા આપી તેનું સુંદર સ્વરૂપ વર્ણવી બતાવ્યું છે. આમાં જીવાદિ તત્ત્વનું, જુદા જુદા આવતા પ્રસંગોનું વિસ્તૃત વર્ણન છે. જયંતિ શ્રાવિકાનો અધિકાર પણ છે. પહેલાં જમાલી નિહ્નવનો અધિકાર આમાં આવેલો છે. એ દૃષ્ટિએ વિચારીએ તો શ્રીમહાવીર ભગવાનના સંયમ પર્યાયના બેંતાલીશ વર્ષના જીવન કાળનો ઈતિહાસ આમાં સમાયેલો હોય તેવો ભાસ થઈ શકે તેવું છે.

## ૬. શ્રીજ્ઞાતાધર્મકથા સાર

**જ્ઞાતાધર્મકથા**માં બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ **જ્ઞાત** એ છે, બીજાનું નામ **ધર્મકથા** છે. પ્રથમ શ્રુતસ્કંધની અંદર ૧૯ અને બીજામાં ૧૦ વર્ગ છે. પહેલા ઉત્ક્ષિપ્ત અધ્યયનમાં મેઘકુમારનું દૃષ્ટાંત આવેલું છે. મેઘકુમારને જે ફળ મળ્યું છે તે હાથીના ભવમાં પગ ઊંચો રાખીને સસલાને જે બચાવ્યું તેનું ફળ છે, પણ મતલબ તો તે કાઢવો કે માર્ગથી ખસતો હોય તેને ઉપદેશ આપીને માર્ગમાં લાવવો જોઈએ. બીજા અધ્યયનમાં જીવ આત્મા અને કાયાના બે કેદખાનામાં રહેલો છે, પણ છેવટે આ કાયા છોડવાની છે, છતાં લાભ ને હાનિ, ઉચિત-અનુચિત વિચારવું જોઈએ, એ ઉદેશ છે. ત્રીજા અધ્યયનમાં શંકામાં નુકસાન અને નિઃશંકમાં ફાયદો એ વાત જણાવી છે. ચોથા અધ્યયનમાં "કાચબા"ની ઉપમા આપીને ગુપ્ત-અગુપ્તપણાથી શું લાભ નુકસાન તે




જણાવ્યું છે. પાંચમા 'શેલક' અધ્યયનમાં પહેલાં અશીલન થયો હોય પણ પાછળથી શીલન થવાથી-આચારમાં તત્પર થવાથી લાભ થાય છે તેમ જણાવ્યું છે. છઠ્ઠા "**તુંબક** અધ્યયનમાં આત્માને લાગેલા લેપથી આત્મા ડૂબે છે અને તે કર્મ રૂપ લેપ જવાથી જેમ તુંબડુ તરે છે તેમ આત્મા તરે છે.-સંસાર ઓળંગી જાય છે. સાતમું 'રોહિણી' અધ્યયન છે તે ગુણનિષ્પન્ન નામથી બનેલું છે. સાધુએ લીધેલા એવાં મહાવ્રતો જેમ રોહિણી એ ડાંગર ઉગાડીને તેને વધારી તેમ સાધુએ લીધેલાં એવાં મહાવ્રતો બીજાને આપીને વૃદ્ધિ કરવાની છે. આઠમાઃ 'મલ્લિ અધ્યયનમાં મોટા થનારને પણ માયા છોડતી નથી. માટે માયા શલ્યનો ત્યાગ કરવો જોઈએ તેમ જણાવ્યું છે. નવમા 'માકંદી' અધ્યયનમાં ભોગથી વિરમવા અને નહીં વિરમવાથી થતા ગુણ-દોષની વાત જણાવી છે. દશમા 'ચન્દ્ર' અધ્યયનમાં જેમ ચન્દ્રની વૃદ્ધિ હાનિ થાય છે તેમ આત્માએ વૃદ્ધિ હાનિ વિચારીને સંયમમાં આગળ વધવું જોઈએ તેમ જણાવે છે. અગિયારમા **'દાવદ્રવ'** અધ્યયનમાં સમુદ્રના કાંઠા ઉપર ઊગેલું ઝાડ વાયુ વગેરે સહન કરીને વૃદ્ધિ પામે છે તેમ સાધુએ ઉપસર્ગ વગેરે આવે તેને સહન કરીને સંયમની વૃદ્ધિ કરવી જોઈએ. બારમા **'ઉદક'** અધ્યયનમાં પાણીના દૃષ્ટાન્ત વડે કરીને જણાવ્યું કે ખરાબ એવા પુદ્ગલો પણ સંજોગોને આધારે શુદ્ધ થઈ શકે છે, તે પુદ્ગલનો સ્વભાવ છે તેવી રીતે આત્માએ આત્માના સ્વભાવમાં સ્થિર થવું જોઈએ. તેરમા **'દર્દુર'** અધ્યયનમાં જીવને સંસર્ગ જો સારો મળે તો લાભ થાય અને નઠારો મળે તો હાનિ થાય એ જણાવીને સારા સંસર્ગની જરૂર છે એમ જણાવ્યું. ચૌદમા **'તેતલિસુત'** અધ્યયનમાં તેતલીપુત્રની માફક અપમાન જેવા પ્રસંગમાં પણ વિષયોથી વૈરાગી થવું જોઈએ એ વાત જણાવી છે. પંદરમા **'નંદિફલ'** અધ્યયનમાં કિંપાક વૃક્ષના જે ફળ થાય છે તે મારનારા થાય છે, તેમ વિષયો પણ સંસારમાં રખડપટ્ટી કરાવનારા છે, એમ જણાવ્યું છે. સોલમા **'અપરકંકાં'** અધ્યયનમાં **'નિદાન'** (નિયાણું) એ નુકસાન કરનારું છે એમ દ્રૌપદીના દૃષ્ટાન્તથી જણાવ્યું છે. સત્તરમા **'અશ્વ'** અધ્યયનમાં સમુદ્રની

મધ્યે રહેલો એવો અશ્વ એને કાબૂમાં લેવો મુશ્કેલ થાય છે તેમ ઈન્દ્રિય રૂપી અશ્વો કાબૂમાં લેવા મુશ્કેલ હોય છે. (નિયંત્રણમાં) કાબૂમાં આવે એવા નથી, પણ તેને નિયંત્રણમાં લાવવા જોઈએ તેમ જણાવ્યું છે. અઢારમા **'સુષુમા'** અધ્યયનમાં લોભથી દુઃખ અને તેના ત્યાગથી સુખ એમ સમજાવ્યું છે અને ઓગણીસમા **'પુંડરિક અધ્યયન'**માં બહુકાળ સંયમ પાળીને પણ વિરાધક થનાર સંસારમાં રખડે છે તેમજ થોડો કાળ સંયમ પાળી આરાધના કરનાર મોક્ષે જાય છે એમ જણાવ્યું છે. આ રીતે જ્ઞાતાજીના ઓગણીશ અધ્યયનો જુદી જુદી રીતે ઉપમા વડે ઉપદેશ દેનારાં છે.

બીજા શ્રુતસ્કંધમાં દશ વર્ગ છે. તેમાં **ચમર**ની પાંચ અગ્રમહિષીનાં નામ, **બલીન્દ્ર**ની પાંચ અગ્રમહિષીનાં નામ, **અસુરેન્દ્ર** વર્જીને દક્ષિણના ૫૪નાં નામ, **અસુરેન્દ્ર** વર્જીને **ઉત્તર**ના ૫૪નાં નામે, **દક્ષિણ** વાણવ્યંતરની ૩૨, અને **ઉત્તર** વાણવ્યંતરની ૩૨, **ચન્દ્ર**ની અગ્રમહિષીનાં ચાર, **સૂર્ય**ની અગ્રમહિષીનાં ચાર, **શક્ર**ની અગ્રમહિષીનાં આઠ અને **ઈશાન**ની અગ્રમહિષીનાં આઠ એ રીતે દશ વર્ગમાં અધ્યયનો છે. એ રીતે **ધર્મકથા અંગનો** સાર છે. એ રીતે **જ્ઞાતાધર્મકથાઅંગ**નો સાર જણાવ્યો.

## ૭. શ્રીઉપાશકદશાંગ સાર

**ઉપાશકદશાંગ**-આમાં ૧૦ અધ્યયનો છે. **શ્રી મહાવીર** ભગવાનના શાસનમાં થયેલા (૧) આનંદ, (૨)કામદેવ, (૩) ચુલનીપિતા, (૪) સુરાદેવ, (૫) ચુલ્લશતક, (૬) કંડકોલિક, (૭) શદ્દાલપુત્ત, (૮) મહાશતક, (૯) નંદિની પિતા (૧૦) શાલહિપીતા એમ દશ અધ્યયન છે તેમાં દશ શ્રાવકોનો અધિકાર, બાર વ્રતો, શ્રાવકની અગિયાર પ્રતિમાનું વહન, શ્રાવકના પરિગ્રહનું પરિમાણ, ઉપસર્ગ વગેરેમાં સ્થિર રહેવું, ૨૦ વર્ષનો શ્રાવક પર્યાય પાળીને આરાધના કરીને દેવલોકમાં ઉત્પન્ન થવું એ રીતે ઉપાશક દશાંગ સૂત્રનો સાર પૂર્ણ થાય છે.



# ૮. શ્રીઅંતકૃતદૃશાંગ સાર




**અંતકૃતદશાંગ**-આમાં આઠ વર્ગ છે. ભવનો અંત **જેમણે** કર્યો છે, તે પુણ્યવાનોનું જીવન જણાવ્યું છે, તે **અંતકૃતદશા.** આના પ્રથમ વર્ગમાં '**ગૌતમ**' વગેરે દશ, બીજામાં '**અક્ષોભ**' વગેરે આઠ, ત્રીજામાં '**અણીયસ**' વગેરે ૧૩, ચોથામાં '**જાલી**' વગેરે દશ, પાંચમામાં '**પદ્માવતી**' વગેરે દશ, છઠ્ઠામાં '**મંકાંતી**' વગેરે ૧૬, સાતમામાં '**નંદા**' વગેરે ૧૩ અને આઠમામાં '**કાલિ**' વગેરે દશ અધ્યયનો આવેલાં છે. તે પુણ્યવાનો કોનાથી પ્રતિબોધ પામ્યા, કઈ રીતે આરાધના કરી, કઈ રીતે તપ કર્યો અને ક્યાં મોક્ષે ગયા તે વગેરે વર્ણન આમાં આપવામાં આવ્યું છે.

# ૯. શ્રીઅનુત્તરોપપાતિકદશાંગ સાર




**અનુત્તરોપપાતિકદશાંગઃ**- આમાં ત્રણ વર્ગ છે. પહેલા વર્ગની અંદર **'જાલી મયાલી'** વગેરે શ્રેણિકના દશ પુત્રોના નામે, બીજા વર્ગમાં **'દિહ (દીર્ઘ) સેણ, મહાસેન** વગેરે **શ્રેણિક**ના ૧૩ પુત્રોના નામે ૧૩, ત્રીજા વર્ગમાં **'ધન્નો કાકંદી'** વગેરે દશ અધ્યયનો આવેલાં છે. તે પુણ્યવાનોએ કઈ રીતે આરાધના કરી અને વિજય વિગેરે **અનુત્તર** વિમાનમાં ઉત્પન્ન થયા તે જણાવ્યું છે તે આ અંગનો સાર છે.

## ૧૦. શ્રીપ્રશ્નવ્યાકરણ સાર




**પ્રશ્નવ્યાકરણઃ**- આ અંગમાં બે શ્રુતસ્કંધ, દશ અધ્યયન છે. અંગુઠયાદિ વિધાનો જેમાં કહેવાયાં છે તે **પ્રશ્નવ્યાકરણ** અથવા વિદ્યાવિશેષ જેમાં પ્રતિપાદન કરાય છે તે **પ્રશ્નવ્યાકરણદશા.** પૂર્વ કાળમાં આ અંગમાં ૧૦૮ પ્રશ્ન, ૧૦૮ અપ્રશ્ન અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્નનો સમાવેશ થતો હતો એમ કહેવાય છે, પણ વર્તમાનકાળમાં પાંચ આશ્રવનાં દ્વારો અને પાંચ સંવરનાં દ્વારો જેમાં વર્ણવાયાં છે તે **પ્રશ્નવ્યાકરણ.**

આશ્રવનાં દ્વારોઃ- હિંસા, મૃષાવાદ, અદત્ત. અબ્રહ્મ અને પરિગ્રહ. આશ્રરદ્વારમાં આ પાંચનું સ્વરૂપ, તેનાં ૩૦-૩૦ નામો, તે કરવાનું પ્રયોજન, તે કરનાર અને તેનું ફળ જણાવવામાં આવ્યું છે. એવી રીતે સંવરના-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચનું સ્વરૂપ, નામો, તે કરવાનું પ્રયોજન, કરનાર અને ફળ એમ જણાવ્યું છે. એ રીતે પ્રશ્નવ્યાકરણનો સાર પૂર્ણ થાય છે. અતિગહન વિષય આનો ગણાય છે. પાઠાંતરો પણ ઘણાં જ છે એ તેમ **શ્રીઅભયદેવસૂરિજી**ના વચનથી જણાય છે.

# ૧૧. શ્રીવિપાક-શ્રુત સાર




**વિપાકશ્રુત**-આમાં વિપાક એટલે ફળ :- સુખ અને દુઃખ. એને જણાવનાર જે આગમ તે **વિપાકાંગ.** આમાં બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધ **'દુઃખવિપાક'** નામનો અને બીજો **સુખવિપાક** નામનો છે. પ્રથમ શ્રુતસ્કંધની અંદર **'મૃગાપુત્ર'** વગેરે દશ અધ્યયનો છે. બીજા શ્રુતસ્કંધમાં **'સુબાહુ'** વગેરે દશ અધ્યયનો છે. સત્તા મળી હોય તે સત્તાનો જે દુરુપયોગ કરે છે તે આત્મા તે પાપકર્મને ઉત્પન્ન કરે છે. તેથી તે પાપકર્મને ભોગવવા માટે દુર્ગતિમાં રખડવું પડે છે. તે વાતને જણાવતાં પહેલાં અધ્યયનમાં-દૃષ્ટાન્તરૂપે-મૃગાપુત્રનું દુઃખ કેવા પ્રકારનું છે? જેનો આબેહૂબ ચિતાર તેમાં વર્ણવાયો છે. આવી રીતે નરક વિગેરેમાં રખડવું, દુઃખો વિગેરે ભોગવવા વિગેરે અધિકાર દુઃખવિપાક શ્રુતસ્કંધમાં વર્ણવાયો છે. તેનાથી ઊલટું **સુખવિપાક**માં પુણ્યવાનોએ કઈ રીતે આરાધના કરી? કઈ રીતે કયું કયું સુખ મેળવ્યું? અને કઈ રીતે મોક્ષે ગયા? તે અધિકાર આમાં વર્ણવાયો છે. આ રીતે **વિપાકસૂત્ર**નો સાર સંપૂર્ણ થાય છે.

# ૧૨. ઉવંગસાર-ઉપાંગસારનો ટૂંકો પરિચય

## ઉપાંગ પહેલું-ઔપપાતિક સાર




**શ્રીઆચારાંગ** સૂત્રની અંદર આવેલ "**अत्थि मे आया उववाए**" તેની અંદર આવેલ ઉપપાત, તેને લક્ષમાં લઈને આ અંગની રચના કરી છે એટલે **ઔપપાતિક** ઉપાંગ એ પ્રથમ અંગ **આચારાંગ**નું ઉપાંગ છે. **उपपतनं-उपपातः** દેવ નારક ઉપપાત જન્મ અને સિદ્ધિગમન. તેને આશ્રીને આ ઉપાંગની રચના છે.

**ચં**પાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યના વનખંડમાં આવેલ અશોક વૃક્ષ, પૃથ્વીશિલાપટ્ટક, કોણિક રાજા, ધારણી દેવી વગેરે અધિકારનું વર્ણન છે પછી શ્રમણ ભગવાન **મહાવીર** પ્રભુનું આગમન, **કોણિક**નું સામૈયા સહિત આવવું. તેવી રીતે વર્ણન કરતાં સાધુના ગુણ, બાહ્ય-અભ્યંતર તપ, **શ્રી** ગૌતમ સ્વામીના સંયત-અસંયત સંબંધી તથા પાપ-આશ્રવ સંબંધી પ્રશ્નો, સમજાવ્યા છે. લોકાસ્તિકાય વગરેના વર્ણનમાં ચાર ગતિનું આયુષ્ય શાથી બંધાય? ધર્મના પ્રકાર-અણગાર અને આગાર ધર્મ એ વર્ણન કરતાં છેવટે ધર્મ કલ્યાણ કરે છે એમ જણાવ્યા પછી પર્ષદા વિસર્જન થઈ ત્યાં સુધીનો અધિકાર આ ઉપાંગમાં જણાવ્યો છે.

## ઉપાંગ બીજું-રાજપ્રશ્નીય




**પ્ર**દેશી રાજાએ કેશી ગણધર મહારાજને જીવ વગેરે વિષયના જે પ્રશ્નો કરેલા તેને કારણે રચાયેલું આ ઉપાંગ છે, તેથી આનું નામ **રાજપ્રશ્નીય** છે.

શ્વેતામ્બિકા નગરીમાં પરદેશી રાજા નાસ્તિક છે. તેમનો મંત્રી ચિત્રસાર નામનો શ્રાવક છે. રાજાનું હિત ઇચ્છતો તે મંત્રી કેશી ગણધરને મળતાં શ્વેતામ્બિકામાં પધારવાનું ગુરુ મહારાજને આમંત્રણ આપે છે. ગુરુ મહારાજ ઉદ્યાનમાં પધાર્યાથી રાજાને 'અશ્વવાહિકાના' બહાને ઉદ્યાનમાં લઈ જાય છે, એથી ગુરુ મહારાજ અને નાસ્તિક પ્રદેશી રાજાનું મિલન થાય છે. ક્રમે તે જીવ, તે શરીર, નારકીમાંથી જીવનું નહિ આવવું, માતા દેવનું ન આવવું, અરૂપીપણું, શરીરનો છેદ થવા છતાં અદર્શન વગેરે પ્રશ્નો કરે છે. જવાબથી સંતુષ્ટ થઈ રાજા ક્રમે શ્રાવક ધર્મમાં સ્વીકારે છે, એથી નારાજ રાણી ઝેર આપે છે, રાજા અનશન કરીને કાળ કરી સૂર્યાભ દેવ થાય છે તે અધિકાર આ ઉપાંગમાં છે.

## ત્રીજું ઉપાંગ-જીવાજીવાભિગમ

ત્રીજું અંગ **ઠાણાંગ**-તેનો જે અધિકાર '**एगे जीवे**' વગેરે તેને આશ્રીને આ ઉપાંગ રચાયું છે. આની અંદર જે વિભાગો પાડેલા છે તેને 'પ્રતિપત્તિ' એવા શબ્દથી સંબોધ્યા છે. આમાં નવ પ્રતિપત્તિઓ છે. બે પ્રકાર, ત્રણ પ્રકાર યાવત્ દશ પ્રકાર સુધીનું તેમાં વર્ણન છે.

જીવના ભેદો, અજીવના ભેદો, ત્રસ-સ્થાવર (૨) સ્ત્રી-પુ-નપુંસક (૩) નારકીતિર્યંચ




-દેવ અને મનુષ્ય (૪) એકેન્દ્રિ-બેઈન્દ્રિ-તેઈન્દ્રિ-ચૌરેન્દ્રિ ને પંચેન્દ્રિ (૫) પૃથ્વી-અપ્-તેઉ-વાઉ-વનસ્પતિ-ત્રસ (૬) નારક, તિર્યંચ સ્ત્રી. પુ. મનુષ્ય, સ્ત્રી. પુ. દેવ, સ્ત્રી. પુ. (૭) ચાર ગતિમાં પ્રથમ સમય અને અપ્રથમ સમય એ રીતે (૮) પૃથ્વીકાય, અપ્કાય તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિ, તેઈન્દ્રિ ચૌરેન્દ્રિ, પંચેન્દ્રિ એમ નવ (૯) પાંચ જાતિના પ્રથમ સમય અને અપ્રથમ સમય એ રીતે દશ (૧૦) તેવી જ રીતે ચાર નિકાય, જ્યોતિષ, વૈમાનિક, નારકી, તિર્યંચ, મનુષ્ય, દ્વીપ અને સમુદ્રો અને છેલ્લો સિદ્ધનો અધિકાર લઈ, સિદ્ધનાં સ્થિતિ વગેરે જણાવી આ ઉપાંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

## ચોથું ઉપાંગ-પ્રજ્ઞાપના

ચોથું ઉપાંગ **પ્રજ્ઞાપનાઃ- સમવાયાંગની** અંદર સંક્ષેપથી એકથી અનંત સુધીનો અધિકાર આવેલો છે તેને લક્ષમાં લઈ આ ઉપાંગ છે. આ ઉપાંગનું નામ **પ્રજ્ઞાપ**ના એટલે પ્રકર્ષથી યથાવસ્થિતરૂપ પદાર્થ જણાવવું તે આ ઉપાંગ છે. જેમ **ભગવતી** સૂત્રની અંદર પ્રશ્નોત્તરરૂપે અધિકાર છે તેમ આ ઉપાંગની અંદર પણ પ્રશ્નોત્તરરૂપે અધિકાર છે. અહીંયાં અધ્યયનોના બદલે એકેક પ્રકરણને 'પદ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. તે પદ આ સૂત્રની અંદર છત્રીસ છે.

જીવ-અજીવની પ્રરૂપણા **૧.** કયો જીવ કયા સ્થાને ઉત્પન્ન થાય **૨.** અલ્પ-બહુત્વનો દિશાદિ વિચાર **૩.** આયુષ્ય **૪.** ઔદારિક-ક્ષાયોપશમિક વગેરે ભવો **૫.** ઉપજવું અને નીકળવું તેનું આંતરૂ **૬.** શ્વાસ-ઉશ્વાસનું પ્રમાણ **૭.** આહારાદિ દશ સંજ્ઞા **૮.** સચિત્ત વિગેરે યોનિઓ **૯.** ચરમ વિગેરે અપેક્ષા **૧૦.** સત્ય વિગેરે ભાષા **૧૧.** ઔદારિકાદિ



શ્રી પન્નવણા સૂત્ર એ સમવાયાંગ સૂત્રનું ઉપાંગ છે. પ્રશ્નોત્તર શૈલીના આ ગ્રંથને 'લઘુ ભગવતી સૂત્ર' પણ કહે છે. જૈન દર્શનના તાત્વિક પદાર્થોનો સંક્ષિપ્ત વિશ્વકોષ સમાન છે. આમાં નવતત્વની પ્રરૂપણા છે. છ લેશ્યાનું સ્વરુપ કર્મગ્રંથ સયંમ સમુદ્ઘાત જેવી મહત્વની બાબતો સમજાવી છે. આ ઉપાંગ સૌથી મોટું છે. રત્નનો ખજાનો છે.

શરીર **૧૨.** પરિણામ, ગતિ વિગેરે દશ પ્રકાર **૧૩.** ક્રોધ વિગેરે તેમજ અનંતાનુબંધી વિગેરે **૧૪.** પાંચ ઇન્દ્રિયો અને તેના આકાર વિગેરે **૧૫.** પંદર પ્રકારનો આત્મા, વ્યાપાર-પરિસ્પંદન ક્રિયા **૧૬.** આત્મા કર્મની સાથે જેનાથી જોડાય છે તે લેશ્યા **૧૭.** જીવ વિગેરે બાવીશ પદોની કાયસ્થિતિ **૧૮.** સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિનો અધિકાર **૧૯.** ચોવીશ સ્થાનોમાં અંતક્રિયાનો વિચાર **૨૦.** ઔદારિકાદિક પાંચ શરીરની અવગાહનાનો વિચાર **૨૧.** કાયિકી વગેરે ક્રિયાનો વિચાર **૨૨.** પ્રકૃતિ બંધનો વિચાર **૨૩.** કઈ પ્રકૃતિ વખતે કઈ પ્રકૃતિ બાંધે **૨૪.** કઈ પ્રકૃતિને બાંધતો કઈ પ્રકૃતિને વેદે **૨૫.** કઈ પ્રકૃતિનો અનુભવ કરતો કેટલી બાંધે **૨૬.** કઈ પ્રકૃતિનું વેદન કરે **૨૭.** સચિત્ત વગેરે આઠ પ્રકારનો આહાર **૨૮.** સાકાર-નિરાકાર એમ બાર પ્રકારનો ઉપયોગ **૨૯.** સાકાર પશ્યતા ને નિરાકાર પશ્યતા **૩૦.** સંજ્ઞી-અસંજ્ઞી **૩૧.** સંજય-અસંજય વિગેરે **૩૨.** ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમપ્રત્યયિક અવધિજ્ઞાન **૩૩.** વેદ, જ્ઞાન, કાર્ય, સ્પર્શ, રૂપ, શબ્દ, મન વિષય પ્રવિચાર=પરિણામ **૩૪.** શીતાદિ વેદના **૩૫.** અને સાત સમુદ્ઘાત **૩૬.** એ રીતે આ ઉપાંગની અંદર છત્રીશ પદોનું સ્વરૂપ બતાવ્યું છે.

## પાંચમું અને છઠ્ઠું ઉપાંગ=સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ

**સૂર્યપ્રજ્ઞપ્તિ એ ભગવતીજી**નું ઉપાંગ છે અને **ચન્દ્રપ્રજ્ઞપ્તિ** એ છઠ્ઠા અંગ **જ્ઞાતાજી**નું ઉપાંગ છે. ચન્દ્ર અને સૂર્ય એમ બન્નેને ઉદ્દેશીને રચાયેલ ઉપાંગો એટલે **સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિઃ** જ્યોતિષચક્રની અંદર જ્યોતિષચક્રનો જે અધિકાર ચાલે છે તે અધિકાર સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારા એ એકબીજાની સાથે સંબંધ ધરાવનાર હોય છે, તેથી જે વાત 'સૂર્ય'ની બોલવાની હોય તે જ વાત 'ચંદ્ર'માં બોલવાની હોય છે એટલે એ બે

ઉપાંગોની રચનામાં ખાસ કોઈ મહત્ત્વનો ભેદ દેખાતો નથી. ટીકાકારની ટીકામાં પણ ફકરાઓના ફકરા સુધી પણ સરખો જ અધિકાર ચાલે છે, આથી અત્રે બન્નેનો ભેગો જ અધિકાર લીધો છે. **સિદ્ધાંતાગમસ્તવના**શ્લોક ૨૬માં આ વાતનો ઉલ્લેખ કરતાં એ ગ્રંથકારે આ રીતે શ્લોક લખ્યો છે.

**"पणमामि चन्द्र-सूर्य-प्रज्ञप्ति यमल जातके नव्ये ।**
**गुम्फ वपुषैव नवरं नातिभिदार्थात्मनाऽपि ययोः ॥२६॥"**




બન્ને પન્નત્તિની અંદર અધ્યયનોના બદલે પાહુડ=પ્રાભૃતથી વિભાગો કહ્યા છે અને તેના પણ પેટાવિભાગોને પ્રાભૃત કહ્યા છે. જ્યોતિષચક્રની અંદર સૂર્યને રાજા તરીકે ગણ્યો છે. આ બન્ને પન્નત્તિઓમાં વીશ વીશ પાહુડા અર્થાત્ પ્રાભૃતો એટલે કે પ્રકરણો છે.

પહેલા પ્રાભૃતમાં મંડલગતિ, બીજામાં સૂર્યનું ભ્રમણ, ત્રીજામાં પ્રકાશ્ય ક્ષેત્ર, ચોથામાં પ્રકાશનો આકાર, પાંચમામાં લેશ્યાનો પ્રત્યાઘાત, છઠ્ઠામાં ઓજસની સંસ્થિતિ, સાતમામાં તેમને આવરણ કરનાર, આઠમામાં સૂર્યના ઉદયની સ્થિતિ, નવમામાં પોરસી છાયાનું પ્રમાણ, દશમામાં ચન્દ્રનો ક્ષેત્ર સાથેનો સંબંધ, મુહૂર્તનાં નામ, નક્ષત્રોના આકાર, નક્ષત્રોના તારા વગેરે. અગિયારમામાં સંવત્સરનો આરંભ અને અંત, બારમામાં પાંચ સંવત્સરનો અધિકાર. તેરમામાં ચન્દ્રમાસની વૃદ્ધિ હાનિ, ચૌદમામાં જ્યોત્સ્નાનું પ્રમાણ, પંદરમામાં સૂર્યાદિની ગતિનો નિર્ણય. સોળમામાં જ્યોત્સ્નાનું લક્ષણ, સત્તરમામાં ચ્યવન અને ઉત્પાત, અઢારમામાં-સૂર્ય ચન્દ્ર વગેરેની ઊંચાઈ, ઓગણીશમામાં સૂર્ય-ચન્દ્રનું પરિમાણ એટલે કયા **દ્વીપ**માં સૂર્ય વગેરે કેટલા તે. વીશમામાં ચન્દ્રાદીનો અનુભવ, અઠ્યાશી ગ્રહોનાં નામો વગેરે આપી આ **સૂરપન્નત્તિ** અને **ચંદપન્નત્તિ** બન્ને ઉપાંગોને પૂર્ણ કર્યાં છે.



## ઉપાંગ સાતમું=જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ




**જંબુદીવપન્નત્તિ**- જંબુ નામના દેવતાના રહેઠાણ ઉપરથી જે ઓળખાય છે ઉપલક્ષિત તે દ્વીપ, તેને પ્રકર્ષથી જણાવવું તે **જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ.** આની અંદર અધ્યયનોના બદલે વક્ષસ્કારોથી વિભાગ પાડેલા છે. ટીકાકારે આ પન્નત્તિમાં સાત વક્ષસ્કાર પાડેલા છે.

પહેલા વક્ષસ્કારમાં ભરતક્ષેત્ર સુધીનો, બીજા વક્ષસ્કારમાં કાળચક્ર-**રૂષભદેવ** ભગવાનનું ચરિત્ર, પુષ્કરાવર્તમેઘ વગેરેના અધિકારનો અને ત્રીજા વક્ષસ્કારમાં ભરતચક્રવર્તીના વર્ણનથી માંડી નમિ-વિનમિ સુધીનો અધિકાર છે. ચોથા વક્ષસ્કારમાં ભરતઐરાવતને છોડીને બધાં ક્ષેત્રો અને પર્વતોનો અધિકાર છે. પાંચમા વક્ષસ્કારમાં તીર્થંકર પ્રભુના જન્માભિષેકનું વર્ણન છે. છઠ્ઠા વક્ષસ્કારની અંદર ખંડા, જોયણ વગેરે દશ દ્વારોએ જંબુદ્વીપના પદાર્થોનું વર્ણન છે. સાતમા વક્ષસ્કારની અંદર જયોતિષચક્ર અલ્પબહુત્વ, સંવત્સર વગેરે કાળ અને જંબુદ્વીપ શાશ્વતા-અશાશ્વતાનો અધિકાર છે. આ રીતે સાતમું ઉપાંગ પૂર્ણ થાય છે.

## આઠમું ઉપાંગ=નિરયાવલિકા

**નિરયાવલિકાઃ**- પ્રણાલિકા પ્રમાણે **નિરયાવલિકા** પંચક ગણવામાં આવે છે એટલે ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ એ પાંચે ઉપાંગો ભેગા ગણે છે અને એકેકને જુદા અધિકારરૂપે તે વર્ગ ગણે છે. તેમાં પ્રથમ વર્ગ **નિરયાવલિકાનો** છે. આની અંદર **નિરયાવલિયામાં** નરકમાં આવલિકા પ્રવિષ્ટ અને ઇતર નરકોનું વર્ણન છે, તે નરકમાં જનારાના અધિકારને જણાવનાર આ આઠમું ઉપાંગ છે. **નિરયાવલિકા.** તે **અંતકૃદશાનું** આ ઉપાંગ છે. આની અંદર અધ્યયનો પાડવામાં આવેલાં છે. પ્રથમ વર્ગમાં અધ્યયન દશ છે.

'**રથમુશલ**' સંગ્રામમાં **કાલ**કાદિ કુમારોએ ઘણા મનુષ્યોનો ક્ષય કરીને નરકનું આયુષ્ય બાંધ્યું અને નરકમાં ગયાં. આમાં બે સંગ્રામો મુખ્ય છે. '**મહાશિલાકંટક**'અને '**રથમુશલ**' સંગ્રામ, '**મહાશિલાકંટક**' એટલે તૃણશૂક વગેરેથી પણ હણાયેલા હાથી ઘોડા વગેરે **મહા**શિલાકંટક વડે હણાયાની માફક વેદનાને અનુભવે. '**રથમુશલ**' એટલે જ્યાં મુશલ એટલે સાંબેલુ એનાથી સહિત એવો રથ દોડતો ઘણા મનુષ્યોનો ક્ષય છે, આથી તે '**રથમુશલ**' કહેવાય. એ રીતે **નિરયાવલિકા**નો અધિકાર છે.



શ્રી નિરયાવલિકા એ અંતકૃત દશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ આગમમાં કોણિક મહારાજએ ચેડા મહારાજાની સામે કરેલ ભીષણ સંગ્રામનું વર્ણન છે જેમા ૮૦ કરોડ જનસંખ્યાની ખુવારી થઈ હતી. લગભગ બધા નરક ગતિમાં ગયા તેથી આ આગમનું નામ નરક – આવલી – શ્રેણી પડયું છે. બીજું નામ કલ્પિકા છે.



શ્રી કપ્પવડંસિયા સૂત્ર અનુત્તરોપપાતિક દશાંગનું ઉપાંગ છે. તેમાં શ્રેણિક મહારાજાના કાલ આદિ ૧૦ પુત્રો અને પદ્મ – મહાપદ્મ આદિ ૧૦ રાજકુમાર પૌત્રોએ પરમાત્મા પાસે દીક્ષા લઈ જુદા – જુદા દેવલોકમાં ગયા ત્યાંથી મોક્ષે જશે... તેમના તપ – ત્યાગ સંયમની સાધના વિસ્તારથી જણાવાઇ છે.

## નવમું ઉપાંગ-કલ્પાવતંસિકા

**કલ્પાવતંસિકા** :- તેને બીજા વર્ગો કહેવામાં આવેલા છે અને તેમાં દશ અધ્યયનો છે. આ **અનુત્તરોપપાતિકાંગ**નું ઉપાંગ છે. **સૌધર્મ** વગેરે કલ્પોની અંદર ઉત્પન્ન થનાર એ પુણ્યવાન પુરુષો હોવાથી આનું નામ **કલ્પાવતંસિકા** એવું પડ્યું છે. પદ્મ વગેરે કુમારો કેટલા વર્ષનો સંયમ પર્યાય પાળીને કયા દેવલોકમાં ઉત્પન્ન થયા તે વગેરે અધિકાર આમાં જણાવવામાં આવેલો છે.




આ પુષ્પિકા આગમશ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રના ઉપાંગ તરીકે છે. પરમાત્મા શ્રી વીર પ્રભુને ૧૦ દેવ-દેવીઓ અદ્‌ભુત સમૃદ્ધિ સાથે પુષ્પક વિમાનમાં બેસી વંદનાર્થે આવે છે. તેમના પૂર્વભવ ભગવાન શ્રી વીરપ્રભુ ગૌતમસ્વામીને જણાવે છે. વધુમાં સૂર્ય-ચંદ્ર-શુક્ર-બહુપુત્રિકા દેવી-પૂર્ણભદ્ર-માણિભદ્ર-દત્ત-શીલ આદિની રોમાંચક કહાની આપેલી છે.

## દશમું ઉપાંગ=પુષ્પિકા

**પુષ્પિકાઃ-** આ પ્રશ્નવ્યાકરણનું ઉપાંગ છે. આ ત્રીજો વર્ગ છે. સંયમ લઈ ગુરુવાસને અંગીકાર કરવાથી **પુષ્પિકા** એટલે સુખી અને તેનો ત્યાગ કરવાથી દુઃખી એ વર્ણન જેમાં કરાવાયું છે એવું આ ઉપાંગ છે. આ ઉપાંગમાં **ચન્દ્ર, સૂર્ય** વગેરે દશ અધ્યયનો છે. **'બહુપુત્રિકા'** વગેરેનો અધિકાર આમાં જ આવી જાય છે.




શ્રી પુષ્પચૂલિકા સૂત્ર એ વિપાકસૂત્રનું ઉપાંગ છે. શ્રી હ્રીં ધૃતિ આદિ ૧૦ દેવીઓની પૂર્વભવ સહિત કથાનકો છે. શ્રી દેવી પૂર્વભવમાં ભુતા નામની સ્ત્રી હતી. તેને શ્રી પાર્શ્વનાથ ભગવાને નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરાવી હતી. આદિનું સુદર વિવરણ છે.

## અગિયારમું ઉપાંગ=પુષ્પચૂલિયા=પુષ્પચૂલિકા

**પુષ્પચૂલિકાઃ-** ચોથા વર્ગ તરીકે પુષ્પચૂલિકાનો અધિકાર છે. **વિપાકાંગનું** આ ઉપાંગ છે. સિરિ વગેરે દેવીઓના આમાં અધિકાર છે. શરીર ધોવું વગેરે અધિકાર પુષ્પચૂલાને ઉદ્દેશીને થયો તેને આશ્રીને આ વર્ગનું નામ **પુષ્પચૂલિકા એવું** પડ્યું છે. શરીરની શુશ્રૂષા એ શું કરે? અને એને માટે પ્રાયશ્ચિત્ત વગેરે લેવું પડે. આમાં પુષ્પચૂલા મુખ્ય હોવાથી આ ઉપાંગનું નામ પુષ્પચૂલિકા એવું પડ્યું છે.

## બારમું ઉપાંગ=વહ્નિદશા=વૃષ્ણિદશા




શ્રી વન્હિદશા સૂત્ર એ દ્રષ્ટિવાદના ઉપાંગ તરીકે છે. તેમાં અંધકવૃષ્ણિ વંશના અને વાસુદેવ. શ્રી કૃષ્ણના વડીલ બંધુ બળદેવના નિષધ વિગેરે ૧૨ પુત્રો અખંડ બ્રહ્મચારી બની પ્રભુ નેમનાથ પાસે દીક્ષા સ્વીકારી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયા તે ત્યાંથી મહાવિદેહ ક્ષેત્ર મોક્ષે જશે વિગેરે હકીકત સુંદર શબ્દોમાં જણાવી છે.

**વૃષ્ણિદશાઃ-** બારમા અંગ દૃષ્ટિવાદનું આ ઉપાંગ છે. આને પાંચમો વર્ગ ગણ્યો છે. આ વર્ગમાં બાર અધ્યયનો છે. અંધકવૃષ્ણિના કુળમાં ઉત્પન્ન થયેલા અને અંધક શબ્દનો લોપ થવાથી વૃષ્ણિ શબ્દ રહ્યો. તે વૃષ્ણિ શબ્દને અનુલક્ષીને આ ઉપાંગ તે વૃષ્ણિદશા. નિષધ વગેરે કુમારો-**નેમનાથ** ભગવાનની દેશના સાંભળીને, જે રીતે સંયમ અંગીકાર કર્યો, જે રીતે આરાધના કરી તે અધિકાર આમાં વર્ણવાયો છે. તેને જણાવનારું આ ઉપાંગ છે. અનુક્રમે **અંતકૃતનું નિરયાવલિકા, અનુત્તરોપપાતિકનું કલ્પાવતંસિકા, પ્રશ્નવ્યાકરણનું પુષ્પિકા, વિપાકનું પુષ્પચૂલિકા** અને **દૃષ્ટિવાદનું વૃષ્ણિદશા** ઉપાંગ છે.

## શ્રીદશપયન્ના (પ્રકીર્ણદશક)નો ટૂંકો પરિચય

શ્રીદશપયન્ના દશ આગમ છે. જૈનશાસનમાં ૪૫ આગમ પૂજનીય, વંદનીય છે. તે પૈકી દશ આગમો 'દશ પયન્ના'ના નામે પ્રસિદ્ધિ પામેલા છે.

'પયન્ના' શબ્દનું સ્વરૂપ પ્રાકૃતમાં 'पईण्णग'ને સંસ્કૃતમાં 'પ્રકીર્ણક' શબ્દથી સંબોધાય છે. "એક સામાયિક પદથી મોક્ષ પામેલા આત્માઓ અનંત છે." આવી જે શાસ્ત્ર ઉક્તિ છે તેનું રહસ્ય એ છે કે શાસ્ત્રના એક-એક પદના આધારે જીવો મોક્ષે જઈ શકે છે.અર્થાત ઉપદેશ ઘણો સાંભળે પણ તેને કોઈ એક પત્ર એવી અસર કરે કે જેથી તે આત્માની આખી દિશા બદલાઈ-પલટાઈ જાય છે. આ વાત ખ્યાલમાં રાખીને આપણે દશ પયન્નાનો વિચાર કરીશું. શાસ્ત્રમાં આવે છે કે શ્રી ભગવંત તીર્થંકર દેવના જેટલા શિષ્યો થાય છે. તેઓની જે પ્રકારની યોગ્યતા ગ્રહણશક્તિ હોય તે જોઈને તેને ઉપકારક થાય તેવો ઉપદેશ શ્રીવીતરાગદેવ આપે છે. ત્યારબાદ તે અર્થ સૂત્રમાં સંકલિત થાય છે. અને તેનો સ્વાધ્યાય તેઓ નિત્યપ્રતિ કરતાં હોય છે, આથી ફલિત થાય કે **શ્રીમહાવીર** સ્વામીજીને ૧૪૦૦૦ શિષ્યો હતા. તો તેઓના ૧૪૦૦૦ સૂત્રો થયાં, પણ તે ભિન્ન ભિન્ન વિષયનાં હોવાથી તેમજ પરિણામ અલ્પ હોવાથી તે પ્રકીર્ણકપયન્ના કહેવાય છે તેવી જ રીતે શ્રી**આદિનાથ** ભગવાનના ૮૪૦૦૦ સાધુના ૮૪૦૦૦ હજાર પયન્ના હોય છે. વર્તમાન ભગવાન **શ્રીમહાવીર**દેવના શાસનમાં ૧૪૦૦૦ પયન્ના હોવા છતાં કાળક્રમે લુપ્ત થતાં ૩૦-૪૦ પયન્ના મળે છે તે પણ ત્રુટક આદિ દોષથી વ્યાપ્ત છે. તેમાંથી પૂર્વાચાર્યોએ દશ પયન્નાને પિસ્તાલીશ આગમોમાં સ્થાયી કર્યા છે તેનું સ્વરૂપ વિચારીએ.

### ૧. શ્રીચતુઃશરણપ્રકીર્ણક

આ પયન્નાની રચના **શ્રીવીર**ભદ્રાચાર્યે કરી છે. તેઓશ્રીએ પ્રારંભની ૭ ગાથામાં કયા **આવશ્યક**થી (સામાયિક-ચતુર્વિંશતિ સ્તવ આદિ ૬ થી) કયા આચારની શુદ્ધિ થાય તેનું વર્ણન આપ્યું છે અને ૮મી ગાથામાં ૧૪ સ્વપ્નોનાં નામો મંગલ નિમિત્તે જણાવ્યાં છે.

**૧. ચતુઃશરણઃ- ૧.** અરિહંત પરમાત્મા, ૨. સિદ્ધભગવંતો, ૩. સાધુઓ અને ૪. શ્રીકેવલી ભગવંતે ભાખેલ ધર્મ. આ ચારે પદાર્થોનું શરણ સ્વીકાર્યાનું જણાવ્યું છે.

**૨. દુષ્કૃતગર્હાઃ-** એટલે અજ્ઞાનાદિ વશ થઈને આ જીવે મિથ્યાત્વ, અરિહંતદેવ આદિની આશાતના, જીવોને પરિતાપ, આદિ કાર્યો અને ધર્મ વિરુદ્ધ કથન વગેરે પાપનાં કારણો સેવ્યાં હોય તેની ગુરુ સાક્ષીએ ગર્હા કરવી તેમ જણાવ્યું છે.




૩. **સુકૃતાનુમોદના:-** એટલે મહાભાગ્યયોગે દાન, શીલ, તપ, ભાવ, તીર્થયાત્રા, મુનિભક્તિ, સાધર્મિક-ભક્તિ, સામાયિક, પૌષધ, ઉપધાન, સ્વાધ્યાય, પરોપકાર, શ્રીચતુર્વિધસંઘની બહુમાનપૂર્વકની ભક્તિ, જિનબિંબ ભરાવવા, જીર્ણ મંદિરનો ઉદ્ધાર, તીર્થરક્ષા આદિ જે જે સુકૃતો કર્યા હોય તેની અનુમોદના કરું છું. આવાં ધાર્મિક કાર્યો કરવાનો શુભ અવસર પ્રાપ્ત થાઓ ઈત્યાદિ ભાવના ભાવવી.

આ રીતે જણાવેલાં ત્રણ કાર્યોની ભાવના જ્યારે મન સંકલેશ વાસિત થયું હોય ત્યારે વારંવાર ભાવવી અને કલેશરહિત અવસ્થામાં પણ આ ભાવના અવશ્ય ત્રિકાલ ભાવવી જોઈએ, આથી કુશલાનુબંધ થાય છે તીવ્રરસવાલી અશુભ કર્મની પ્રકૃતિ મંદરસવાળી થાય અને મંદરસવાલી શુભ પ્રકૃતિ તીવ્રરસવાળી બને છે. આ ભાવનાવાળો જીવ પરંપરાએ મોક્ષસુખ પામવાવાળો થાય છે.

આ પયન્નાનું બીજું નામ 'કુશલાનુબંધિ' અધ્યયન છે.

## ૨. શ્રીઆતુરપ્રત્યાખ્યાનનો સાર

**શ્રીઆતુરપ્રત્યાખ્યાન** 'આતુર' એટલે રોગથી ઘેરાયેલા આત્માને પરભવની આરાધનાના અવસરે કરવા યોગ્ય 'પ્રત્યાખ્યાન'નું વર્ણન, જેમાં આવે તે **આતુરપ્રત્યાખ્યાન** કહેવાય છે.

(આ પયન્નામાં બાલપંડિતમરણ અને પંડિતપંડિતમરણનું વર્ણન આવે છે.)

બાલપંડિત=સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર (અવિરતિની અપેક્ષાએ બાલ અને વિરતિ ગુણ ધારણા કરે છે તે અપેક્ષાએ પંડિત), પંડિતપંડિત=સર્વવિરતિધર. આ બન્નેના




મરણ વખતની આરાધનાનો ક્રમ-માર્ગ આ પયન્નામાં છે.

જબાલપંડિતમરણનું લક્ષણ જણાવી દેશવિરતિનું લક્ષણ, પાંચ અણુવ્રતો આદિવ્રતો જણાવ્યાં છે. આવા બાલપંડિતને અચાનક મરણ આદિના પ્રસંગે મરણની વિધિ તથા ભક્તપરિજ્ઞાની ભલામણ સાથે વૈમાનિકદેવત્વ 'પ્રાપ્તિ' આદિ ફળ બતાવ્યાં છે. પ્રારંભની લગભગ નવગાથામાં આ અધિકાર આવે છે. પંડિતપંડિતમરણ શ્રીસાધુ-સાધ્વી ભગવંતોને હોય છે. અનશન વખતે અજ્ઞાન, ધ્યાન વગેરે ૬૩ વિષયક 'મિચ્છા મિદુક્કડમ્' તથા શુભ ધ્યાનને ધારણ કરવાનું જણાવ્યા બાદ શ્રીવીતરાગ પરમાત્માને નમસ્કાર કરવાપૂર્વક પંચ મહાવ્રતના પચ્ચક્ખાણ અને સર્વની સાથે ક્ષમાપના કરાવાય છે, આરાધના કરાવાય છે. આ પ્રસંગે અનંત તથા પરિત્ત સંસારીનું લક્ષણ બતાવ્યું છે.

ગુરુનો પ્રત્યનીક, અતિમોહવંત, સબળચારિત્રી, કુશીલ આદિ અનંત સંસારી આત્માઓનું મરણ અસમાધિપૂર્વક થાય છે અને ગુરુવચન કરવાવાળા, જિન વચનમાં લીન, અસબળ ચારિત્ર આદિ ગુણવાલા, પરિત્ત સંસારીનું મરણ સમાધિપૂર્વક થાય છે. આરંભના પચ્ચક્ખાણ કરતી વખતે સર્વ જીવો સાથે મારે સમભાવ છે, કોઈની સાથે વેરઝેર છે નથી. હું હવેથી ધનાદિ આશાનો ત્યાગ કરું છું. મરણ વખતે પુનઃ સામાયિક પાઠનો ઉચ્ચાર કરીને આતુરાત્માને ભાવવા લાયક ભાવવાનું વર્ણન છે. અંત સમયે અશાતાવેદનીય કર્મના ઉદયે તીવ્રવેદના ભોગવવાનો પ્રસંગ આવે તો તે સમયે ગભરાવું નહિ. ધૈર્ય રાખી સમભાવે કર્મજન્ય વેદના સહવી, હાયવોય કરવાથી વેદના ઓછી નથી થતી, પણ નવાં ચીકણાં અશુભકર્મ ઉપાર્જન થાય છે. નદીના પાણીથી સમુદ્ર, ઈંધણથી અગ્નિ, જેમ તૃપ્ત થતો નથી તેમ આત્મા સંસારના વિષયોથી

તૃપ્ત થતો નથી. જેઓ છોડે છે તેઓ જ ધન્ય છે. નિષ્કષાયી આત્મા પચ્ચક્ખાણનું પૂર્ણફળ પામે છે. આ પ્રમાણે અંત વખતે જે ધીર અમૂઢતાપૂર્વક પચ્ચક્ખાણ-અનશન કરે છે તે ક્રમશઃ શાશ્વત સુખને પામે છે.

## ૩. શ્રીમહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક




આ પયન્નામાં સાધુઓએ અંત સમયે કરવા લાયક આરાધનાનું ખાસ વર્ણન છે. દુષ્કૃતોની નિંદા - માયાનો ત્યાગ - પંડિત મરણની અભિલાષા અને પ્રસંશા, પૌદ્‌ગલિક આહારથી થતી અતૃપ્તિ પાંચ મહાવ્રતોનું પાલન અને આરાધાનાનું વર્ણન છે.

પૂર્વના **આતુરપ્રત્યાખ્યાન**માં આરાધનાના ટૂંક પરિચયની વાતો મુખ્યતાએ દેશ-વિરતિધર માટે વર્ણવી, જ્યારે **મહાપ્રત્યાખ્યાન**માં સર્વવિરતિધર માટે વિસ્તારથી આરાધના વર્ણવવી જોઈએ માટે આ પયન્નાનું નામ **મહાપ્રત્યાખ્યાન** પ્રકીર્ણક રાખ્યું છે. આમાં પ્રત્યાખ્યાન=ત્યાગનું વિશદ વર્ણન છે.

પ્રારંભમાં શ્રીતીર્થંકરદેવ, સિદ્ધપરમાત્મા તથા સંયતોને નમસ્કાર કર્યો છે. ત્યાર બાદ પાપ અને દુશ્ચરિત્રની નિંદા કરતાં થકાં તેનું પચ્ચક્ખાણ કર્યું છે. અને ત્રિવિધે નિરાગાર સામાયિક અંગીકાર કરવાનું કહ્યું છે. બાહ્ય અભ્યંતર ઉપાધિના ત્યાગ સાથે હર્ષ, દીનતા, ઉત્સુકતા, ભય, શોક, રતિ, અરતિ, આદિ દોષોનો ત્રિવિધે ત્યાગ વર્ણવ્યો છે. પછી એકત્વ ભાવનાની ઉત્કૃષ્ટતા પ્રતિપાદન કરતાં આત્માને ઉપદેશરૂપ ગાથાઓ કહી છે, જેમ કે **"इक्कोऽहं नत्थि मे कोई"** **"सव्वे संजोगलक्खणा"** ॥ ગાથા ૧૩-૧૪-૧૫-૧૬. સંયોગ જ સંસારનું મૂળ છે, માટે તેને ત્રિવિધે ત્યાગ કરવા ઉપર મહત્ત્વ આપ્યું છે.

વિના અલોયણે=વિના શલ્ય-ઉદ્ધારે, આત્મા કર્મથી મુક્ત થતો નથી તે માટે માર્ગદર્શન આપતાં જણાવ્યું છે કે ગુરુમહારાજ પાસે પાપ પ્રકાશન કરી શુદ્ધ થઈ સંથારાને-અનશનને સેવે.

આ સમયે આરાધકે બાલક જેવું થવું જોઈએ અર્થાત્ પોતાના કોઈ પણ દુષ્કૃતને પ્રકાશન કરતાં સંકોચ ન થવો જોઈએ. બાળક જેવી સરલતા આવવી જોઈએ. આ અનશન વખતે ગુરુ મહારાજ પુનઃ પાંચ મહાવ્રતોને ઉચ્ચરાવે છે. પચ્ચક્ખાણ પાલનશુદ્ધિનું વર્ણન, લોકાકાશના દરેક પ્રદેશે જન્માદિનું વર્ણન કરતાં કહે છે કે આ જીવ અનાદિ સંસારમાં અનંતીવાર બાળમરણે મરણ પામ્યો છે અને સંબંધો પણ ઘણાં કર્યા છે, પણ આ જીવ એકલો જ કર્મ બાંધે છે. અને એકલો જ ભોગવે છે, માટે સમભાવે સહન કરવું જોઈએ. આ જીવને કામભોગ આદિનાં સુખોથી સંતોષ થયો જ નથી. સંસારના સ્નેહીઓ રક્ષણ કરી શકે તેમ નથી. મુક્તિનાં કારણો મહાવ્રતોનો આરોપ, વિધિ, ક્રોધ આદિ તજવાં અને ઈન્દ્રિયોને વશ કરવાની હકીકત વર્ણવી, આઠ પ્રવચન માળાનું પાલન આદિનો ઉપદેશ આપ્યો છે. અંતમાં જણાવે છે કે પંડિતમરણથી જન્મ-મરણનો અંત આવે છે, માટે તેવા અનશન આદિ આદરવાં જોઈએ. અનેક મરણનો પંડિત મરણ અંત લાવે છે, માટે તેવાં અનશન આદિ આદરવાં જોઈએ. અનેક મરણનો પંડિત મરણ અંત લાવે છે માટે પંડિત મરણને આચાર્યો પ્રશંસે છે. પરંતુ જે લજ્જા આદિને વશ થઈને આલોચના કરતા નથી, તેઓ આરાધક થતા નથી.

ઈત્યાદિ વર્ણન કરતાં જણાવે છે કે સંવરરૂપી અગ્નિ કર્મરૂપી લાકડાંને બાળી નાખે છે. ચરિત્ર આદિની આરાધના કરતાં અલ્પકાળમાં ઘણાં કર્મોને ખપાવે છે.

પ્રાંતે અંતકાળની તીવ્ર વેદના વખતે વિચારે કે નરકની તીવ્ર વેદના આગળ આ વેદના શા હિસાબમાં છે? માટે મૂંઝાયા વગર સમભાવે સહન કરવાનો ઉપદેશ આપ્યો છે. પ્રાંતે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આરાધનાનું ફળ વર્ણવી આ પ્રકરણ પૂર્ણ કર્યું છે.

## ૪. શ્રીભક્તપરિજ્ઞા પ્રકીર્ણક

પ્રારંભમાં શ્રીવીતરાગ **મહાવીરની** સ્તવના **કરી,** શ્રીજિનશાસનની સ્તુતિ કરી અને જણાવ્યું છે કે શ્રીજિનશાસનની સેવાથી સુખ મળે છે. અભ્યુદ્યત મરણના ત્રણ પ્રકાર છે. ૧. ભક્તપરિજ્ઞા ૨. ઈંગિની મરણ અને ૩. પાદપોપમન મરણ.

પ્રસ્તુત શ્રી**ભક્તપરિજ્ઞામરણ**ના આસન્નકાલમાં વિશિષ્ટ કર્મક્ષય માટે વિશિષ્ટરૂપનું અનશન છે. આ અનશન બે પ્રકારે છે. ૧. સવિચાર ૨. અવિચાર. સાધુ પાસત્થા આદિ તથા ગૃહસ્થ કરી શકે છે. વિષય વિરાગ તથા તીવ્ર સંવેગભાવ મૂળમાં હોય તો આ તપ કરતાં પૂર્વે ગુરુ પાસે શલ્યોદ્ધાર કરવો જરૂરી છે તેમજ જે વ્રતો લીધાં તેનું પુનરુચ્ચારણ કરવું પડે છે.

શરીરમાં જીર્ણમલજન્ય ખરાબી પેદા ન થાય તે માટે વિરેચન આદિથી શુદ્ધિ કરવાનું સમાધિ માટે આવશ્યક ગણ્યું છે, પછી ક્રમશઃ અન્ન આદિનો ત્યાગ કરાવતાં છેવટે પાણી ઉપર રાખી અને પછી અનશનના પચ્ચક્ખાણનો કાળ આવે છે, તે પર્વે શ્રીસંઘ




આ ભક્ત પરિજ્ઞા સૂત્રમાં ચારે આહારનો ત્યાગ કરી અણસણ માટેની પૂર્ણ તૈયારી જણાવી છે. પંડિત મરણના ત્રણ પ્રકાર ૧) ભક્ત પરિજ્ઞા ૨) ઈંગિની ૩) પાદપોપગમન છે. ભક્ત પરિજ્ઞા મરણ અ) સવિચાર બ) અવિચાર એ બે પ્રકારનું છે. આમાં ચાણક્યના સમાધિ મરણનું વર્ણન છે.

સાથે ચૈત્યવંદન, શ્રીસંઘ તથા સકલ જીવરાશિ સાથે ખામણાં આદિ કરવાના હોય છે.

શ્રીસંઘ તેમની આરાધના નિર્વિઘ્ને થાય તે માટે કાઉસગ્ગમાં રહે છે. અને નિર્યામક તેઓને વૈરાગ્યવર્ધક સંસાર નિસ્તારક અમૂલ્ય હિતશિક્ષા આપે છે, જેમ કે 'સંસારનું મૂલ મિથ્યાત્વ છે.' અગ્નિ, ઝેર કે કૃષ્ણસર્પ જે નુકસાન નથી કરતો તેનાથી અનેકઘણું ભયંકર નુકસાન મિથ્યાત્વ કરે છે, માટે તે માર્ગે તું જઈશ મા. પ્રમાદ કરીશ મા. શ્રીઅરિહંતને નમસ્કાર એ જ એક જ સંસાર ઉચ્છેદ માટે સમર્થ છે. પાંચ મહાવ્રતોનો અધિકાર ભાવના વધે તેવી રીતે વર્ણવ્યો છે. નિયાણાનો ત્યાગ કરવા સાથે પ્રાર્થનીય દુઃખક્ષય આદિ ૪ની રચના કરવાનું જણાવે છે. કષાય જય સાથે વેદનાસહન કરવાનું ઉપદેશાયેલું છે. આવા વખતે કદાચ ભાવના પડી જાય તો તેને મજબૂત કરવા માટે **અંવતિસુકુમાલ**, **સુકોશલમુનિ**, **ચાણકય** આદિનાં અસરકારક દૃષ્ટાંતો સુંદર રીતે વર્ણવ્યાં છે. આ આરાધના ભાવને કલ્પવૃક્ષ ચિંતામણિરત્નની ઉપમા બતાવી આ અનશનની મહત્તા સૂચવતાં કહે છે કે જે જઘન્યથી આરાધના કરે છે તે પણ મહર્ધિક સૌધર્મ દેવલોકનો શ્રેષ્ઠદેવ બને છે અને ઉત્કૃષ્ટ આરાધનાથી ગૃહસ્થ **૧૨**મા દેવલોકને પામે છે પુણ્યવંત સાધુ જો મોક્ષે ન જાય તો સર્વાર્થ સિદ્ધમાં જાય છે. આવા દિવ્ય લાભો વર્ણવ્યા છે.

પ્રાન્તની બે ગાથામાં ૧૭૦ ગાથા ને ૧૭૦ તીર્થંકર ૧૭૦ ક્ષેત્રની સંખ્યા સાથે વર્ણવી અધિકાર પૂર્ણ કર્યો છે.

## ૫. શ્રીતંદુલવૈચારિકપ્રકીર્ણક

આ પ્રકીર્ણકમાં ૪૬૦ ક્રોડ ૮૦ લાખ તંદુલ (ચોખા)ના ઉપભોગની સંખ્યા જણાવી વૈરાગ્યનો ઉપદેશ આપ્યો છે, તેથી આ પ્રકીર્ણકનું નામ "**તંદુલવૈચારિક-પ્રકીર્ણક**"




રાખ્યું છે, જે નામ યથાર્થ કોટિમાં છે. આની ગદ્યરચના અને પદ્યરચના બહુ જ સુંદર છે. એમાં વિશિષ્ટ શબ્દરચના સાથે અર્થની સંકલના પણ પ્રૌઢ જ છે.

આ પ્રકીર્ણકના રચનાર મહાસમર્થ પ્રતિભાશાળી ગીતાર્થ શ્રીસ્થવીર ભગવંત છે. આ પ્રકીર્ણકનો મુખ્ય વિષય અશુચિભાવના છે. અન્યત્ર દુર્લભ એવું અપૂર્વ બોધદાયક અશુચિભાવનાનું વિસ્તારથી વર્ણન અહીં કર્યું છે. આ પયન્નામાં ગર્ભમાં રહેવાનું કાલમાન આવે છે. સ્ત્રી આદિની યોનિનું વર્ણન, ઋતુકાળનું વર્ણન, જે ટાઈમે જીવ ગર્ભમાં આવે તે જ વખતે માતાનું રુધિર અને પિતાના શુક્રનો આહાર કરે છે અને તેમાંથી કલલ, અર્બુદ, પેશી આદિ થાય છે તે અવસ્થાનું વર્ણન, શીરા-ધમની-રોમ આદિની સંખ્યાનું વર્ણન આવે છે.

ગર્ભમાં રહેલા જીવને મળમૂત્ર ન હોય, ગ્રહણ કરેલો આહાર, કાન આદિ ઇન્દ્રિયોરૂપે પરિણમે છે. શરીરના જે અંગમાં વીર્ય વધુ હોય તે પિતાના અંગો અને રૂધિર આદિની સંખ્યાનું વર્ણન આવે છે.

ગર્ભમાં રહેલો જીવ અશુભ ભાવનાથી મરીને નરકે જાય અને શુભ ભાવનાથી મરી સ્વર્ગે પણ જાય છે. ગર્ભમાં જીવનું શરીર કેવી રીતે રહે છે તથા જન્મ કેવી રીતે થાય છે તેનું વર્ણન આવે છે.

કોઈક પાપી આત્માનો ગર્ભાવાસકાળ ૧૨ વર્ષનો પણ કહ્યો છે. ત્યાર બાદ બાલદશા આદિ ૧૦ દશા તેમજ આક્ષેપણી આદિ ૧૦ અવસ્થાનું વર્ણન આવે છે. આવા વર્ણનથી સમજવાનું છે કે દુઃખના નાશ માટે ધર્મની આરાધના જરૂરી છે. પુણ્યથી ઉત્તમ જાતિ-કુળ આદિ મળે છે. ત્યાર બાદ સંસ્થાન સંહનનનું સ્વરૂપ તથા અવસર્પિણીના આરાનું સ્વરૂપ આવે છે. ૧૦૦ વર્ષના યુગ, અયન, ઋતુ, માસ, પક્ષ, દિવસ, મુહૂર્ત, શ્વાસો શ્વાસની સંખ્યા, તંદુલની (ચોખાની) સંખ્યા, પાણીનું તેમજ એક વર્ષના દિવસાદિનું

સ્વરૂપ જણાવી તેમાં થતાં નિદ્રાદિના વિભાગો જણાવ્યા છે એટલે જીંદગીનો કેટલો ભાગ બાલ્યાવસ્થામાં, કેટલો નિદ્રામાં, કેટલો, ઘડપણમાં જણાવી ધર્મનો કાલ બહુ જ અલ્પ રહે છે, માટે પ્રમાદનો ત્યાગ કરી ગર્ભિત ધર્માઆરાધના કરવાનો ઉપદેશ આપ્યો છે.

વધુ વૈરાગ્ય ભાવ ઉત્પન્ન કરવા યુગલિક શરીરનું વર્ણન કરતાં તેના કરંડક, શીરા આદિનો વિસ્તાર જણાવી, દેહ પરનો રાગ દૂર કરવાનું જણાવતાં સ્ત્રી પરના મોહને દૂર કરવાનું જણાવ્યું છે. સાથે સાથે તેનાં નામોની (સ્ત્રી નામોની) વ્યુત્પત્તિ જણાવી છે એટલે કે દરેક શબ્દ ઉપરથી એવો અર્થ કાઢ્યો છે કે જેનાથી ધર્મભાવનાને સારો વેગ મળે.

છેવટે જણાવ્યું છે કે મરણના ટાઈમે આત્માને ધર્મ સિવાય કોઈ તારણહાર નથી. આ આખુંયે પ્રકરણ જો વિચાર કરીએ તો સહેજે સમજાય કે સ્ત્રી-પુરુષના ગુહ્ય ભાગોની રચનાથી માંડીને જે પૂર્ણ વર્ણન કર્યું છે તેનો આશય એ છે કે આપણે જે ચર્મચક્ષુથી પર સૌંદર્ય સંપત્તિમાં પતંગિયાનું જે આંધળું અનુકરણ કરીએ છીએ તે ન કરતાં પ્રજ્ઞાચક્ષુથી આ અશુચિ ભાવનાનું સ્વરૂપ સમજી-વિચારીને તે પ્રલોભનોથી દૂર રહી વિરાગ ભાવનાથી વાસિત બનવું જોઈએ.



આ પયન્નામાં છેલ્લા સંથારાનું માર્મિક વર્ણન છે. અંતિમ સમયે ક્ષમાપનાની આદર્શ વિધિ... આવા પંડિત મરણના બળે પ્રાપ્ત થતી આત્મઋદ્ધિની પ્રાપ્તિ... દ્રવ્ય અને ભાવ સંથારાનું સ્વરૂપ... તથા વિષમ સ્થિતિમાં પણ પંડિત મરણની આરાધના કરનાર મહાપુરુષોના ચરિત્ર જણાવ્યા છે.

## ૬. શ્રીસંસ્તારકપ્રકીર્ણક

**શ્રીસંથારગપયન્ના**માં ૧૨૩ ગાથાઓ છે. અંતિમ વખતે આદરવા યોગ્ય તૃણ આદિ શય્યાનું મહત્ત્વ વર્ણવ્યું છે.

સંસ્તારક=આત્માને સારી રીતે તારે એટલે શુક્લધ્યાન-કેવલ જ્ઞાન અને મોક્ષ પમાડે તે.

આ પ્રકરણની શરૂઆતમાં **શ્રીમહાવીર** પ્રભુને નમસ્કાર કર્યો છે. સંસ્તારકને તીર્થ સ્વરૂપ માન્યો છે. સંસ્તારકમાં રહેલા મુનિઓ મોક્ષરાજ્યના 'સાચા' રાજાઓ છે. શુદ્ધ અને અશુદ્ધ એમ ક્રમે સંસ્તારકનાં નામ પાડ્યાં છે. જે દિવસે તેનો પ્રારંભ કરે ત્યારે ઘણી જ વિપુલ કર્મનિર્જરા થાય છે અને તે વખતે ચક્રવર્તીથી પણ અધિક સુખી હોવાનું વર્ણવ્યું છે.

ચોમાસામાં તપસ્યા કરીને શિયાળામાં સંસ્તારકવિધિ કરવી જોઈએ તેવો મુખ્ય માર્ગ બતાવ્યો છે. આવી નિર્મળ આરાધના કરીને આત્મહિત સાધનારાઓના દૃષ્ટાંતરૂપે અર્ણિકાપુત્ર, આચાર્યસ્કંધક સૂરિના શિષ્યો. સુકોશલમુનિ વગેરે જણાવ્યા છે. સંસ્તારક ભાવમાં રહેલ મુનિ સાગારપ્રત્યાખ્યાન કરે છે. અવસરે પાણીનો પણ ત્યાગ કરે છે. નિર્મમત્વ ભાવમાં વર્તતો આચાર્ય આદિ સકલ જીવરાશિને ખમાવતાં તે મુનિ મહાન કર્મનિર્જરા કરે છે. આ સંસ્તારકની યથાર્થ આરાધના કરનાર ભવ્ય ત્રીજે ભવે અવશ્ય મોક્ષે જાય છે.

પ્રાન્તમાં સંસ્તારકને ગજેન્દ્રસ્કંધની ઉપમા આપીને મુનિને નરેન્દ્રચન્દ્ર ઉપમા આપી આચાર્યશ્રી એ "**सुहसंकमणं सदा दिंतु**" આ પદથી સુખસંક્રમણની યાચના=માંગણી=અભિલાષા વ્યક્ત કરી. એ સંસ્તારકની કેટલી મહત્તા છે તે જાણવા આટલું બસ થઈ રહેશે.

તા.ક. જ્ઞાની ગુરુ પોતાના જ્ઞાનથી અંતકાળ નિકટ જાણ્યા બાદ યોગ્યને સંથારો કરાવે છે.

## ૭. શ્રીગચ્છાચાર પયન્ના




આ **ગચ્છાચારપયન્નાનું** નામ યથાર્થ છે. ગચ્છ=સાધુ સમુદાય તેમના આચારોનું વર્ણન એટલે ગચ્છાચાર.

શ્રી**મહાનિશીથસૂત્ર**, **બૃહત્કલ્પસૂત્ર** અને **વ્યવહારસૂત્ર**ના આધારે આચાર્યો, સાધુઓ તથા સાધ્વીઓ આ ત્રણની મર્યાદા-કર્તવ્ય-સ્વરૂપ આદિ આ પયન્નામાં વર્ણવ્યાં છે. આદિમાં પ્રભુ**વીર**ને વાંદીને બીજી ગાથાથી ૭મી ગાથા સુધી ગચ્છમાં રહેતા મુનિઓને સાચો લાભ થાય તે વર્ણવ્યા છે. ૮મી ગાથાથી-૪૦મી ગાથા સુધીમાં ઉત્તમ અને અધમ આચાર્યોનાં લક્ષણો બતાવ્યાં છે. પછીની ૬૬ ગાથાઓમાં સાધુઓના આચારોનું વર્ણન

અને પછીથી ૨૮ ગાથાઓમાં સાધ્વીઓના આચારોનું વર્ણન કર્યું છે.

ત્યાગી જીવન સ્વીકાર્યા પછી તેમની સંયમ સાધના નિરાબાધ કેવી રીતે રહે તે બધો મર્યાદા-માર્ગ આમાં બતાવ્યો છે. તે આ મર્યાદા-માર્ગ પ્રમાણે નહિ **રહેનાર** આચાર્ય હોય તો તે છોડવાલાયક છે, આદિ બીનાનું વર્ણન કરી શ્રીજિનશાસનની કેવી ઉત્તમ મર્યાદા છે તેનું આબેહૂબ દર્શન આ પયન્નામાં થાય છે.

## ૮. શ્રીગણિવિદ્યાપ્રકીર્ણક



શ્રી ગણિવિજજા પયન્નામાં જ્યોતિષ સંબંધી પ્રાથમિક માહિતીઓનું વર્ણન છે. દિવસ, તિથિ, ગ્રહ, મુહૂર્ત, શુકન, લગ્ન, હોરા, નિમિત્ત વિગેરેનું વર્ણન છે. ગણિ, આચાર્યને પ્રતિષ્ઠા, દીક્ષા, તપસ્યા, ઉપધાન આદિનાં જરૂરી મુહૂર્ત શુદ્ધિનો અધિકાર આમાં વર્ણવ્યો છે.

**શ્રીગણિવિદ્યા**-આ ગ્રંથ જ્યોતિષનો છે, જેનો રાત-દિવસ ઉપયોગ થાય તેવી બાબતો ટૂંકમાં આ ગ્રંથમાં સંકલિત કરવામાં આવી છે અને આનો ઉપયોગ ગચ્છનાયક કરી શકે છે, તેનાથી આ ગ્રંથનું નામ ગણિ-ગણનાયક આચાર્ય તેમને ઉપયોગી એવી વિદ્યા તે **ગણિવિદ્યા.**

આ ગ્રંથમાં પ્રારંભમાં નવ વસ્તુમાં બળાબળનો વિચાર કર્યો છે:-

૧. દિવસ, ૨. તિથિ, ૩. નક્ષત્ર, ૪. કરણ, ૫. ગ્રહદિવસ, ૬. મુહૂર્ત, ૭. શુકુનબલ, ૮. લગ્નબલ અને ૯. નિમિત્તબળ.

આ નવ બળમાં દિવસબળ કરતા તિથિબળ ચઢિયાતું છે એમ નવ ઉત્તરોત્તર બળવાન છે. અર્થાત્ નિમિત્તબળ સર્વોત્તમ છે. બળમાં કરેલાં ધાર્મિક કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થાય છે.

અનશન, વિદ્યા, લોચ, ઉપસ્થાપના કરવામાં, ભિક્ષા તથા પ્રતિમા વહન કરવાનાં કાર્યોમાં નક્ષત્રો કયાં લેવાં ને કયાં છોડવાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે. બવાદિ કરણો, દીક્ષાના વારો, છાયામાન, શકુનાદિ, ચર સ્થિર આદિ રાશિઓ, નિમિત્તનાં સ્વરૂપો, આદિ માર્મિક વિષયોનો આ નાના પ્રકરણમાં વિચાર કરવામાં આવ્યો છે. મોક્ષના અનુયાયી વર્ગને તે માર્ગ ઉપર નિરાબાધ પ્રવૃત્તિ થાય, વિઘ્નો ન આવે અને સહુ

ચારિત્રની આરાધના સુંદર રીતે કરી શકે એની બધી જવાબદારી ગણનાયકના શિરે છે (જેમ ઉત્પાદન જોઈએ તેમજ નિમિત્ત પણ પોતાના સ્થળે ભાગ ભજવે છે તેનો આ સબળ પુરાવો છે.)

## ૯. શ્રીદેવેન્દ્રસ્તવપ્રકીર્ણક




**શ્રીદેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**-આ સ્તવમાં દેવેન્દ્રો અંગેનું સ્થિતિ, સ્થાન આદિનું વર્ણન હોવાથી આનું **દેવેન્દ્રસ્તવ** નામ પાડ્યું છે.

એક શ્રાવકે ૨૩ ભગવાનની સ્તુતિ કર્યા પછી **શ્રીવર્ધમાન** વિભુની સ્તવના વખતે ૩૨ ઈન્દ્રોથી સ્તવાયેલા એવા મારા નાથને નમું છું. આ સ્તુતિ સાંભળીને પાછળ ઊભેલી તેમની જ પત્નીએ ૬ પ્રશ્ન પૂછ્યા-

૧. બત્રીશ ઈન્દ્રો કઈ રીતે સમજવા? ૨. તેમને રહેવાનાં સ્થાનો કયાં કયાં? ૩. પ્રત્યેક ઈન્દ્રનું આયુષ્ય કેટલું? ૪. પ્રત્યેક ઈન્દ્રને આધીન કેટલાં ભવન કે વિમાનો? ૫. ભવનો તથા વિમાનો કેવાં હોય? અને પ્રત્યેક ઈન્દ્રને અવધિજ્ઞાન કેટલી હદ સુધીનું હોય? આ પ્રશ્નનો ઉત્તર આપતાં તે શ્રાવક કહે છે કે મેં ગુરુ મહારાજ પાસેથી આગમ શ્રવણ દ્વારા જે શ્રુતજ્ઞાન મેળવ્યું છે તે અનુસાર કહું છું. આ પ્રશ્નોના ઉત્તરો ૬૫ ગાથા સુધીમાં આપ્યા છે. ત્યાર બાદ ચન્દ્રાદિકનું વિવિધ પ્રકારે વર્ણન તથા નક્ષત્રોના યોગનો કાળ, પછી કલ્પાતીત અને કલ્પોપપન્ન દેવોનું વર્ણન ૧૬૩થી ૧૯૮ ગાથા સુધીમાં કર્યું છે. ત્યાર બાદ દેવતાઈ ભોગનું વર્ણન તથા ૨૭૩થી ૨૯૦મીનું ગાથા સુધીમાં સિદ્ધશિલા અંગેનું મહત્ત્વભર્યું વર્ણન છે. ત્યાર બાદ સિદ્ધ ભગવાનની અવગાહના તથા સિદ્ધના સુખોનું વર્ણન કરવમાં આવ્યું છે. આ પ્રમાણે સ્તુતિ કરનાર શ્રાવકે અરિહંત ભગવાનના વંદનનો મહિમા કહેવાપૂર્વક મને પણ સિદ્ધિગતિનાં સુખ મળે આવી હાર્દિક ભાવના વ્યક્ત કરી છે. તેમજ ચારે નિકાયના દેવતાઓનો સંક્ષિપ્ત પરિચય આ પયન્નામાં છે.

## ૧૦. શ્રીમરણસમાધિપ્રકીર્ણક

**શ્રીમરણસમાધિપ્રકીર્ણક**માં અંત સમયે કરવાલાયક આરાધનાની વાતો ૬૬૩ ગાથાઓમાં વિસ્તારથી વર્ણવી છે.

૧. મરણવિભક્તિ, ૨. મરણવિશોધિ, ૩. મરણસમાધિ, ૪. સંલેખનાશ્રુત, ૫. ભક્તપરિજ્ઞા, ૬. આતુરપ્રત્યાખ્યાનપ્રકીર્ણક, ૭. મહાપ્રત્યાખ્યાનપ્રકીર્ણક ને ૮. આરાધના પ્રકીણક. આ આઠગ્રંથોનો સાર-આધાર લઈ આ પ્રકીર્ણકની રચના કરી હોય તેવું જણાય છે.

મરણકાળે સમાધિને પમાડનાર વિધિ કહ્યો છે, **તેથી** આ પયન્નાનું નામ '**મરણસમાધિપ્રકીર્ણક**' પડ્યું છે. આ પ્રકીર્ણકનું 'ચરણવિધિસંગ્રહ' એવું બીજું નામ પણ છે.

મરણ કાળે આત્માને સમાધિમાં રાખવાનો શો ઉપાય? તે પ્રશ્નનો ઉત્તર આપ્યા બાદ ૧૫મી ગાથામાં આરાધનાના ત્રણ ભેદો બતાવ્યા છે તથા આરાધકનું વિરાધકનું સ્વરૂપ અને સંક્લિષ્ટ ભાવનાનું સ્વરૂપ ૬૦ ગાથા સુધી વિસ્તારથી વર્ણવ્યું છે. ત્યાર બાદ અંત સમયે કરણીય આલોચના, સંલેખના, ક્ષમાપના, કાલ, ઉત્સર્ગ, અવકાશ, સંસ્તારક, નિસર્ગ વૈરાગ્ય, મોક્ષ, ધ્યાનવિશેષ, લેશ્યા, સમ્યક્ત્વ, પાદપોપગમન આદિ ૧૪ દ્વારોનું વિવેચન કર્યું છે. આચાર્ય ભગવંતના ગુણો, શલ્ય દૂર કરી જ્ઞાનાદિ આરાધનાનો ઉપદેશ, અનશન તપનું લક્ષણ વર્ણન કરી સંલેખનાનો વિધિ બતાવ્યો છે. આ સંલેખના બાહ્ય અભ્યંતર બે ભેદે છે. (સંલેખના એટલે કાયા અને **કષાયોને** કૃશ એટલે પતલા કરવા.) ક્રમશઃ પ્રત્યાખ્યાન અને પંડિતમરણની વ્યાખ્યા જણાવી મહાવ્રત તથા મોક્ષપ્રાપ્તિનો ઉપદેશ આપી, અભ્યુદ્યત મરણની બીના જણાવી છે, પછી ક્રમશઃ આચાર્ય



આદિનું વર્ણન તથા શરીર આહાર ઉપધિ આદિને વોસિરાવવાનો સંસ્તારકવિધિ વર્ણવ્યો છે. અનશન કરનાર પુણ્યવાન આત્માને હિતકર હિતોપદેશ જણાવતાં ૧૭ ગાથાઓમાં અન્યત્વ, અશુચિત્વ, આદિ ભાવનાઓનું સુંદર સ્વરૂપ વર્ણવતાં નરક આદિ ૪ ગતિના દુઃખોનું વર્ણન કરી સમાધિવંત મહાનુભાવને અનશનમાં ભાવોલ્લાસ વધે તેવું વર્ણન આવે છે, સાથે સાથે આરાધક ભાવ સાથે સમાધિ મૃત્યુને વરણ કરનાર શ્રી જિનધર્મશ્રેષ્ઠ **ચિલાતિપુત્ર**, **શાલિભદ્ર**, **યુધિષ્ઠિર**, **ભીમ**, **અર્જુન** આદિ પાંચ પાંડવોનાં સચોટ દૃષ્ટાંતો આપ્યાં છે, જે આરાધક આત્માના ભાવને વૃદ્ધિનું સબળ નિમિત્ત બની શકે છે.

આ રીતે પ્રાંતમાં ૧૨ ભાવનાનું ભાવવાહી સ્વરૂપ વર્ણવી સ્થિર નિર્દોષ અને નિર્મળ મોક્ષ સુખનું વર્ણન કરી **શ્રીજિનધર્મ**નો અપૂર્વ મહિમા વર્ણવી આ પ્રકીર્ણક પૂર્ણ કર્યું છે.

## છ છેદ ગ્રંથસાર

જૈનદર્શનમાં પિસ્તાલીશ આગમ પૈકી એક વિભાગ છ છેદનો માનવામાં આવેલો છે. તેમાં ક્રમે **નિશીથ** (૧)**બૃહત્કલ્પ** (૨) **વ્યવહાર** (૩) **દશાશ્રુતસ્કંધ** (૪) **જીતકલ્પ કે પંચકલ્પ** (૫) અને **મહાનિશીથ** (૬) એમ છ છેદ સૂત્રો લીધેલાં છે. કોઈ **જીતકલ્પ**ની ગણના કરે છે. અને કોઈ **પંચકલ્પ**ની ગણના કરે છે, પણ છેદ તો છ જ માનેલાં છે. છેદ એટલે કસોટી. **આચારાંગ** વગેરે પર્યાયની (સંયમ પર્યાયની) અપેક્ષાએ અપાય છે, જ્યારે છેદ ગ્રંથો સંયમ પર્યાય અને વ્યક્તિની યોગ્યતા (આથી આગમોદ્ધારકશ્રીએ સુરત આગમ મંદિરના ભોંયરામાં આવેલા તામ્રપત્રના છેદ ગ્રન્થવાળા રૂમને ઉત્કૃષ્ટશ્રુતમંદિર કહ્યું છે) એ બન્ને ઉપર આધાર રાખીને અપાય છે. આથી એને **'ઉત્કૃષ્ટશ્રુત'** કહેવામાં કંઈ અધિકતા નથી. ઉત્સર્ગ અને અપવાદ બન્ને માર્ગો હોય છે. ઉત્સર્ગ માર્ગનું આચરણ કરતાં અપવાદ ક્યાં આગળ આવે છે અને એ અપવાદ આવે તો શું કરવું? એ અંગે છેદ ગ્રંથોનો અધિકાર છે. કાયદો એ ઉત્સર્ગ અને તેની અંદર રહેલી પેટાકલમો એ અપવાદ છે તેવી જ રીતે અહીંયાં પણ સમજવું. જેમ સાધુ કાચા પાણીનો સ્પર્શ ન કરે-તે ઉત્સર્ગ માર્ગ, પણ સંયમ નિર્વાહને માટે સાધુએ વિહાર કરવો જ જોઈએ અને વિહારમાં આવતી નદી પણ ઊતરવી પડે અને નદી ઉતરતાં કાચા પાણીનો સંઘટ્ટો (વિરાધના) થાય. નદી ઊતરવી એ અપવાદ.

## પ્રથમ છેદ-નિશીથસૂત્ર

**નિશીથ-નિશીથ** એટલે પ્રથમ છેદ સૂત્ર. **આચારાંગ**ના બીજા શ્રુતસ્કંધની અંદર સાત-સાત અધ્યયન રૂપ બે ચૂલિકાઓ અને તે પછી બીજી બે ચૂલિકાઓ આવે એમ એ ચાર ચૂલિકાઓ **આચારાંગ**માં સમાયેલી છે અને **આચારાંગ**ની પાંચમી ચૂલિકા એટલે નિશીથ અધ્યયન. એ ચૂલિકા વિસ્તારરૂપ હોવાથી પૂર્વ પુરુષોએ સ્વતંત્ર છેદ ગ્રન્થ




શ્રી નિશીથ સૂત્રમાં સાધુના આચારોનું વર્ણન છે. પ્રાયશ્ચિત અને સામાચારી વિષયક વાતોનો ભંડાર છે.પ્રમાદાદિથી ઉન્માર્ગ ગયેલા સાધુને તે સન્માર્ગે લાવે છે. આ આગમનું બીજું નામ આચાર પ્રકલ્પ છે. નિશીથ=મધ્યરાત્રિએ અધિકારી શિષ્યને ખાનગીમાં ભણાવાય તેવું મહત્વપૂર્ણ આગમ છે.

મૂળ - ૮૫૦ શ્લોક છે.

તરીકે રાખી. પહેલી ચૂલિકા બહુ, બીજી બહુતર, ત્રીજી બહુતમ, ચોથી બહુતરતમ અને પાંચમી ચૂલિકા બહુબહુતમ. તે આ **આચારપ્રકલ્પનિશીથ** અધ્યયન. આમાં વીસ ઉદ્દેશો છે. પહેલો ઉદ્દેશો માસિક પ્રાયશ્ચિત બીજો-ત્રીજો-ચોથો ઉદ્દેશો તેમાં પણ તે લાગુ પડે. વળી તેનું સ્વરૂપ, પાંચથી ઓગણીશ ઉદ્દેશો ચાતુર્માસિક પ્રાયશ્ચિતના, વીશમો ઉદ્દેશા આલોચનાપૂર્વક માસિક-ચાતુર્માસિક ઇત્યાદિક પ્રાયશ્ચિત્તવિધિ બતાવનારો. પહેલાં વીસ સૂત્રો તે વ્યવહારના વીસ ઉદ્દેશાને સૂચવનાર-જ્ઞાનાચાર વગેરે પંચ આચારોને લગતા દોષોના પ્રાયશ્ચિતોનાં છે.

**નિશીથ**- રાત્રિનો મધ્યભાગ. દ્રવ્યથી નિશીથ રાત્રે આવે, જ્યારે ભાવથી નિશીથ **આચારપ્રકલ્પ**, આચારપ્રકલ્પ એટલે આઠ પ્રકારનો કર્મપંક જેનાથી જાય તે અપવાદ સહિત **નિશીથ.** આ **નિશીથ**માં વળી સંવત્સરી પલટાવનાર કાલકાચાર્ય, **ઉદાયન** રાજા, પ્રભાવતી દેવી, ગંધારશ્રાદ્ધ, કુમારનંદિ સુવર્ણકાર. **જીવિતસ્વામિ**ની પ્રતિમા સમ્યક્ત્વનું કારણ વગેરે અનેક વિષયો તેમાં જણાવેલા છે.

## બીજું છેદ-બૃહત્કલ્પસૂત્ર

**બૃહત્કલ્પ**=એટલે 'દશા-કપ્પ-વવહારાણાં' એવો જ ઉલ્લેખ યોગમાં કરવામાં આવે છે તે શ્રુતસ્કંધમાંનું આ એક કલ્પ. અધ્યયન. એને બૃહત્કલ્પ-વેદકલ્પ-કલ્પાધ્યયન એમ પણ સંબોધવામાં આવે છે. આનો નંબર છેદ ગ્રન્થોમાં છે. કલ્પ એટલે સાધુનો આચાર. તે જેમાં ઉત્સર્ગ-અપવાદરૂપ વિસ્તારથી જણાવવામાં આવ્યો છે અર્થાત્ કલ્પ એટલે સાધુએ શું આચરવું જોઈએ? કે જે સંયમનું સાધન થાય, અકલ્પ એટલે સાધુએ તે ન આચરવું જોઈએ કે જેનાથી સંયમની વિરાધના થાય. આ વાતને જણાવનાર આ ગ્રન્થ છે. તેમાં સામાન્યથી વસતિ, પાત્ર, વસ્ત્ર, પ્રાયશ્ચિત વગેરે જણાવ્યા છે.




શ્રી બૃહત્કલ્પસુત્રમાં સાધુ - સાધ્વીના મૂલગુણ, ઉત્તર ગુણોને લગતા પ્રાયશ્ચિતનો અધિકાર છે ઉત્સર્ગ તથા અપવાદનું ઝીણવટ ભર્યુ વર્ણન છે. વિહાર વિગેરેમાં નહી ઉતરવા આદિ પ્રસંગે કઈ રીતે આચરણા કરવી તેમા છદ્મસ્થના અનુપયોગ કારણે લગતા દોષોનું શોધન જણાવેલ છે. પ્રત્યાખ્યાન પ્રવાદ નામના પૂર્વમાંથી સંકલિત થયેલ છે.

આમાં છ ઉદ્દેશા છે. પહેલા ઉદ્દેશામાં માસકલ્પ, ઉઘાડી વસતિ, પડદો, ચિત્રકર્મ, સાગારિક, શય્યાતર, સંખડી વગેરે અધિકાર છે. બીજા ઉદ્દેશામાં ઉપાશ્રય, સાગારિકનો પરિહાર, ઉપકરણ, ઉપધિ, રજોહરણ વગેરે અધિકાર છે. ત્રીજા ઉદ્દેશામાં ઉપાશ્રયમાં પેસવું, ચર્મ, ઓછાવત્તાં વસ્ત્ર, સાંધેલાં, નહીં સાંધેલાં વસ્ત્ર, શય્યા, અવગ્રહ, સંસ્તારક, વંદન વગેરે અધિકાર છે. ચોથા ઉદ્દેશામાં ઉપઘાત નહિ કરનાર, પારાંચિત પ્રાયશ્ચિત્ત, ષડ્‌વિધ સચિત્ત, યાચના, ગ્લાન, કાલક્ષેત્રાતિક્રાન્ત, કલ્પાકલ્પ સ્થિતિક, ઉપસંપદા, અધિકરણ વગેરે અધિકારો છે. પાંચમા ઉદ્દેશામાં બ્રહ્મચર્યમાં અપાય, આહાર પાન વિધિ, બ્રહ્મચર્ય રક્ષા, વ્યવહાર, પુલાકલબ્ધિ વગેરે અધિકારો છે. છઠ્ઠા ઉદ્દેશામાં વચન કેવું બોલવું? કંટક આદિનો ઉદ્ધાર, ક્ષિપ્તચિત્તાદિ અને કલ્પસ્થિતિ વગેરે અધિકારો છે. આ ગ્રન્થમાં **જીવિતસ્વામી, શ્રેણિક, ચંડપ્રધોતન**, આર્ય **મહાગિરિ** ગર્દભિલ્લ-**અર્બૂદપર્વત**-ગજાગ્રપદ-કુત્રિકાપણ, **સુકુ**માલિકા વગેરેનો અધિકાર ટીકામાં આવેલો છે. આ રીતે બીજા છેદ ગ્રંથનો અધિકાર છે.

## ત્રીજું છેદ-વ્યવહાર

**વ્યવહાર**-પાંચ પ્રકારનો જે વ્યવહાર તે જ વ્યવહાર. તેને આચરી રચાયેલું એવું જે આગમ તે **વ્યવહાર**સૂત્ર. આનો ઉદ્ધાર નવમા પૂર્વમાંથી કરવામાં આવેલો છે. વ્યવહાર અધ્યયનમાં દશ ઉદ્દેશો છે. આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણવ્યવહાર અને જિતવ્યવહાર એમ પાંચ પ્રકારના વ્યવહારો આ સૂત્રમાં બતાવ્યા છે. આચાર્યાદિ નવની વૈયાવચ્ચ તેનો પણ સમાવેશ આ સૂત્રમાં થાય છે.

આચારથી ખસેલા-ભાવમુનિને પ્રાયશ્ચિતનો અધિકાર પહેલા ઉદ્દેશામાં છે. એક યા




વધારે વ્યવહારમાં દૂષિત બને તો શું કરવું જોઈએ? તે રીતે બીજા ઉદ્દેશામાં છે. ગણિ વગેરે કોણ બની શકે તે વિષય ત્રીજા ઉદ્દેશાનો છે. સાધુઓએ કેવી વ્યવસ્થાએ વિહાર કરવો જોઈએ તે અધિકાર ચોથા ઉદ્દેશામાં છે. સાધ્વીઓ અંગે વિહાર આદિની વ્યવસ્થા પાંચમા ઉદ્દેશોમાં છે. ભિક્ષા, સ્થંડિલ, વસતિ વગેરેનો વિચાર છઠ્ઠા ઉદ્દેશામાં છે. સાધ્વીઓ અંગે કેટલાક નિયમોનો વિચાર સાતમા ઉદ્દેશામાં છે. વસતિ કેટલી વાપરવી જોઈએ તેનો અધિકાર આઠમાં ઉદ્દેશામાં છે. નવમા ઉદ્દેશામાં ભિક્ષુ પ્રતિમાનો અધિકાર છે અને દશમા ઉદ્દેશામાં પ્રતિમા-અભિગ્રહો, પરીષહ અને પાંચ પ્રકારનો વ્યવહાર વગેરે અધિકાર જણાવી આ સૂત્રને પૂર્ણ કરવામાં આવ્યું છે.

## ચોથું છેદ-દશાશ્રુતસ્કંધ

**દશાશ્રુતસ્કંધ**-'દશા એટલે કલ્પ અને વ્યવહારનો એક શ્રુતસ્કંધ ગણવામાં આવ્યો છે. તેમાંનું આ એક **દશાશ્રુતસ્કંધ** છે. દશાને જણાવનાર અર્થાત્ આચારદશાને જણાવનાર એવું આ છેદ સૂત્ર. આનો ઉદ્ધાર નવમા પૂર્વમાંથી કરવામાં આવેલો છે. આમાં દશ અધ્યયન પાડવામાં આવેલાં છે. તેમાં પહેલામાં વીશ સમાધિનાં સ્થાનો તેમજ અસમાધિ શાથી થાય તે વિગેરે. બીજામાં એકવીશ દોષોનું નિરૂપણ. ત્રીજામાં તેત્રીશ આશાતનાનો અધિકાર. ચોથામાં આચાર્યની આઠ સંપદા વગેરે પાંચમામાં દશ ચિત્તનાં સમાધિસ્થાનો, છઠ્ઠામાં અગિયાર ઉપાસક પ્રતિમા, સાતમામાં સાધુની બાર પ્રતિમા, આનું આઠમું અધ્યયન એટલે પર્યુષણા કલ્પ= બારસાસૂત્ર= કલ્પસૂત્ર એટલે સાધુનો આચાર. તે સાધુનો આચાર. તે સાધુનો જણાવતાં મંગળ કરવું જોઈએ. તે મંગળ તીર્થંકરોનું આવે




એથી પશ્ચાનુપૂર્વીએ તીર્થંકરોનાં ચરિત્રો આપ્યાં, તે પછીથી સાધુ તે તીર્થંકરની પરંપરાએ ચાલતા આવેલા શાસનમાં છે, તેથી સ્થવિરોની પરંપરા જણાવી તે પછી સાધુનો જે આચાર તે આચાર આમાં જણાવ્યો છે. અર્થાત્ સાધુએ બારે મહિને પોતાનો શું આચાર છે? તે જાણવું જ જોઈએ. તે આમાં જણાવ્યું છે.

મોહનીયનાં ત્રીશ સ્થાનો ત્યાગ કરવા જોઈએ તે નવમા અધ્યયનનો અધિકાર છે. દશમા અધ્યયનમાં નવ નિયાણાનો અધિકાર છે. એવી જ રીતે આ સૂત્રમાં શુકલપાક્ષિક અને કૃષ્ણપાક્ષિક કોને કહેવા તે વાત જણાવાઈ છે.

## પાંચમું છેદ-જીતકલ્પ કે પંચકલ્પ

**જીતકલ્પ**-જીત એટલે આચરણીય અને તેનું આ જીવન સુધી ધારણ કરવા રૂપ જીત. એવો જે જીત-આચાર જેમાં વર્ણવાયો તે **જીતકલ્પ.** જીત એટલે આચાર અને કલ્પ એટલે સામર્થ્ય વગેરે જેમાં વર્ણવાયાં હોય તેવું આ આગમ. આગમ વિગેરે જે પાંચ વ્યવહારો છે તે પૈકીનો જે જીતઆચાર-જીતકલ્પ તેને જે યોગ્ય હોય તેમ યોગ્ય જણાય. આગમ એટલે મર્યાદાપૂર્વક અર્થો જેના વડે જણાય તે આગમ. કેવળ, મનઃપર્યવ, અવધિ, ચતુર્દશપૂર્વ-દશપૂર્વથી જે વ્યવહાર કરનારા હોય તે આગમ 'વ્યવહારી' કહેવાય. શ્રુત એટલે આચાર-પ્રકલ્પ વગેરે શ્રુત અને તેનાથી જે વ્યવહાર કરનારા તે 'શ્રુતવ્યવહારી' કહેવાય. આજ્ઞા એટલે અગીતાર્થની આજ્ઞાથી ગ્રાહ્યાર્થ પદો વડે બીજા દેશોમાં રહેલા ગીતાર્થોને જણાવવું, ભવિષ્યના અતિચારોનું આલોચવું અને ઈતરને તે પ્રકારે શુદ્ધિ આપવી. તે 'આજ્ઞાવ્યવહાર', ધારણા એટલે ગીતાર્થ સંવિગ્ન વડે દ્રવ્યાદિની અપેક્ષાએ અપરાધમાં જેવા પ્રકારે જે વિશુદ્ધિ કરી તેવા અપરાધથી જે બીજામાં તેવી રીતે આચરણા કરાય તે 'ધારણાવ્યવહાર.' જીત એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ પ્રતિસેવાની અણુવૃત્તિથી સંહનન, ધૃતિ વગેરે હાનિની અપેક્ષાએ જે પ્રાયશ્ચિત્તનું આપવું




અથવા ગચ્છમાં સૂત્રથી અતિરિક્ત કારણથી જે વ્યવહાર પ્રવર્ત્યો હોય અને ઘણા એને અનુસર્યા હોય તે જીત એટલે આચાર. તે અશઠ વડે આચરેલો અને બીજાઓએ જેનો નિષેધ ન કર્યો હોય અને અનુમતિ આપી હોય તેવો વ્યવહાર તે 'જીતવ્યવહાર.' આગમ, શ્રુત, આજ્ઞા, ધારણ અને જીત તેને જણાવનારો આ છેદ ગ્રંથ **જીતકલ્પ** આની અંદર પ્રાયશ્ચિત અને પ્રાયશ્ચિત લેનારનો વિસ્તૃત અધિકાર છે.

**પંચકલ્પ**-પાંચ પ્રકારનો સાધુનો કલ્પ-આચાર કહેવાથી આનું નામ પંચકલ્પ એમ કહેવાય છે. ગાથા ૧૫૧-૫૨માં કલ્પ શબ્દના સામર્થ્ય, વર્ણન, કાળ, છેદ, કરણ, ઉપમા અને અધિવાસ એમ અર્થો બતાવ્યા છે. ગાથા ૧૮૨-૮૩-૮૪માં જીતકલ્પના છ પ્રકાર અભ્યુપગમ, લોચ કરવો, ગ્રહણ આસેવન શિક્ષા, વ્રતસ્થાપના, સંભોગમંડળી અને સહવાસ-એકત્રતા એમ જણાવ્યાં છે. ગાથા ૧૩૧૨માં પુરુષના ત્રણ પ્રકાર-પરિણત, અપરિણત અને અતિપરિણત જણાવ્યાં છે. ગાથા ૧૨૬૫માં જ્ઞાનકલ્પ એટલે સૂત્રાદિના ઉદ્દેશમાં વાચના, પૃચ્છના, પ્રતિપૃચ્છના, પરિઅટ્ટના એમ જણાવીને આચાર્ય, ઉપાધ્યાય વગેરેનો સૂત્ર, કલ્પ, વિધિ બતાવ્યો છે. ગાથા ૧૩૦૨માં એ વાત જણાવી છે કે બહુ ક્રોડો વર્ષો વડે કરીને અજ્ઞાની જે કર્મ ખપાવે છે તે કર્મને ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની ઉશ્વાસ માત્રમાં ખપાવે છે. ગાથા ૨૭૩માં સારવાર કઈ રીતે કરવી તે જણાવ્યું. ભક્ત, પાન, શયન, આસન, ઉપધિ, વંદન, ચરણ, કરણ, અણુવત્તણતા અને ગ્રહણતા એમ અગિયાર વાત પણ આમાં જણાવી છે. આ રીતે **પંચકલ્પ**ની અંદર સાધુના આચારોનું વર્ણન કરાય છે.

## છઠ્ઠું છેદ-મહાનિશીથસૂત્ર

**મહાનિશીથ**-જેમાં જણાવવામાં આવ્યું છે એવો જે છેદ ગ્રંથ તે **મહાનિશીથ.** આ ગ્રંથમાં આઠ અધ્યયનો છે. તેની ઉપર ટીકા-ભાષ્ય-ચૂર્ણિ કાંઈ જ નથી. આ છેદ ગ્રંથ અતિ ગૂઢાર્થ છે. આ હરિભદ્રસૂરિજી મહારાજે જે સડન, પડણ થઈ ગયેલી એવી




પ્રતની સાંગોપાંગતા કરી છે. આ અધિકાર અધ્યયન ૪ના છેડે આપેલો છે અને સિદ્ધસેનસૂરિ-વૃદ્ધવાદિ-યક્ષાસેનગણિ, દેવગુપ્તસૂરિ જિનદાસગણિ વગેરેથી પણ બહુ માન્ય થયેલું છે. આનું પહેલું અધ્યયન **શલ્યોદ્ધરણ**-શરીરમાં લાગેલું શલ્ય તેનો જેમ ઉદ્ધાર કરવો જોઈએ તેમ અઢાર પાપસ્થાનક વગેરેનો ઉદ્ધાર કરવો જોઈએ તે અધિકાર છે. બીજું અધ્યયન **કર્મવિપાક**. તેમાં પહેલા અધ્યયનમાં જે શલ્યનો ઉદ્ધાર કહ્યો તે ન કર્યો હોય તો ૮૪ લાખ જીવ યોનિમાં ભટકવું પડે. તેથી જે-જે યોનિમાં પાપ કર્યું હોય તેની આલોચના કરવી જોઈએ એ બીજા અધ્યયનનો વિષય છે. ત્રીજું ચોથું અધ્યયન **કુશીલ** ને **કુશીલસંસર્ગવર્જન** નામનું છે. તેમાં કુશીલસાધુઓનો અધિકાર છે. **અંડકનું** દૃષ્ટાન્ત, **નમસ્કાર મહામંત્ર**ના ઉપધાન, અનુકમ્પા, તીર્થંકરનું વિસ્તૃત વર્ણન, દ્રવ્ય ભાવપૂજાનો અધિકાર, નાગિલ શ્રાવકનો અધિકાર, **અંડગોલિક** થવાનો અધિકાર વગેરે છે. પાંચમું અધ્યયન **ગચ્છમર્યાદા.** તેમાં ગુરુ શિષ્યનો સંબંધ, પાંચમા આરાના છેડા સુધીની ગચ્છ વગેરેની વાત, કમલપ્રભાચાર્યનું પતિત થવું, સાત અચ્છેરાં, **સાવદ્યાચાર્ય** વગેરેની વાતો જણાવી છે. છઠ્ઠું અધ્યયન **ગીતાર્થ વિહાર.** એમાં આલોયણાનો અધિકાર, **ભદ્રાચાર્ય, રજ્જુઆર્યા નંદિષેણ**, અષાઢાભૂતિ, **લક્ષ્મણા, પુંડરિક-કંડરિક** વગેરેનો અધિકાર છે. સાતમું અધ્યયન **એકાન્તનિર્જરા.** ઉપર જણાવેલાં છ અધ્યયનો પછી દશ પ્રકારના પ્રાયશ્ચિત, આલોચનાના ભેદો, પ્રાયશ્ચિત લેવાથી થતા ફાયદા, આલોયણાનું સ્વરૂપ, **સુશઢ**ની પુત્રી **સૂર્યશ્રી, સુશઢ, ગોવિન્દ** બ્રાહ્મણ, **અંજનાશ્રી** વગેરેનો અધિકાર તેમાં છે. આઠમું અધ્યયન **જયણા.** ઉપર જણાવેલી આલોયણા લઈને પ્રાયશ્ચિત્તને પૂર્ણ કરનાર આરાધક થાય છે અને પ્રાયશ્ચિત્ત નહીં લેનાર અને લઈને પૂર્ણ નહીં કરનાર વિરાધક થાય છે એમ જણાવ્યું છે અને **સુશઢ**ની કથા પણ જણાવી છે.

# ચાર મૂળસૂત્રનો સાર

પિસ્તાલીસ આગમ પૈકીના જુદા જુદા વિભાગો પૈકીનો એક વિભાગ મૂળસૂત્રોનો છે.

## મૂળ ૧. આવશ્યકસૂત્ર




**શ્રી આવશ્યકસૂત્ર**-અવશ્ય કરણીય તે આવશ્યક સાધુને સંયમના માર્ગની અંદર પ્રતિક્રમણ તે અવશ્ય કરણીય છે. ભરત ઐરાવત ક્ષેત્રોમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં ઉભયકાલ દોષ હોય કે ન હોય તો પણ કરવું જ જોઈએ. તે આવશ્યક, દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એમ પાંચ પ્રતિક્રમણ છે. તે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં નિયત છે અને બાવીશ તીર્થંકરોના શાસનમાં તેમ જ મહાવિદેહમાં અનિયત છે. બાવીશ તીર્થંકરના શાસનમાં અતિચાર લાગે તો જ આલોવવાનું છે અને પેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં અતિચાર લાગે છે ન લાગે છતાં ઉભયકાલ અવશ્ય કરણીય તે આવશ્યક છે.

**આવશ્યકસૂત્રના** છ વિભાગઃ- **સામાયિક, ચઉવીસત્થો, વંદન, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ** અને **પચ્ચક્ખાણ** છે. બલદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ, બીજીવરરિકામાં અર્થાત્ ઉભયકાલ પાપથી પાછા હઠવાને માટે તે કરે છે તેથી તેને પ્રતિક્રમણ શબ્દથી સંબોધાય છે, પણ તે છે તો **આવશ્યક** જ. આવશ્યક સૂત્રોને કહેતાં નિર્યુક્તિકાર મહારાજા પીઠિકા, આ અવસર્પિણી કાળથી ઉઠાવીને પ્રથમ વરવરિકામાં ફૂલકર, શ્રી આદિશ્વર ભગવાન, ચક્રી શ્રીમહાવીર ભગવાન, ઉપસર્ગ, ગણધરવાદ દશધા સમાચારી નિહ્નવવાદ, શેષ ઉપોદ્‌ઘાત જણાવી નમસ્કાર એટલે **નમસ્કાર નિર્યુક્તિને**

જણાવી **સામાયિક-નિર્યુક્તિને** જણાવી. આવશ્યકનું પહેલું સામાયિક અધ્યયન, તેના મંગળરૂપે **શ્રીનમસ્કારમહામંત્ર** અને સર્વ સાવદ્યનાં પચ્ચક્ખાણ રૂપ **સામાયિક**. આત્માને સમતાનો લાભ થાય, વર્તમાન, ભૂત અને ભવિષ્ય. વર્તમાનનાં પચ્ચક્ખાણ, ભૂતનું નિકંદન અને ભવિષ્યમાં ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું તે વગેરે અધિકાર પ્રથમ **સામાયિક** અધ્યયનનો છે. પ્રતિક્રમણ કરવા માટે ઊઠેલો, સર્વ સાવદ્યથી પાછો હઠીને તીર્થના સ્થાપનારા તીર્થંકર પરમાત્માઓની સ્તવના કરે. તે અધિકાર બીજા **ચઉવીસત્થો** અધ્યયનનો છે. તીર્થંકર પરમાત્મા પછી પાપની આલોચનાને માટે ગુરુમહારાજની સાક્ષીએ ક્રિયા કરનાર હોવાથી ત્રીજું આવશ્યક ગુરુવંદન એટલે **વંદન** આવે. આટલું કર્યા પછી પોતે શું કરવા માટે તૈયાર થયો છે અર્થાત્ લાગેલાં પાપોને આલોવવા માટે તૈયાર થયો છે, તેથી ચોથું **પ્રતિક્રમણ** આવશ્યક. ત્યાર પછી શબ્દના ઉચ્ચાર વડે કરીને જે પાપની શુદ્ધિ કરી છે તેની વિશેષ શુદ્ધિ માટે કાયાને પણ કાબૂમાં લેવી જોઈએ, તેથી પાંચમું **કાયોત્સર્ગ** નામનું અધ્યયન. તપમાં એક એવો ગુણ છે કે જૂનો પણ મેલ કાઢી શકે અને નિર્મળ બનાવી શકે. તે તપ રૂપ છઠ્ઠું આવશ્યક **પચ્ચક્ખાણ**. આ રીતે આવશ્યકની અંદર છ અધ્યયનો છે.

આ આવશ્યકમાં સામાચારી ત્રણ પ્રકારે બતાવી છેઃ- (૧) ઓઘસામાચારી (૨) દશધાસામાચારી અને (૩) પદવિભાગસામાચારી, તેમાં ઓઘસામાચારી **ઓઘ-નિર્યુક્તિમાં** દશધાસામાચારી, **આવશ્યકમાં**. તે આ પ્રમાણે-(૧) ઇચ્છા (૨) મિચ્છા (૩) આવસિયા (૪) નિસિહિયા (૫) તહકાર (૬) આપુચ્છણા (૭) પડિપુચ્છણા (૮) છંદણા (૯) નિમંત્રણ અને (૧૦) ઉપસંપદા છે અને પદવિભાગ સામાચારી એ **કલ્પવ્યવહારમાં** એમ ત્રણ ભાગ થાય. તેમાંની દશધાસામાચારી **આવશ્યક-નિર્યુક્તિમાં** આવે. આ રીતે પ્રથમ મૂળ સૂત્રનો સાર જણાવ્યો.

## બીજું મૂળ-દશવૈકાલિક

ચાર મૂળ પૈકી **દશવૈકાલિક** બીજું મૂળ સૂત્ર ગણાય છે. દશ અધ્યયનોનો સમૂહ અને કાળ વેળાને છોડીને ગમે ત્યારે ભણી શકાય તેવું હોવાને લીધે આ **દશવૈકાલિક** કહેવામાં આવે છે. શ્રીશય્યંભવસૂરિ મહારાજે પોતાના સંસારીપણાના પુત્ર મનક સાધુના હિત માટે આની રચના કરી. તે રચના કર્યા પછીથી **આચારાંગ**ની પહેલાં **ઉત્તરાધ્યયન** જે ભણાવાતું હતું તેના બદલે **દશવૈકાલિકસૂત્ર** ભણાવવાની પ્રવૃત્તિ થઈ, કારણ કે આઠ વર્ષનું બાળક સહેલાઈથી ભણી શકે તેવી આ મીઠી રચના છે, **શ્રીદશવૈકાલિકમાં** પ્રથમ અધ્યયનમાં અહિંસા-સંયમ અને તપની વાત લઈને સંયમમાં સાધુએ આહાર કેવી રીતે ગવેષણા કરીને લેવો તે જણાવ્યું છે. બીજા અધ્યયનની અંદર સંયમ લીધેલો




પૂ.આ. શય્યંભવ સૂરિ મ. પોતાના પુત્ર મનકમુનિનું આયુ અલ્પ જાણી મોહ, પૂર્વમાંથી વૈરાગ્ય રસથી ભરપૂર ગાથાઓ, દશ અધ્યયન રૂપી ઘડાઓમાં સંગ્રહિત કરી જેના પાનથી શ્રમણ સંયમ ભાવમાં સહજ રીતે સ્થિર થઈ શકે છે, મનકમુનિના કાલધર્મ પછી શ્રી સંઘની વિનંતિથી આચાર્ય મ.એ આગમ યથાવત રાખ્યું.

મૂળ ૮૩૫ શ્લોક પ્રમાણ કુલ.૩૨૧૪૮ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે.

એવો સાધુ સીદાતો હોય તો એને માર્ગે લાવવો તે વાત જણાવી છે. ત્રીજા અધ્યયનમાં સાધુના સામાન્યથી આચાર. ચોથા અધ્યયનમાં ષડ્જીવનિકાયનું સ્વરૂપ બતાવ્યું છે, તેમ જ સાધુએ કઈ રીતે બોલવું-ચાલવું તે પણ વાત જણાવી છે. પાંચમા અધ્યયનમાં સાધુએ આહાર-પાણી કેવાં લેવાં જોઈએ તે વાત જણાવી છે. છઠ્ઠા અધ્યયનમાં મોટા વિસ્તારથી આચારનું નિરુપણ છે. સાતમા અધ્યયનની અંદર વાણી-વચન કેવા પ્રકારની બોલવી જોઈએ અને કેવું ન બોલાય તે વાત જણાવી છે. આઠમા અધ્યયનની અંદર આચાર પ્રણિધિ જણાવી એટલે ક્રોધ, ઇન્દ્રિયો વગેરેનો રોધ, પાત્ર પ્રતિલેખના વગેરે અધિકાર તેમાં છે. નવું અધ્યયન **વિનય-સમાધિ** નામનું છે. તેમાં ચાર ઉદ્દેશા કરી વિનયની વાત વિસ્તારથી જણાવી છે. દશમા અધ્યયનની અંદર ભિક્ષુકોને કહેવાય તે વાત જણાવી છે. **રતિવાક્ય**ચૂલામાં-સીદાતા સાધુને સ્થિર કરવા માટેનો હેતુ યુક્તિથી અધિકાર છે અને **વિવિક્તચર્યા** નામની બીજી ચૂલામાં આત્માના ગુણ કયા અને શરીરના ગુણ કયા ? તે લઈને આત્મદૃષ્ટિ તરફ લક્ષ રાખીને સંયમની આરાધના કરવી જોઈએ તે વાત જણાવી છે. આ રીતે **દશવૈકાલિક**સૂત્રનો સાર સંપૂર્ણ થાય છે.

## ત્રીજું મૂળ-પિંડનિર્યુક્તિ

**શ્રીપિણ્ડનિર્યુક્તિઃદશવૈકાલિક** જે ત્રીજું મૂળ છે તેનું જે પાંચમું **પિણ્ડૈષણા** નામનું જે અધ્યયન તેની ઉપર વિસ્તારથી જે નિર્યુક્તિ રચાઈ તે **પિંડનિર્યુક્તિ** પૂર્વાચાર્યોના મત પ્રમાણે વિસ્તારથી નિર્યુક્તિ હોવાને લીધે તેને પૃથક્ ગ્રંથપણે સ્થાપન કર્યો છે.

**'तत्र पिण्डैषणाभिधपञ्चमाध्ययननिर्युक्ति इति प्रभूतग्रन्थत्वात्पृथक् शास्त्रान्तरमिव व्यवस्थापिता, तस्याश्च पिण्डनिर्युक्तिः' ( पिण्ड. नि.प. १ )**




શ્રી પિંડનિર્યુક્તિ આગમમાં મુખ્યત્વે ગોચરીની શુદ્ધિનો સ્પષ્ટ ખ્યાલ છે. સંયમ સાધના માટે શરીર જરૂરી છે, શરીર ટકાવવા માટે પિંડ, ગોચરી જરૂરી છે, આ માટે સાધુ ગોચરી જાય ત્યારે ઉદ્‌ગમ - ઉત્પાદન એષણાના દોષો રહિત આહાર લાવી ગ્રાસેષણા દોષો ટાળવાનું સુંદર નિરૂપણ કર્યું છે.

**શ્રીપિણ્ડનિર્યુક્તિનો** અધિકાર-પિણ્ડના ઉદ્‌ગમ, ઉત્પાદ, એષણા, સંયોજના, પ્રમાણ, ઈંગાલ, ધૂમ અને કારણ તેમ આઠ દ્વારોનો છે. શરૂઆતમાં આહાર કેવા પ્રકારનો તે વાત ૭૨ ગાથા લગભગ જણાવી, ગૃહસ્થથી ઉત્પન્ન થતાં 'ઉદ્‌ગમ'ના '૧૬' દોષો જણાવી સાધુથી થતા 'સોળ' ઉત્પાદનના દોષો અને એષણાના 'દશ' દોષો એ રીતે '૪૨' દોષો ગોચરીના જણાવ્યા પછી 'સંયોજ'નાં એટલે એકબીજાનું ભેળવવું અર્થાત્ ગ્રાસૈષણામાં સંયોજના પ્રમાણ, ઈંગાલ, ધૂમ અને કારણ એમ પાંચ વાત જણાવી છે. 'સંયોજના' એટલે એક દ્રવ્યમાં બીજું દ્રવ્ય આશક્તિ માટે ભેળવવું, 'પ્રમાણ' એટલે સાધુના આહારના કેટલા કવળ વિગેરે હોય. રાગથી ખાવાથી સંયમ 'અંગારા' જેવું થઈ જાય. દ્વેષથી ખાવાથી સંયમ બળતા લાકડાના ધુમાડા જેવું થાય અને સંયમ નિર્વાહના 'કારણના અભાવે' જે ખાવું એ વગેરે જણાવીને આ **પિણ્ડનિર્યુક્તિ** આગમ સમાપ્ત કરવામાં આવ્યું છે.

## ચોથું મૂળ-ઉત્તરાધ્યયનાનિ

**શ્રીઉત્તરાધ્યયનઃ-આચારાંગ** સૂત્રની પહેલાં જે ભણાવાતું હતું, તેથી તેનું નામ **ઉત્તરાધ્યયન** એવું પડ્યું છે. શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજાએ પોતાના નિર્વાણ સમયે ૧૧૦ પુણ્ય-પાપને જણાવનારાં અધ્યયનો, ૩૬ નહીં પૂછેલા પ્રશ્નોના ઉત્તરો અને છેલ્લું **મરૂદેવા** અધ્યયન જે જણાવેલાં તે પૈકી નહીં પૂછેલાના ઉત્તર રૂપ જે જણાવ્યું તે આ **ઉત્તરાધ્યયન** છે અર્થાત્ શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજાની અંતિમ દેશના પૈકીનું આ છે.

**ઉત્તરાધ્યયની** અંદર **દૃષ્ટિવાદ**માંથી આવેલાં, જિનભાષિત, પ્રત્યેકબુદ્ધભાષિત, બંધ, મોક્ષ, સંવાદ વગેરેવાળાં અધ્યયનો છે. આમાં છત્રીશ અધ્યયનો છે. તેનાં નામોઃ-

૧. વિનય, ૨. પરીષહ, ૩. ચાતુરંગીય, ૪. અસંસ્કૃત, ૫. અકામમરણ, ૬. ક્ષુલ્લકનિર્ગ્રંથી, ૭. ઔરભ્રીય, ૮. કાપિલીય, ૯. નમિપ્રવ્રજ્યા, ૧૦. દ્રુમપત્રક, ૧૧. બહુશ્રુતપૂજા, ૧૨. હરિકેશી, ૧૩. ચિત્રસંભૂતિ, ૧૪. ઈક્ષુકારીય, ૧૫. સભિક્ષુ, ૧૬. બ્રહ્મચર્યસમાધિસ્થાન, ૧૭. પાપશ્રમણ, ૧૮. સંયતિ, ૧૯. મૃગાપુત્રીય, ૨૦. મહાનિર્ગ્રંથીય, ૨૧. સમુદ્રપાલિક, ૨૨. રથનેમિ, ૨૩. કેશીગૌતમીય, ૨૪. પ્રવચનમાતા, ૨૫. યજ્ઞીય, ૨૬. સમાચારી, ૨૭. ખલુંકી, ૨૮. મોક્ષમાર્ગ, ૨૯. સમ્યક્ત્વપરાક્રમ, ૩૦. તપોમાર્ગ, ૩૧. ચરણવિધિ, ૩૨. પ્રમાદસ્થાન, ૩૩. કર્મપ્રકૃતિ, ૩૪. લેશ્યા, ૩૫. અણગારમાર્ગ અને ૩૬. જીવાજીવપ્રવિભક્તિ.

શ્રીઉત્તરાધ્યયન એટલે સંયમ લીધેલો સાધુ વિનયમાર્ગમાં પ્રવૃત્તિ કરી પરીષહને સહન કરતો ચાતુરંત સંસારમાં ન ભમે કારણ કે જીવિત સંસ્કાર ન કરાય તેવું છે, એવી રીતે ભિન્ન ભિન્ન સ્વરૂપે સાધુના જીવનને કેળવવા માટે જેમાં વર્ણન કરાયું છે તે આ શાસ્ત્ર. તેમાં છેડે આવતાં આવતાં પ્રમાદના આચરણથી કર્મનો બંધ થાય, ત્યાં કેવા પ્રકારે લેશ્યાઓમાં આત્મા જોડાય છે અને કેવી રીતે હેરાનગતિ મેળવે તે જણાવ્યું. ત્યાર પછી સાધુનો કયો માર્ગ છે એમ સમજાવી-જણાવી, જીવ-અજીવનું સ્વરૂપ જણાવ્યું છે. તે જણાવી છેલ્લી વાત જણાવી કે જીવે સર્વ કર્મથી રહિત સિદ્ધ થવું જોઈએ. એ રીતે ઉત્તરાધ્યયન સૂત્રની અંદર છત્રીશ અધ્યયનનો અધિકાર પૂરો થાય છે. સાધુના જીવન ઘડતર માટે ઉત્તરાધ્યયન સૂત્ર એ અપૂર્વ વારસો છે.




આ રીતે ચાર મૂળ સૂત્રનો સાર સંપૂર્ણ થયો.

# શ્રીનન્દીસૂત્રનો સંક્ષિપ્ત પરિચય




જિનશાસનમાં આત્માની શક્તિઓના ક્રમિક વિકાસનું ધ્યેય મુખ્ય છે. તે અંગે જરૂરી સાધન તરીકે રત્નત્રયી રૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનું વર્ણન અનુભવી મર્મજ્ઞાનીઓએ કર્યું છે. તેમાં 'દેહલીદીપક' ન્યાયે સમ્યગ્જ્ઞાન જીવનશુદ્ધિ માટે વધુ ઉપયોગી છે.

'જ્ઞાન' એટલે? જાણવું, પણ 'સમ્યક્' એટલે? હેયોપાદેયના નિર્ણયની શક્તિનો વિકાસ એટલે હેયોપાદેયને વ્યવસ્થિત રીતે પારખીને પદાર્થનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન.

આવું જ્ઞાન બુદ્ધિનો ગમે તેટલો વિકાસ કે અક્ષરજ્ઞાન વધ્યું, છતાં આત્મા ઉપરથી મોહના સંસ્કારોનો હ્રાસ ન થાય ત્યાં સુધી મેળવી શકાતું નથી. એ દૃષ્ટિએ મોહના સંસ્કારોનું સંપૂર્ણ વિલીનીકરણ કરવા સાથે જગતનાં જીવો સંપૂર્ણ શાશ્વત સુખી બને એ ઉત્કૃષ્ટ શુભાશયવાળા શ્રીતીર્થંકર પરમાત્માઓએ તીર્થંકર નામ કર્મના ઉદયના બળે કેવળજ્ઞાન પછી સમવસરણમાં બેસીને એકાંત કલ્યાણકર 'ત્રિપદી' દ્વારા દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાન ગણધર ભગવંતો મારફત જગતની સામે રજૂ કર્યું તે જ ખરેખર આત્મશુદ્ધિ માટે અચૂક સાધનરૂપ સમ્યગ્જ્ઞાન છે.

કાળક્રમે શ્રદ્ધા, મેધા, ધારણા, શક્તિ, આદિના હ્રાસના કારણે ઘટતું ઘટતું તે શ્રુત-જ્ઞાન અપાર પણ સમુદ્રની અપેક્ષાએ બિન્દુ તુલ્ય આજે રહ્યું છે.

તેમ છતાં આજે જે છે તેની વીતરાગ પ્રભુની મૌલિક વાણી રૂપ હોઈ વિવેક-બુદ્ધિ જાગૃતિ સાથે આજના ઉપલબ્ધ આગમ સાહિત્યનો પણ ગુરુગમથી અધ્યયન, પરિશીલન કરવામાં આવે તો અનાદિકાલીન વિવિધ વિષય સંસ્કારોની પકડમાંથી જાતને છોડાવી શકાય તેમ છે.

૪૫ આગમરૂપ આગમ સાહિત્યના મહત્ત્વપૂર્ણ **શ્રીનન્દીસૂત્ર**નો ટૂંકમાં પરિચયાત્મક વિચાર કરવાનો છે. આ **શ્રીનન્દીસૂત્ર** મંગલરૂપ છે અને પ્રાથમિક તૈયારીનું આગમ **અનુયોગદ્વાર** સૂત્ર છે.

**શ્રીનન્દીસૂત્ર**-વ્યવહારમાં જોઈએ છીએ કે કોઈ પણ કાર્ય શરૂ કરતાં તેની નિરાબાધ સિદ્ધિ માટે વચ્ચે કોઈ આડ, અંતરાય, વિક્ષેપ ન નડે એ આશયથી સારું મુહૂર્ત, ઈષ્ટદેવનું સ્મરણ, સારા શુકન, મંગલ વસ્તુનું દર્શન કે ભોજન આદિ માંગલિક કરવામાં આવે છે. એ રીતે જગતના સકલ જીવોનાં કર્મોનાં બંધન તૂટે અને બધા જીવો પોતાની શક્તિઓને યોગ્ય રીતે વિકસાવી પરમ પદના ભાગી બને. આ શુભ આશયને બર લાવવા માટે ગણધર ભગવંતો અને શ્રોતાઓના પણ પોતાનાં કર્મનાં બંધનો વ્યવસ્થિત રીતે તૂટે, શાશ્વત આત્મિક આનંદની

શીઘ્ર પ્રાપ્તિ થાય એ આશયથી મંગળરૂપે પંચજ્ઞાન સ્વરૂપ ભાવનંદીરૂપ શ્રેષ્ઠ ભાવમંગળ કરતા હોય છે. તે રૂપે પ્રાચીનકાળની મર્યાદા પ્રમાણે કોઈ પણ આગમની વાચના માટેના પ્રારંભમાં **શ્રીનંદીસૂત્ર** દ્વારા પ્રારંભ થતો અને આજે પણ તે જ રીતે થાય છે.

આ રીતે **શ્રીનંદીસૂત્ર** સકલ આગમોના અધ્યયનાદિના પ્રારંભે મંગળરૂપે અત્યંત જરૂરી-ઉપયોગી છે.

**શ્રીનંદીસૂત્રની સૂત્ર તથા ગાથા અનુસારે માહિતી**

આ **શ્રીનંદીસૂત્ર**માં કુલ ૫૯ સૂત્રો ને ૯૦ ગાથાઓ છે. તેમાં પ્રારંભે ૫૦ ગાથા છે, જેમાં શ્રીસંઘનો મહિમા, ભક્તિ રૂપકોથી દર્શાવી શ્રીતીર્થંકરદેવ **મહાવીર** પ્રભુથી માંડી **દૂષ્યગણિ** સુધીની પટ્ટાવલી જણાવી છે, પછી આગમિક પાઠોના સંદર્ભો, આગમોની વ્યાખ્યા માટે જરૂરી શિષ્ય કેવા? ગુરુ કેવા? પર્ષદા કેવી? વગેરેને લગતી માહિતી મૂકી છે તે પછી જ્ઞાનનું સ્વરૂપ શુરૂ થાય છે.

તેમાં જ્ઞાનમાં પ્રથમ પાંચ ભેદ દર્શાવ્યા છે (સૂ.૧), પછી પ્રત્યક્ષ-પરોક્ષ બે ભેદ બતાવી (સૂ.૨), પ્રત્યક્ષમાં ઇન્દ્રિયપ્રત્યક્ષ નોઇન્દ્રિયપ્રત્યક્ષ બતાવ્યાં (સૂ.૩). ઇન્દ્રિયપ્રત્યક્ષમાં પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન બતાવી (સૂ.૪), નોઇન્દ્રિયપ્રત્યક્ષમાં અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનનું વિગતવાર ખૂબ સુંદર વર્ણન આપ્યું છે (સૂ.૪ થી ૨૩), પછી પરોક્ષજ્ઞાનના આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન બે ભેદ દર્શાવી (સૂ.૨૪), આભિનિબોધિક જ્ઞાનનું સ્વરૂપ અને શ્રુતનિશ્રિતમતિજ્ઞાન, અશ્રુતનિશ્રિતમતિજ્ઞાનના ભેદો અને તેમાં અશ્રુતનિશ્રિતમતિજ્ઞાનમાં ઔપપાતાદિક ચાર બુદ્ધિનું વર્ણન છે (સૂ.૨૫, ૨૬). ચાર બુદ્ધિના વર્ણન પ્રસંગે ટૂંકાં પણ રોચક દૃષ્ટાંતો ઘણાં આપ્યાં છે, તે આ પ્રમાણેઃ-

| | |
|---|---|
| ઔપપાતિકી બુદ્ધિમાં | ૩૯ દૃષ્ટાંતો |
| વૈનયિકી બુદ્ધિમાં | ૧૫ દૃષ્ટાંતો |
| કાર્મિકી બુદ્ધિમાં | ૧૨ દૃષ્ટાંતો |
| પારિણામિકી બુદ્ધિમાં | ૨૧ દૃષ્ટાંતો |
| | કુલ ૮૭ દૃષ્ટાંતો (ગાથા ૬૧થી ૬૫) |

પછી શ્રુતનિશ્રિતમતિજ્ઞાનના અવગ્રહાદિ ૨૮ ભેદોનું ખૂબ જ સુંદર દૃષ્ટાંત સાથે વર્ણન છે. (સૂ.૩૨થી ૩૭).

ત્યાર બાદ શ્રુતજ્ઞાનનું સ્વરૂપ છે, અક્ષરશ્રુત આદિનું વર્ણન માર્મિક રીતે સુંદર છે તેમાં છેલ્લે અંગપ્રવિષ્ટના વર્ણન પ્રસંગે આખી 'દ્વાદશાંગી'ની સવિસ્તર માહિતી ખૂબ જ રોચક છે, દ્વાદશાંગીનો પરિચય ખૂબ સરસ છે. (સૂ.૩૮થી ૫૭).

ખાસઃ- સૂત્ર ૫૭માં **દૃષ્ટિવાદ** (કે જે હાલ વિચ્છેદ છે) તેનો ખૂબ જ સુંદર વિગતવાર પરિચય છે. તેમાં અવાંતર પ્રસંગે સિદ્ધદંડિકા, યુગપ્રધાનગંડિકા આદિ મહત્ત્વની બાબતોનો નિર્દેશ છે.

છેવટે સૂત્ર ૫૯-૬૦માં 'દ્વાદશાંગી'ની આરાધના-વિરાધનાનું ફલ દર્શાવી બુદ્ધિના ગુણો, અનુયોગ કરવાની મહત્તા, પદ્ધતિ આદિ દર્શાવી સમાપ્તિ કરી છે.

એકંદરે જૈન આગમોના પરિચયને મેળવવા તેમ જ કર્મોનાં બંધનથી મુક્તિરૂપ કાર્યની નિર્વિઘ્નતા માટે પાંચ જ્ઞાનના સ્વરૂપવાળું આ **શ્રીનંદિસૂત્ર** આગમ ખૂબ જ સુંદર, હિતકર અને અનેક બાબતોથી પરિપૂર્ણ છે.

જેને ગુરુગમથી વાંચી વિચારી ભવ્ય જીવો આજે પણ આત્મશુદ્ધિ અનુભવી શકે છે.

# શ્રી અનુયોગદ્વારસૂત્રનો સંક્ષિપ્ત પરિચય




જિનેશ્વર ભગવંતોએ જગતના પ્રાણીમાત્રને કલ્યાણની નિઃસીમ કરુણાબુદ્ધિથી "સવિ જીવ કરું શાસન રસી" ભાવનાના ફળસ્વરૂપ તીર્થંકર નામકર્મના ઉદયથી જે હિતકર આત્મકલ્યાણનો માર્ગ ઉપદેશ્યો, તે પૂજ્ય ગણધર ભગવંતોએ પાત્ર જીવોના હિતાર્થે 'દ્વાદશાંગી' રૂપ ગૂંથી શ્રીતીર્થંકર પરમાત્માની આદર્શ ઉપકારિતા સ્પષ્ટ કરી છે.

તે 'દ્વાદશાંગી'ના પદાર્થો કે તેમાં જણાવેલી વિગતોનું રહસ્ય સમજવા માટેની કુંચી ગુરુગમથી પ્રાપ્ત થાય છે. તે વિના શબ્દોના ભળતા અને અપ્રાસંગિક અર્થો ઘણા થતાં હોઈ વિવક્ષા-અપેક્ષાના માપદંડ વિના યથાર્થ રીતે તેનો અર્થ પારખી શકાતો નથી.

વ્યવહારમાં જોઈએ છીએ કે દરેક શાસ્ત્રને પોતાના પારિભાષિક શબ્દો હોય છે. તેની સમજૂતી યોગ્ય રીતે મેળવ્યા વિના ગમે તેટલી પ્રકાંડ બુદ્ધિ ધરાવનારો પણ તે તે શબ્દોમાં માથું મારે તો ગોથું ખાધા વિના ન રહે, પરિણામે તે શાસ્ત્રના અલ્પ પદાર્થોને પણ વિકૃત રૂપ જગત સામે મૂકી તે તે શાસ્ત્રકારોને અન્યાય કરી બેસે છે એટલે 'દ્વાદશાંગી' જૈન આગમોના પારિભાષિક શબ્દોની માહિતી તથા આગમિક વ્યાખ્યા શૈલીના જ્ઞાન વિના આગમોનો પરમાર્થ લાધી ન શકે.

આવી માહિતી અને વ્યાખ્યાની કુંચીઓ જણાવનારી આ સૂત્રની સંકલના પરમોપકારી પૂજ્ય શ્રીપૂર્વધર ભગવંતે કરેલી છે. પંચમ આરામાં હીયમાન બુદ્ધિવાળા જીવોના હિતાર્થે કર્યું છે આ **શ્રીઅનુયોગદ્વાર** સૂત્ર

જેને આજના શબ્દોમાં કહીએ તો

**"આગમ-પ્રાસાદનું" પ્રવેશદ્વાર** અથવા **"આગમોનો માર્ગદર્શક ભોમિયો"** કહી શકાય.

આ આગમના ગુરુગમથી વ્યવસ્થિત જ્ઞાનને મેળવ્યા પછી શાબ્દિક વ્યાખ્યા ભેદના ચક્રાવે જતી બુદ્ધિને માર્મિક રીતે સત્ય તરફ સહેલાઈથી લઈ જઈ શકાય છે.

આ આગમનો **(xઅનુયોગદ્વારનો)** શબ્દાર્થ આ પ્રમાણે થાય છે. 'અનુયોગ=વ્યાખ્યા તેનાં દ્વારો=પ્રકારો તેનું વર્ણન જેમાં છે તે **અનુયોગદ્વારાણિ**

xઆ આગમને 'વ્યાખ્યાગ્રંથ' તરીકે આગમોદ્ધારકશ્રી સંબોધે છે. જુઓ 'શ્રીઆગમપુરુષ'-સંપાદક.

એટલે-અધ્યયન, મનન, પરિશીલન, આગમની વ્યાખ્યા કેવી રીતે કરવી, સમજવી તેની સફળ યુક્તિઓ આ સૂત્ર સમજાવે છે.

આ આગમમાં ૧૫૨ સૂત્ર છે અને ૧૪૨ સૂત્રગાથાઓ છે.

પ્રસ્તુત સૂત્રમાં મુખ્યતાએ આ વિષયોનું વર્ણન છે.

આવશ્યક, શ્રુત, સ્કન્ધ અને અધ્યયનના વિવિધ નિક્ષેપા, અનુયોગના ઉપક્રમાદિ ચાર દ્વાર, તેનું વિવરણ, ઉપક્રમનો અધિકાર આનુપૂર્વિનો અધિકાર, સમાવતારનો અધિકાર, ઉપક્રમ વગેરે તથા અનુગમનો અધિકાર, નામના ૧૦ ભેદ, ઔદયિક આદિ ૬ ભાવો, સપ્તસ્વર, નવ રસ આદિનું સ્વરૂપ, પ્રમાણ અંગુલ, પલ્યોપમ આદિનું વર્ણન, પાંચ પ્રકારનું શરીર, ગર્ભજ મનુષ્યોની સંખ્યા, સપ્તનયનું સ્વરૂપ આદિનું વર્ણન છે.

હવે આપણે સૂત્રક્રમે ટૂંકમાં આ ગ્રંથરત્નને જોઈએઃ

શરૂઆતમાં પાંચ જ્ઞાનનો નામ નિર્દેશ (સૂ.૧)થી શરૂઆત કરીને ઉદેશ, સમુદેશ, અનુજ્ઞા અને અનુયોગની વ્યવસ્થા જણાવી છે. (સૂ.૨થી ૫)

**શ્રીઆવશ્યક**ના ઉદેશાદિની વાત ઉપસ્થિત કરી 'આવશ્યક'ના ચાર નિક્ષેપનો ઉપન્યાસ છે (સૂ.૬-૭) પછી 'નામઆવશ્યક' (સૂ.૮-૯), 'સ્થાપના-આવશ્યક' (સૂ. ૧૦-૧૧)નું સ્વરૂપ જણાવી વિગતવાર 'દ્રવ્ય-આવશ્યક'નું સ્વરૂપ (સૂ.૧૨થી ૨૧) જણાવ્યું છે અને 'ભાવ-આવશ્યક'નું સ્વરૂપ (સૂ.૨૩થી ૨૭) જણાવ્યું છે.

પછી 'આવશ્યક'ના એકાર્થિક શબ્દો જણાવી 'આવશ્યક'નો વાસ્તવિક અર્થ (ગાથા ૩) જણાવેલ છે.

પછી 'શ્રુત'ના નિક્ષેપા અને તેનું સ્વરૂપ (સૂ. ૨૯થી ૪૩) બતાવી શ્રુતના એકાર્થવાચી શબ્દો બતાવ્યા છે (ગાથા ૪)

પછી 'સ્કંધ' પદના નિક્ષેપા અને તેનું સ્વરૂપ (સૂ.૪૪-૫૭) બતાવી, 'સ્કંધ'ના પર્યાય શબ્દો બતાવ્યા છે (ગાથા ૫)

પછી આવશ્યકના છ અર્થાધિકાર અને પિંડાર્થ જણાવી પ્રત્યેક અધ્યયનના અર્થની વાત જણાવી અધ્યયનનાં નામો બતાવ્યા છે પછી અનુયોગના=વ્યાખ્યાના મુખ્ય ચાર ભેદો દર્શાવ્યા છે (સૂ.૫૮-૫૯). બાદ ઉપક્રમ લૌકિક અને શાસ્ત્રીય એમ બે ભેદ કરી, લૌકિક-ઉપક્રમના છ ભેદ બતાવ્યા છે (સૂ.૬૦થી ૬૯), પછી શાસ્ત્રીય-ઉપક્રમના છ ભેદનાં નામ બતાવ્યાં છે. (સૂ.૭૦) પછી આનુપૂર્વિ (સૂ.૭૫-૧૧૯)નું સ્વરૂપ છે. ક્રમે ''નામ (સૂ.૧૨૦થી ૧૩૦)નું સ્વરૂપ છે.

'પ્રમાણ' (સૂ.૧૩૧થી ૧૪૬)નું સ્વરૂપ છે. પછી 'વક્તવ્યતા' (સૂ.૧૪૭), 'અર્થાધિકાર' (સૂ ૧૪૮) અને 'સમવતાર' (સૂ.૧૪૯)નું સ્વરૂપ છે.

પછી 'નિક્ષેપ' નામના અનુયોગના બીજા દ્વારનું વર્ણન (સૂ.૧૫૦) છે. 'અનુગમ' નામના અનુયોગના ત્રીજા દ્વારનું વર્ણન (સૂત્ર ૧૫૧) છે.

'નય' નામના અનુયોગના ચોથા દ્વારનું વર્ણન (સૂત્ર ૧૫૨) આપેલ છે.

આ રીતે **શ્રીઅનુયોગદ્વારસૂત્ર** વિવિધ રીતે આગમિક શૈલીએ વ્યાખ્યા કરવાના ભિન્ન ભિન્ન પ્રકારોનું માર્મિક વર્ણન પૂરું પાડે છે.

અંતમાં લખવાનું કે આગમસૂત્રોનું વાંચન કરતાં પૂર્વે આ ગ્રંથનું અધ્યયન, પરિશીલન કરવાથી આગમની અધ્યયન પદ્ધતિ હસ્તગત થાય છે, જેથી આગમ ગ્રંથોનું અધ્યયન-પરિશીલન ઘણું જ સરસ રીતે થાય છે.

# શ્રીઆગમના નામનિર્દેશ અને તેના વિભાગો

"तित्थंकरे अ तित्थे अतित्थसिद्धे य तित्थसिद्धे य।

सिद्धे जिणे रिसि महरिसि नाणं च वंदामि ॥१॥

## શાસ્ત્રોની શાખ

પરમપૂજ્ય ગણધર ભગવંતાદિ મહર્ષિઓએ **પાક્ષિકસૂત્ર, નંદીસૂત્ર, વિચારસારપ્રકરણ, સિદ્ધાન્ત-આગમ-સ્તવ, વિચાર-રત્નાકર, શ્રીયશોવિજયજી મ. કૃત પિસ્તાલીશ આગમની સજઝાય, પં. વીરવિજયજીકૃત ૪૫ આગમ-પૂજા, શ્રીરૂપવિજયકૃત પિસ્તાલીશ આગમ પૂજા અને શ્રીઆગમરત્નમંજૂષા.** આ બધાના આધારે આગમોના વિભાગોનો વિચાર આની અંદર ચર્ચવાનો છે.

વર્તમાનકાળની અંદર '૪૫' આગમો છે' એમ કહેવાય છે. તેમાં ૧૧-અંગ, ૧૨ ઉપાંગ, ૬ છેદ, ૧૦ પયન્ના, ૪ મૂળ, **નંદીસૂત્ર** અને **અનુયોગદ્વાર.** એ રીતે ૪૫ આગમો છે, પણ પૂર્વકાળનાં મળતાં સાધનો દ્વારા તેનો સંબંધ જોડી અત્રે તેના વિભાગો અમે કરીએ છીએ.

આવશ્યકક્રિયા એ ભગવંતનું શાસન સ્થપાયું ત્યારથી છે જ. **શ્રીમહાવીર** મહારાજનું શાસન સપ્રતિક્રમણ ધર્મવાળું હોવાને લીધે, આ શાસનમાં વૈશાખ સુદ અગિયારસથી જ પ્રતિક્રમણ ચાલ્યું, આથી પ્રતિક્રમણની ક્રિયાને અનુલક્ષીને દૈવસિક-રાત્રિક-પાક્ષિક-ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં જોઈતાં સૂત્રો શ્રીગણધર ભગવંતોના લેવાં જ પડે અર્થાત્ ગણધર ભગવંતોના રચેલાં એમ ગણવું પડે, **શ્રીઆવશ્યકસૂ**ત્રની રચના ગણધર ભગવંતની માનવી જ પડે, આથી **પાક્ષિકસૂત્રની** રચના આવશ્યક ક્રિયાને અનુલક્ષીને હોવાને લીધે ગણધર ભગવંતોની કૃતિ છે એમ માનવું પડે. તે આ **શ્રીપાક્ષિકસૂત્રની** અંદર છેલ્લા ચાર આલાવામાં શ્રુત-જ્ઞાનના ચાર વિભાગો પાડેલાં છે.

## પાક્ષિકસૂત્રના આધારે આગમ વિભાગ

પહેલા આલાવામાં-સામાયિક, ચઉવીસત્થો, વંદન, પડિક્કમણ, કાઉસ્સગ અને પચ્ચક્ખાણ એમ આવશ્યકના છ વિભાગો પાડ્યા છે. બીજા આલાવામાં ઉત્કાલિક, ત્રીજા અલાવામાં કાલિક અને ચોથા અલાવામાં અંગપ્રવિષ્ટ એમ જણાવ્યું છે.

ઉત્કાલિકનાં નામો જણાવતાંઃ- ૧. દર્શવેયાલિય, ૨. કપ્પિયાકપ્પિયં, ૩. ચુલ્લકપ્પસુયં, ૪. મહાકપ્પસુયં, ૫. ઉવવાઈયં, ૬. રાયપસેણિયં, ૭. જીવાભિગમો, ૮. પન્નવણા, ૯. મહાપન્નવણા, ૧૦. નંદી, ૧૧ અનુયોગદારાઈ, ૧૨. દેવિંદત્થઓ, ૧૩. તંદુલવેયાલિયં, ૧૪. ચંડાવિજ્ઝયં, ૧૫. પમાયપ્પમાયં, ૧૬. પોરિસિમંડલં, ૧૭. મંડલપ્પવેસો, ૧૮. ગણિવિજ્જા, ૧૯. વિજ્ઝાચરણવિણિચ્છઓ, ૨૦. ઝાણવિભત્તિ, ૨૧. મરણવિભત્તિ, ૨૨. આયવિસોહિ, ૨૩. સંલેહણાસુયં, ૨૪. વીયરાયસુયં, ૨૫. વિહારકપ્પો, ૨૬. ચરણવિહી, ૨૭. આઉરપચ્ચક્ખાણં અને ૨૮. મહાપચ્ચક્ખાણં. એ બધાંને 'ઉત્કાલિક' જણાવ્યાં છે.

ત્રીજા આલાવામાં 'કાલિક'નાં નામો જણાવતાં:- ૧. ઉત્તરજઝયણાઈ, ૨. દસાઓ, ૩. કપ્પો, ૪. વવહારો, ૫. ઈસિભાસિઆઈ, ૬. નિસીહં, ૭. મહાનિસીહં, ૮. જંબુદીવપન્નત્તિ, ૯. સૂરપન્નત્તિ, ૧૦. ચંદપન્નતિ, ૧૧. દીવસાગરપન્નતિ, ૧૨. ખુડ્ડિયાવિમાણપવિભત્તિ, ૧૩. મહલ્લિઆવિમાણપવિભત્તિ, ૧૪. અંગચૂલિઆએ, ૧૫. વગ્ગચૂલિઆએ, ૧૬. વિવાહચૂલિઆએ, ૧૭. અરુણોવવાએ, ૧૮. વરુણોવવાએ, ૧૯. ગરુલોવવાએ, ૨૦. વેસમણોવવાએ, ૨૧. વેલંધરોવવાએ, ૨૨. દેવિંદોવવાએ, ૨૩. ઉટ્ઠાણસુએ, ૨૪. સમુટ્ઠાણસુએ, ૨૫. નાગપરિઆવલિઆણં, ૨૬. નિરિયાવલિયાણં, ૨૭. કપ્પિઆણં, ૨૮. કપ્પવડિંસયાણં, ૨૯. પુપ્ફિઆણં, ૩૦. પુપ્ફલચૂલિઆણં, ૩૧. વહ્નિદસાણં, ૩૨. આસીવિસભાવણાણં, ૩૩. દિટ્ઠિવિસભાવણાણં, ૩૪. ચારણસુમિણભાવણાણં, ૩૫. મહાસુમિણભાવણાણં અને ૩૬. તેઅગ્ગિનિસગ્ગાણં. આમ 'કાલિકમાં' નામો નિર્દેશ કર્યા છે.

ચોથા આલાવામાં-દુવાલસ અંગ ગણિપીટકનાં નામો નિર્દેશ કરતાં:- ૧. આયારો, ૨. સુયગડો, ૩. ઠાણં, ૪. સમવાઓ, ૫. વિવાહપન્નત્તિ, ૬. નાયાધમ્મકહાઓ, ૭. ઉવાસગદસાઓ, ૮. અંતગડદસાઓ, ૯. અનુત્તરોવવાઈદસાઓ, ૧૦. પણ્હાવાગરણં, ૧૧. વિવાગસૂયં અને ૧૨. દિટ્ઠિવાઓ. એમ બાર ભેદ જણાવ્યા છે.

આ રીતે **શ્રીપાક્ષિકસૂત્રમાં,** આવશ્યક (૧) ઉત્કાલિક (૨૮), કાલિક (૩૬) અને ગણિપીટક (૧૨). આ રીતે ૭૭ આગમનાં નામોનો નિર્દેશ કર્યો છે.

## શ્રીનંદીસૂત્રના આધારે વિભાગો

**શ્રીનંદીસૂત્રમાં** પાંચ જ્ઞાનના વિચારમાં શ્રુતજ્ઞાનનો વિચાર કરવા બેસીએ ત્યારે શરૂઆતમાં શ્રુતજ્ઞાનના ૧૪ વિભાગ પાડ્યા. તેમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય વિભાગ પાડ્યા. તેમાં અંગબાહ્યમાં **આવશ્યક** અને **આવશ્યક**-વ્યતિરિક્ત વિભાગ પાડ્યો. **આવશ્યક**નાં છ અધ્યયનો લઈને **આવશ્યક-વ્યતિરિક્ત**માં 'કાલિક' અને 'ઉત્કાલિક' વિભાગો પાડ્યા. 'ઉત્કાલિક'માં **દશવૈકાલિક** વગેરે ૨૯ ભેદ જણાવ્યા અને 'કાલિક'માં **ઉત્તરાધ્યયન** વગેરે ૩૬ ભેદ જણાવ્યા તેમ જ તે જણાવતાં તેમાં જણાવ્યું છે કે **શ્રીમહાવીર** મહારાજના ચૌદ હજાર શિષ્યોને આશ્રીને ચૌદ હજાર પયન્ના અને અંગપ્રવિષ્ટમાં 'દ્વાદશાંગ'ને જણાવ્યું. આ રીતે તેમાં આગમોના વિભાગ પાડ્યા છે.

## નંદીસૂત્ર અને પાક્ષિકસૂત્રનો સમન્વય

**નંદીસૂત્ર**માં 'ઉત્કાલિક'માં **સુરપન્નત્તિ** લીધી છે, પણ **પાક્ષિકસૂત્ર**માં **સુરપન્નત્તિ**ને 'કાલિક'માં લઈ ગયાં છે. **આસિવીસભાયણા** વગેરે પાંચને **પાક્ષિકસૂત્ર**માં લીધાં છે, પણ **નંદીસૂત્ર**માં લીધા નથી તેમ જ **ધરણોવવાએ નંદીસૂત્ર**માં 'કાલિક'માં લીધું છે, પણ તે **પાક્ષિકસૂત્ર**માં લીધું નથી એટલે (૧) આવશ્યક, (૨૯) ઉત્કાલિક, (૩૧) કાલિક અને (૧૨) અંગપ્રવિષ્ટ એમ ૭૩ ભેદ ઉપરાંત ચૌદ હજાર પયન્ના એમ **નંદીસૂત્ર**ના હિસાબે આગમના વિભાગો પાડે છે.

## શ્રીસિદ્ધાન્ત આગમસ્તવના આધારે વિભાગ

શ્રીજિનપ્રભસૂરિજી **સિદ્ધાન્ત-આગમસ્તવ**ની અંદર-આવશ્યક, વિશેષાવશ્યક, દશવૈકાલિક, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, નંદી, અનુયોગદ્વાર, ઋષિભાષિત, આચારાંગ, સૂત્રકૃતાંગ ૧૦, ઠાણાંગ, વિવાહપન્નત્તિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા. અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત, ઔપપાતિક, રાજપ્રશ્નીય ૨૦. જીવાભિગમ પ્રજ્ઞાપના, જંબુદ્વીપ-પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, નિર્યાવલિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા, વન્હિદશા, મરણસમાધિ ૩૦, પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, આતુરપ્રત્યાખ્યાન, સંસ્તારક, ચંદ્રાવેધક, ભક્તપરિજ્ઞા, ચતુઃશરણ, વીરસ્તવ, દેવેન્દ્રસ્તવ, ગચ્છાચાર ૪૦, ગણિવિજ્જા, દીવસાગર-પન્નત્તિ, તંદુલવૈચારિક, નિશીથ, દશાશ્રુતસ્કંધ ૪૫, પંચકલ્પ, જીતકલ્પ, મહાનિશીથ, દૃષ્ટિવાદ અને અંગવિદ્યા ૫૦. એવી રીતે આગમની સ્તવના કરે છે, પણ તેમના સમયમાં ૪૫ આગમોની કોઈ નિયતતા દેખાતી નથી.

## કાળબળનું પરિણામ

કાળબળ અને ધૃતિબળની હાનિ થતાં પિસ્તાલીશ આગમો એમ જણાવ્યું હોય અને થોડા ઘણા છુટાછવાયા પયન્ના પણ લીધા હોય એવું યોગવિધિઓ ઉપરથી જણાય છે. વર્તમાનકાળમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ, ૪ મૂળ, નંદી અને અનુયોગ એમ ૪૫ની ગણતરી ગણાતી આવી છે. યોગવિધિમાં અર્થાત્ સામાચારીમાં ૪૫થી અધિક નામ આપ્યાં હશે, પણ અહીંયાં ૧૪મી સદીની પહેલાંથી ૪૫ની માન્યતા હોય તેવું દેખાય છે, કારણ કે તે અમુક અમુક દીર્ઘકાલ રહેવાનાં હોય તે સિવાયના પણ બીજા પયન્ના આદિ અત્યારે વિચાર કરતાં મળે છે, પણ વિભાગીકરણમાં **'૪૫'**ના વિભાગો દેખાય છે.

## વિચારસારપ્રકરણના આધારે વિભાગ

ચૌદમી સદીમાં થયેલ શ્રીમાન્ પ્રદ્યુમ્નસૂરિમહારાજ ૪૫ આગમોનાં નામ નિર્દેશ કરતાં **આચારાંગથી** ૧૧ અંગ જણાવે છે અને ૧૨ ઉપાંગનાં નામો આપ્યાં છે. ઉપાંગ વગેરેનો ભેદ પાડ્યો છે. પયન્ના વગેરે જુદા વિભાગ તરીકે બોલતાં હોય તેમ લાગતું નથી. ઉપાંગનાં નામો આ પ્રમાણે છેઃ- રાજ, જીવા, પ્રજ્ઞા, ચંદ્ર, સૂર્ય, જંબુદ્વીપ, નિરયા, કપ્પિયા, પુપ્ફિયા, પુપ્ફચૂલિયા અને વણ્હિદસા. મતાંતરે 'દીપ-સાગર-પન્નત્તિ' કહી છે. આ રીતે બાર ઉપાંગ જણાવ્યાં છે. કલ્પ, નિશીથ, દશાશ્રુતસ્કંધ, વ્યવહાર, ઉત્તરાધ્યયન, રૂષિભાષિત, દશવૈકાલિક, આવશ્યક, અંગવિદ્યા, તંદુલવૈચારિક, ચંદ્રાવેજ્ઝક, ગણિવિદ્યા, નિરયવિભત્તિ, આઉરપચ્ચક્ખાણં, ગણધરવલંય, દેવેન્દ્રનરકેન્દ્રં, મરણવિભક્તિ, ઝાણવિભક્તિ, પાક્ષિક, નંદી, અનુયોગદ્વાર અને દેવેન્દ્રસ્તવ. એ રીતે ૪૫ આગમો જણાવીને પંચકલ્પ, જીતકલ્પ અને ઓઘનિર્યુક્તિનો નિર્દેશ કર્યો છે, એથી અંગ અને ઉપાંગનો વિભાગ વ્યવસ્થિત કહી શકાય, પણ છેદ આદિનો વિભાગ ભિન્ન પાડવો જરા કઠિન પડે તેમ છે અર્થાત્ **વિચારસારપ્રકરણ** પરથી છેદ આદિ સહેજ વિભાગ પાડી શકાય તેમ નથી.

## શ્રી વિચારરત્નાકરથી વિચાર

સં.૧૬૯૦માં થયેલા પૂ. ઉપાધ્યાય **શ્રીકીર્તિ**વિજયજી મહારાજે **વિચારરત્નાકરની** અંદર

આગમો અંગે કંઈક વાતો બોલતાં અગિયાર અંગની વાત લીધી છે. બાર ઉપાંગની વાત લીધી છે. એમાં બાર 'ઉપાંગો' ઉપપાતિકથી માંડી વહ્નિદશા સુધીનાં લીધાં છે, પછી નંદી, અનુયોગ પિંડનિર્યુક્તિ સિવાયનાં આવશ્યક આદિ 'ચારમૂળ' છેદ સૂત્રોમાં જીતકલ્પ સિવાય નિશીથ આદિ છ છેદ, પયન્નામાં ચતુઃશરણ, આરાધન-પતાકા, તંદુલ-વૈચારિક, ભક્ત-પરિજ્ઞા, ગચ્છાચાર એ રીતે આગમોનો અધિકાર તેમાં જણાવ્યો છે. એટલે દશ પયન્નામાં અમુક પયન્ના સિવાય એમણે લીધા છે.

## પિસ્તાલીશ આગમ સજઝાય

સં.૧૭૧૮થી સં. ૧૭૪૩માં થયેલા પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિયજી મહારાજ ૪૫ આગમોના વિભાગો સ્પષ્ટ પાડી બતાવ્યા છે. તેઓશ્રીએ **૪૫ આગમની સજઝાયમાં** આચારાંગ વગેરે અગિયાર અંગ, 'ઉવવાઈ' વગેરે બાર ઉપાંગ, જીતકલ્પ સિવાયના છ 'છેદ', 'ચતુ:શરણાદિ દશપયન્ના'. નંદી, અનુયોગ, પિંડનિર્યુક્તિ, સિવાય ચાર 'મૂળ' એમ ૪૫ આગમનાં નામોનો ઉલ્લેખ કર્યો છે.

અત્રે એક વાત ચોક્કસ છે કે **"વિચાર-સાર"** પ્રકરણનાકર્તા **શ્રીપ્રદ્યુમ્નસૂરિજી**ના સમયથી અંગ, ઉપાંગ, પયન્ના વગેરે થઈને ૪૫ આગમની માન્યતા રૂઢ થયેલી છે, પણ સંપૂર્ણપણે વ્યવસ્થિત વિભાગોના માટે ખાસ સંપૂર્ણ ઉલ્લેખ ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજથી દેખાય છે. (આમ મળેલા પુરાવાના આધારે જો વિભક્ત ભાગ દેખાતો હોય તો ઉપાધ્યાયજી) મહારાજથી દેખાય છે.

## શ્રી વીરવિજયમહારાજ કૃત પૂજા

સંવત ૧૮૮૧માં રચાયેલી શ્રીવીરવિજયજી મહારાજ કૃત **૪૫ આગમની પૂજામાં** અંગ, ઉપાંગ વગેરે ભેદો પાડેલા છે. તેમાં આચારાંગ વગેરે ૧૧ અંગો અને 'ઉવવાઈ' વગેરે ૧૨ ઉપાંગો 'ચતુઃ શરણાદિ' દશપયન્ના, છેદ સૂત્રોમાં 'નિશીથ' આદિ છ લીધાં, તેમાં 'જીતકલ્પ' અને 'પંચકલ્પ' બંને લેતાં 'કલ્પ'નો નિર્દેશ કર્યો નથી અને છ ગણાવ્યાં છે. 'મૂળની અંદર 'પિંડનિર્યુક્તિ'' નહીં લેતા 'ઓઘનિર્યુક્તિ' લઈને ચાર ગણવ્યાં છે અને 'નંદી અનુયોગ' લેવા સાથે ૪૫ ગણાવ્યાં છે.

## શ્રીરૂપવિજય મહારાજ કૃત પૂજા

સંવત-૧૮૮૫માં શ્રીરૂપવિજયજી મહારાજે **પિસ્તાલીશ આગમની પૂજા** રચી છે. તેમાં **શ્રીવીર**વિજયજી મહારાજની માફક જ ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના જણાવ્યા છે. છ છેદની અંદર 'પંચકલ્પ'ના બદલે 'બૃહત્કલ્પ' લઈને છ લીધા છે. ચાર મૂળની અંદર 'ઓઘનિર્યુક્તિ'ના બદલે 'પિંડનિર્યુક્તિ' લીધી છે તથા 'નંદી' અને 'અનુયોગ' એમ ૪૫ આગમ જણાવ્યાં છે.

શ્રીવીરવિજયજી મ.ની અષ્ટપ્રકારી પૂજામાં ૪૫ આગમનો વિભાગ આઠ પૂજામાં સમાવી દીધો છે, પણ શ્રી રૂપવિજયજી મહારાજે અંગ, ઉપાંગ એમ લઈને ૪૫ આગમની ૪૫ પૂજાઓ એટલે દરેક આગમની જુદી જુદી એકેક પૂજા લીધી છે. ક્રમની અંદર **વીર**વિજયજી મ. કરતાં રૂપવિજયજી મહારાજની પૂજામાં પયન્ના વગેરેમાં થોડો ભેદ પાડે છે.

**શ્રીસમવયાંગ** અને **કર્મગ્રંથમાં** 'દ્વાદશાંગી'ની વાત આવે છે, પણ બધી ૪૫ આગમની વાતો તેમાં આ રીતે આવતી નથી.

આ રીતે ઉપર વર્ણવ્યા તે રીતના બધાએ ગ્રંથો વગેરેનું મંથન કરીને ધ્યાનસ્થ સ્વર્ગગત આગમોદ્ધારક આચાર્ય **શ્રીઆનંદસાગરસૂરિશ્વરજી** મહારાજે શ્રીવર્ધમાન જૈન આગમ મંદિરમાં શીલાઓમાં આગમો કોરાવવા માટે નિર્ણય કરીને છપાવતાં ૧૧ અંગો, ૧૨ ઉપાંગો તો જે પ્રમાણે ઉપર વર્ણવ્યાં તે પ્રમાણે લીધા, પણ છ છેદની અંદર જીતકલ્પના પેટા વિભાગમાં પંચકલ્પ લઈ લીધું છે, ચાર મૂળની અંદર આવશ્યકના પેટા વિભાગમાં ઓઘનિર્યુક્તિ લઈ લીધી અને પિંડનિર્યુક્તિ સાથે ચાર જ ગણ્યાં, દશ પયન્નાના ક્રમમાં કોઈ કોઈ સ્થાનમાં કોઈક કોઈક જુદા લેવાયા છે, પણ આમાં તો ચતુઃશરણ' આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન ભક્તિપરિજ્ઞા, તંદુલવૈચારિક, સંસ્તારક, ગચ્છાચાર, ગણિવિદ્યા, દેવેન્દ્રસ્તવ અને મરણસમાધિ એમ ૧૦ પયન્ના લીધા છે તેમ જ નંદીસૂત્ર ને અનુયોગદ્વાર બે લેતાં ૪૫ આગમો લીધા છે.

શ્રીવર્ધમાન-જૈન-આગમ-મંદિર, પાલિતાણાની અંદર ઉપર જણાવેલા ૪૫ આગમો શિલામાં લેવાયા છે. એવી જ રીતે **શ્રીઆગમરત્નમંજૂષામાં** એકેક શિલાના ચાર-ચાર પાનાંના હિસાબે તે લેવાયાં છે એટલે શિલામાં **૩૩૫મી** શીલાના ૧/૪ ભાગે **૪૫ આગમો** પ્રશસ્તિ સહિત પૂરા થાય છે અને તેના એક શિલાનાં ચાર પાનાંના હિસાબે ૧૩૩૭ પાનાંએ છાપેલાં પિસ્તાલીશ આગમો પ્રશસ્તિ સાથે પૂર્ણ થાય છે. આની જ ઉપરથી શ્રવર્ધમાનજૈનતામ્રપત્ર આગમમંદિર, સુરતમાં તામ્રપત્રમાં ૩૩૫ શિલાના ૧/૪ ભાગે બધાંએ આગમો લેવાયા છે.

**શ્રીઆગમરત્નમંજૂષાના** આધારે અમદાવાદ-વાડજમાં **બુધાભાઈ** ટ્રસ્ટમાં ૪૫ આગમો તામ્રપત્રમાં કોતરાવીને 'દયામંદિર'માં સ્થાપન કરવામાં આવ્યાં છે.

## ઉપસંહાર

અનુયોગદ્વાર સૂ.૪૨, ટીકા પ.૪૮, નંદી ટીકા (મલ) પ.૨૦૩, સ્થા. ટીકા પ.૩, પ.૫૧, સમ. સૂત્ર પ.૧, સમ ટી.પ.૧૦૭, ટી.પ. ૧૫૯, ભગ. સૂ. ૬૮૩, પ.૭૯૨, ટી.પ. ૭૯૩, ઉત્ત. પ.૫૧૪, તત્ત્વા. હરિ. પૃ.૭૨, નંદી. ચૂ.પૃ, ૪૭, નંદી. ટી.હારિ. પૃ, ૮૨, પૃ.૯૦, અનુયોગ ટી.મલ્લ. પ.૩૮, વગેરેમાં **દ્વાદશાંગની, પ્રવચનપુરુષની, શ્રુતપુરુષની, આગમપુરુષની** વાત આવે છે, પણ ઉપાંગ, પયન્ના, છેદ, મૂળ, નંદિ અને અનુયોગનો વિભાગ પૂર્વે જણાવ્યો તેવી રીતે તે બધામાં પ્રાયઃ દેખાતો નથી, તેથી ઉપા.યશોવિજયજી મહારાજ વગેરેએ પાડેલા વિભાગોને અનુલક્ષીને અત્રે પિસ્તાલીશ આગમ એમ જે જણાવ્યું છે તે ઉપરના આધારોએ જણાવ્યું છે.

**સમાચારીમાં યોગવિધિમાં** અંગ, ઉપાંગનો વિભાગ તો બરોબર છે, પણ ત્યાં છેદ આદિ વિભાગની ખાસ આવશ્યકતા ન હોવાને લીધે તે જાતની તેમ જ 'મૂળ' આદિ સંજ્ઞા ન હોય તે સ્વાભાવિક છે. તેમાં **યોગવિધિમાં** છેદસૂત્રમાંના કોઈકને સૂત્રને પયન્નામાં પણ લેવાયાં છે, પણ તે વાતને અત્રે લેવામાં આવી નથી.

# પ્રકાશનના શંબલદાતા

૧. પૂ. સાગરજી મ.ના સમુદાયનાં પૂ. સ્વ. સાધ્વીજી ચેલાણાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. હિરણ્યપ્રભાશ્રીજી મ. સા.ના ઉપદેશથી ભકતજન તરફથી
૨. ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ હ/પદ્માવતીબહેન મનુભાઈ ઝવેરી (શંખલપુરવાળા) પદ્માવતીબહેનના ૬૩મા જન્મદિન નિમિત્તે
૩. પરમ પૂજ્ય સાધ્વીજી અર્ચિત ગુણાશ્રીજી સાધ્વીજી મ.સા.અર્પિત ગુણાશ્રીજીની પ્રેરણાથી
૪. કૈલાસબહેન જિતેન્દ્રકુમાર શાહ, જિતેન્દ્રકુમાર ચંદુલાલ શાહ (પાટણવાળા) હ/-જિજ્ઞેશભાઈ, કમલેશભાઈ જયેશભાઈ (ઝવેરાત ગ્રુપ) પૌત્રૌ હર્ષ, રોનીત, ધૈર્ય, યશ્વી
૫. પૂ. પુષ્પ સુમન પરિવારનાં પૂ. સા. શુભોદયાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી મીનાક્ષીબહેન મહેન્દ્રભાઈ ઝવેરી મુંબઈ તરફથી
૬. શ્રીમતી પ્રવીણાબહેન મહેન્દ્રકુમાર મોહનલાલ શાહ પરિવાર (ગઢ પાલનપુર વાળા)
૭. કલાબહેન નિરંજનભાઈ શાહ (ભાવનગરવાળા)
૮. યોગનિષ્ઠ આ.ભ.પ.પૂ. કેસરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પ્રવર્તમાન ગચ્છાધિપતિ હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના.આજ્ઞાવર્તિની સાધ્વીજી મ.સા.ની શિષ્યા કલ્પલતાશ્રીજીની પ્રેરણાથી
૯. કિરણબહેન હેમેન્દ્ર હીરાચંદ શાહ (યુ.એસ.એ.)
૧૦. પૂ. વરધર્માશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ.સા. જિનધર્માશ્રીજી મ.સા.ની નિશ્રામાં આગમમંદિર જંબુદ્વીપ ચાતુર્માસિક આરાધક બહેનો દ્વારા બોલાયેલી બોલીમાંથી
૧૧. પ.પૂ. આત્મજયાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી વિશાનિમા ધર્મશાળાના હોલમાં થયેલ આરાધના નિમિત્તે આરાધક બહેનો તરફથી
૧૨. શ્રીમતી ભગવતીબહેન કંચનલાલ ગભરુચંદ શાહ (ચાણસ્માવાળા)
૧૩. પ.પૂ. ગુલાબશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પ.પૂ. નિરુપમાશ્રીજી મ.સા.નાં નિશ્રાવર્તી પૂ. કલ્પગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
૧૪. પૂ.શ્રી મતિચન્દ્રસાગર મહારાજની પ્રેરણાથી સ્વ.સૌ. ઉર્મિલાબહેન ચંદ્રકાન્ત ગૌર
૧૫. જીવંતિકાબહેન સાંકળચંદ ડાહ્યાલાલ ચૂડગર
૧૬. મુનિશ્રી તારકચંદ્રસાગરજી મ.સા. તથા સા.તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી છોટાલાલ સુરચંદ્ર શાહ (ઊંઝા.)
૧૭. પ.પૂ.કલાપ્રભસૂરિ મ.સા.ની પ્રેરણાથી માતુશ્રી જેવંતીબહેન ચુનીલાલ સંઘવી (સોતલપુરવાળા, હાલ નવસારી)
૧૮. પ.પૂ. ગુણોદયશ્રીજી મ.સા.નાં શિષ્યા પ.પૂ.લક્ષિતજ્ઞાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. કલ્પપૂર્ણાશ્રીજી મ. તથા પૂ. ચિદરતાશ્રીજી મ.ની પ્રેરણાથી, શ્રી આદિનાથ જૈન સંઘ, જય જિનેન્દ્ર એપા., મદ્રાસ.
૧૯. કંચનબહેન કસ્તૂરચંદ શાહ (લાતુર)
૨૦. શાંતિભાઈ કાંતાબહેન વિનયચંદ્ર દોશી હ.નિરંજનભાઈ શાન્તિલાલ પરિવાર (રાધનપુર)
૨૧. શા. આઈદાનમલજી ભીમાજી હ. કુન્દનમલ (કલ્યાણ)
૨૨. પ.પૂ.આ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તી સા.શ્રી સ્નેહલતાશ્રીજી મ.ની પ્રેરણાથી રતલામ નિવાસી શાન્તાદેવી મોતીલાલ ભટેવરા.
૨૩ પૂ. ભક્તિસૂરિ. મ.ના સમુદાયિની સાધ્વી પ્રવર્તિની શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ની આશિષથી સાધ્વી શ્રી અભિસ્સા શ્રીજી મ. તથા સિદ્ધિપૂર્ણશ્રીજી મ.ની પ્રેરણાથી

# આગમોની સજ્ઝાય

આગમ-મંદિરમાં થયેલ આગમ-પરિચયવાચનાના અવસરે બાલમુનિ મનકચંદ્રસાગરજીની વિનંતિથી પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરસૂરિજીએ ૪૫ આગમની સજ્ઝાયની રચના કરેલી, જેને કંઠસ્થ કરી બાલમુનિએ વિશાળ સભા વચ્ચે ગાઈ સંભળાવેલી તે સજ્ઝાય આ રહી.

આચારાંગે સૂયગડાંગે, સ્થાનાંગે સમવાયે વળી,
ભગવતીને જ્ઞાતા સૂત્રે, ઉપાસક દશાંગે મહી ॥૧॥
અંતગડને અનુત્તરોપ - પાતિગને દશાંગે મહી,
પ્રશ્નવ્યાકરણને વિપાકે, વાણી અગિયાર અંગ તણી ॥૨॥
ઔપપાતિકને રાયપસેણી, જીવાભિગમપન્નવણા
સૂર્ય ચંદ્ર જંબુ પ્રજ્ઞપ્તિ, નિરયાવલિ કપ્પવડીંસયા ॥૩॥
પુષ્ફિયાને વળી પુપ્ફચુલિઆ, બારમુ જાણો વન્હિ દશા,
એ બારે ઉપાંગો ભાખ્યા, ભણતા સુણતા શુભ દશા ॥૪॥
ચઉશરણ આઉરની સાથે, પ્રત્યાખ્યાન ત્રીજું કહ્યું,
ભક્ત પરીજ્ઞા ચોથું તંદુલ - વૈચારીક સંથારે મળ્યું ॥૫॥
ગચ્છાચારને ગણીવિજ્જા છે, દેવેન્દ્ર મરણ સમાધિ કરે,
એ દશ છે પયન્ના આગમ, આતમનો ઉદ્ધાર કરે ॥૬॥
છ છેદોમાં પહેલું નિશીથ, માહાનિશીથને વ્યવહારો,
ચોથું જીત ને બૃહતકલ્પ છે, છઠ્ઠું દશા શ્રુતસ્કંધ વરો ॥૭॥
આવશ્યકને પિંડનીર્યુક્તિ, દશવૈકાલીકનિત્ય સ્મરો,
ઉતરાધ્યન એ ચારે અંગો, મુલ નામે ઓળખ કરો ॥૮॥
પિસ્તાલીશમાં છેલ્લા બે છે, નંદી અનુયોગ દ્વાર વળી,
આગમપુજો બહુવિધ રંગે(કળશ), વંદો સહુએ લળી લળી ॥૯॥
ઈમસકલ વિશ્વ આધાર સમ, જિનવાણીને જેણે ભજી,
સ વિ દુરિત મોહ સંસાર તાપની આપદા તેણે તજી,
શ્રી બાલમુનિ મનક કાજે સજ્ઝાય આગમનામની,
શ્રી હેમચંદ્રસાગરસૂરીએ રચી એ શિવગતિ ગામિની ॥૧૦॥

જાણે વિ.સં. ૨૦૨૨ના વર્ષમાં વિરાટ પ્રતિમા ભરાવવાનું સેવેલું સ્વપ્ન અયોધ્યાપુરમ્ તીર્થના જાજરમાન જિનાલયમાં સાકાર પામતું દેખી પૂજ્ય પંન્યાસ ગુરુદેવ શ્રી અભયસાગરજી મ.નું મુખારવિંદ મરક મરક મુસ્કુરાઈ રહ્યું છે!



